ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
સસક / 1013 / 175 / છ, તા. 3-4-2013 - થી મંજૂર

# સંસ્કૃત

## ધોરણ 9

**प्रतिज्ञापत्रम्**

भारतं मम देशः ।
सर्वे भारतीयाः मम भ्रातरः भगिन्यः च सन्ति ।
मम मानसे देशस्पृहा अस्ति । समृद्धिसहितं
विविधतापरिपूर्णं तस्य संस्कृतिगौरवम् अनुभवामि ।
अहं सदा तत्पात्रं भवितुं यत्नं करिष्यामि ।
अहं मम पितरौ आचार्यान् गुरुजनान् च प्रति
आदरभावं धारयिष्यामि ।
प्रत्येकेन सह शिष्टव्यवहारं च करिष्यामि ।
अहं मम देशाय देशबान्धवेभ्यः च मम निष्ठाम् अर्पयामि ।
तेषां कल्याणे समृद्धौ च एव मम सुखम् अस्ति ।

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

શ્રી સુરેશ જે. દવે

**લેખન-સંપાદન**

ડૉ. કમલેશ સી. ચોકસી (કન્વીનર)
ડૉ. મનસુખ કે. મોલિયા
ડૉ. મોહિની ડી. આચાર્ય
શ્રી પૂર્ણિમા એલ. દવે
શ્રી મહારુદ્ર કે. શર્મા
શ્રી સ્મિતાબહેન બી. જોષી

**સમીક્ષા**

ડૉ. શાન્તિકુમાર એમ. પંડ્યા
ડૉ. પ્રવીણાબહેન એન. ઠક્કર
ડૉ. મહેશકુમાર એ. પટેલ
ડૉ. લલિતભાઈ પટેલ
શ્રી નરેન્દ્રભાઈ રાવલ
શ્રી શૈલેષકુમાર આર. પંડ્યા
શ્રી મહેશભાઈ બી. જોષી
શ્રી મિહિર પી. ઉપાધ્યાય
શ્રી યોગેશકુમાર એમ. ગોરાને
શ્રી હર્ષલ એસ. દવે
શ્રી ધર્મેન્દ્રકુમાર પી. પટેલ
શ્રી અજિતકુમાર એમ. ભાલૈયા
શ્રી મયૂરકુમાર દવે

**ચિત્રાંકન**

શ્રી અંકુર સૂચક

**સંયોજન**

ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-આયોજન**

શ્રી હરેન પી. શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન.સી.ઈ.આર.ટી. તેમજ NCF-2005 અંતર્ગત નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, તેમજ શિક્ષણ-પ્રક્રિયામાં પરિવર્તન લાવવું જરૂરી બન્યું છે. તે અનુસંધાનમાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે અભ્યાસક્રમ તૈયાર કર્યો છે. ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 9**ના **સંસ્કૃત** વિષયના અભ્યાસક્રમને આધારે પ્રસ્તુત પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકમાં સંસ્કૃતના ભાષાકીય, સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક વૈવિધ્યને લક્ષ્યમાં લીધેલું છે. જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ કેટલાંક સંપાદન તેમજ સ્વતંત્ર પાઠની સંરચના કરવામાં આવી છે. સંસ્કૃત સંભાષણનાં પાસાંને આવરી લેવાયાં છે. સંસ્કૃત ભાષાનો સઘન પરિચય થાય તે માટે સઘળાં પદોની વિસ્તૃત સમજૂતી અપાઈ છે. સંસ્કૃત સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને અહીં પ્રતિનિધિત્વ અપાયું છે. પ્રસ્તુત પાઠ્યપુસ્તક દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચારશક્તિ અને તર્કશક્તિ વિકસે અને તે દ્વારા સર્વાંગી વિકાસ થાય તેમજ અધ્યયન-અધ્યાપન-પ્રક્રિયામાં મદદરૂપ થાય તે રીતે પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં એની હસ્તપ્રતની આ સ્તરે અધ્યાપનકાર્ય કરતા શિક્ષકો અને વિષયના તજ્જ્ઞો દ્વારા વિવિધ દૃષ્ટિકોણથી સમીક્ષા કરાવવામાં આવેલી છે. શિક્ષકો તથા તજ્જ્ઞોનાં યોગ્ય સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારા-વધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તકની સંરચના કરવામાં જેમણે અથાગ પ્રયત્નો કર્યા છે અને સંપૂર્ણ સહકાર આપ્યો છે, તે સૌના યોગદાનની અત્રે નોંધ લઈએ છીએ.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક
તા. : 04-11-2019

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2013, પુનર્મુદ્રણ : 2013, 2014, 2016, 2017, 2018, 2019, 2020

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# अनुक्रमणिका


| | | |
|---|---|---|
| 1. | समर्चनम् | 1 |
| 2. | कुलस्य आचारः | 5 |
| 3. | परं निधानम् | 9 |
| 4. | वलभी विद्यास्थानम् | 14 |
| 5. | सुभाषितवैभवः | 18 |
| 6. | सर्वं चारुतरं वसन्ते | 21 |
| 7. | संहतिः कार्यसाधिका | 24 |
| 8. | काषायाणां कोऽपराधः | 29 |
| 9. | उपकारहतस्तु कर्तव्यः | 34 |
| 10. | दौवारिकस्य सेवानिष्ठा | 38 |
| 11. | वेदितव्यानि मित्राणि | 43 |
| 12. | सुभाषित-सप्तकम् | 47 |
| 13. | दिष्ट्या गोग्रहणं स्वन्तम् | 50 |
| 14. | हनुमद्वर्णितरामवृत्तान्तः | 56 |
| 15. | सुदुर्लभा सर्वमनोरमा वाणी | 60 |
| 16. | अजेयः स भविष्यति | 64 |
| 17. | आचार्यः चरकः | 67 |
| 18. | बिलस्य वाणी न कदापि मे श्रुता | 71 |
| 19. | विनोदपद्यानि | 75 |
| 20. | संस्कृतभाषायाः वैशिष्ट्यम् | 79 |
| • | अभ्यास 1 : पुनरावर्तनम् | 84 |
| • | अभ्यास 2 : कारक-विभक्तिपरिचयः | 86 |
| • | अभ्यास 3 : क्रियापदानि | 97 |
| • | अभ्यास 4 : कृदन्तपदानि | 107 |
| • | अभ्यास 5 : समास-परिचयः | 110 |
| • | अभ्यास 6 : सन्धिः | 113 |
| • | अभ्यास 7 : अव्ययपदानि | 115 |

# 1. समर्चनम्

[વેદો ભારતના પ્રાચીન સમાજ અને ધર્મના આધારભૂત ગ્રંથો છે. વેદ ચાર છે - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. વેદમાં આવતાં વચનોને મન્ત્ર કહે છે. વેદમન્ત્રોમાં ક્યારેક સ્તુતિ કરવામાં આવી છે, તો ક્યારેક પ્રાર્થના. ક્યારેક કોઈનું વર્ણન છે, તો ક્યારેક કોઈ તત્ત્વજ્ઞાનની ગૂઢ વાત. પ્રસ્તુત પાઠમાં સ્તુતિ, પ્રાર્થના અને પૂજન-નમન માટેના ત્રણ મન્ત્રોનો સમાવેશ કરાયો છે.

વેદ વગેરેમાંથી પ્રેરણા લઈને અનેક સ્તુતિઓ, પ્રાર્થનાઓ જુદા-જુદા છંદોમાં રચવામાં આવી છે, જે લોકમાનસમાં સુરક્ષિત રહીને આપણી પાસે પહોંચી છે. આવાં ત્રણ સ્તુતિપદ્યો અહીં પ્રસ્તુત છે.

ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ કરવાની આપણી પરંપરા છે. આ દૃષ્ટિએ આ મન્ત્રો તેમજ શ્લોકો દ્વારા સંસ્કૃતના અધ્યયનનું મંગલાચરણ કરીશું.]




## वैदिकम्

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।
होतारं रत्नधातमम् ॥1॥

- ऋग्वेदः १:१:१

अग्ने व्रतपते व्रतं चरिष्यामि तच्छकेयं तन्मे राध्यताम् ।
इदमहमनृतात् सत्यमुपैमि ॥2॥

- यजुर्वेदः १:५

नमः शम्भवाय च मयोभवाय च नमः शङ्कराय च
मयस्कराय च नमः शिवाय च शिवतराय च ॥3॥

- यजुर्वेदः १६:४१



## लौकिकम्

यं ब्रह्मा वरुणेन्द्र-रुद्र-मरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवैः
वेदैः साङ्ग-पद-क्रमोपनिषदैः गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणाः देवाय तस्मै नमः ॥4॥
भयानां भयं भीषणं भीषणानां
गतिः प्राणिनां पावनं पावनानाम् ।
महोच्चैःपदानां नियन्तृ त्वमेकं
परेषां परं रक्षकं रक्षकानाम् ॥5॥
वयं त्वां स्मरामो वयं त्वां भजामो
वयं त्वां जगत्साक्षिरूपं नमामः ।
सदेकं निधानं निरालम्बमीशम्
भवाम्भोधिपोतं शरण्यं व्रजामः ॥6॥

### ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : पुरोहितः** યજમાનના અભીષ્ટ કે સંસ્કારાદિ કર્મને કરાવનાર બ્રાહ્મણ **यज्ञः** હોમ, હવન **रत्नधातमः** રત્નોને ધારણ કરનાર **व्रतपतिः** વ્રતોનો સ્વામી **शम्भवः** જેનાથી શમ્ - કલ્યાણ કે સુખ જન્મે છે તે **मयोभवः** જેનાથી મયસ્ - સુખ જન્મે છે તે **शङ्करः** જે શમ્-કલ્યાણ કરે છે તે **मयस्करः** જે મયસ્ - સુખ કરે છે તે **शिवतरः** અતિશય કલ્યાણકારી **स्तवः** સ્તુતિ, ગુણોનું ગાન, વખાણ **साक्षिरूपः** સાક્ષી તરીકે રહેનાર **निरालम्बः** આલંબન વગરનો, પોતાની જાત પર ટકેલો.

**(નપુંસકલિંગ) : निधानम्** ખજાનો, ભંડાર

**સર્વનામ :** **तत्** તે **यम्** જેને **यस्य** જેનો **तस्मै** તેના માટે, તેને **त्वम्** તું **एकम्** એક **परेषाम्** પારકાઓનું **वयम्** અમે **त्वाम्** તને.

**વિશેષણ :** **दिव्य** દિવ્ય, દેવતાઓને લગતું **भीषण** ભયંકર, ડરાવનાર, ભયાનક **पावन** પવિત્ર કરનાર **नियन्तृ** નિયંત્રણ કરનાર, કાબૂમાં રાખનાર **पर** શ્રેષ્ઠ, ઉત્તમ

**અવ્યય :** **नमः** પ્રણામ હો ! નમન કરું છું.

**સમાસ :** वरुणेन्द्र-रुद्र-मरुतः (वरुणः च इन्द्रः च रुद्रः च मरुत् च इति वरुणेन्द्र....मरुतः, - इतरेतर द्वन्द्व) सुरासुरगणाः (सुराः च असुराः च इति सुरासुराः, - द्वन्द्वः । सुरासुराणां गणाः सुरासुरगणाः - षष्ठी तत्पुरुष ।) દેવતાઓ અને અસુરોના સમૂહ, દેવોના અને અસુરોના ગણ (આ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલા સમાસવિગ્રહ માત્ર અધ્યાપન સહાય માટે આપવામાં આવ્યા છે.)

**ક્રિયાપદ (પ્રથમ ગણ) :** (પરસ્મૈપદ) **चर्** (**चरति**) આચરણ કરવું **गै** (**गायति**) ગાવું, ગાન કરવું **दृश् - पश्य्** (**पश्यति**) જોવું, દેખવું **स्मृ** (**स्मरति**) યાદ કરવું, સ્મરણમાં લેવું **भज्** (**भजति**) ભજવું, ભક્તિ કરવી **नम्** (**नमति**) નમન કરવું, નમવું **व्रज्** (**व्रजति**) જવું, પ્રાપ્ત કરવું.

## વિશેષ

**(1) શબ્દાર્થ :** **ईळे** (**ईडे**) સ્તુતિ કરું છું. **ऋत्विजम्** ઋત્વિક્ કર્મ કરનારને **होतारम्** હવન કરનારને, હોમ કરનારને **शकेयम्** શકું. સમર્થ બની શકું. **राध्यताम्** સિદ્ધિ કરાવો. સિદ્ધ કરી આપો. **उपैमि** પાસે જાઉં છું. પ્રાપ્ત થાઉં છું. **स्तुन्वन्ति** સ્તુતિ કરે છે. ગુણગાન કરે છે. **साङ्ग-पद-क्रमोपनिषदैः** છ વેદાંગો, પદપાઠ, ક્રમપાઠ તેમજ ઉપનિષદોની સાથેના **गायन्ति** ગાન કરે છે. **सामगाः** સામ મંત્રોનું ગાન કરનારા **ध्यानावस्थिततद्गतेन** ધ્યાનની અવસ્થાને પ્રાપ્ત થયેલા **मनसा** મન વડે **विदुः** જાણે છે. પ્રાપ્ત કરે છે. **महोच्चैःपदानाम्** મોટાં અને ઊંચાં પદો (ધરાવનાર)ના **परेषाम्** ઉત્તમોમાં, શ્રેષ્ઠોમાં **जगत्साक्षिरूपम्** જગતના સાક્ષીરૂપ **एकम्** એકમાત્ર **भवाम्भोधिपोतम्** સંસારરૂપી સાગરની પાર ઉતારનાર નાવ **शरण्यम्** શરણમાં જવા લાયક, આશરો લેવા માટે યોગ્ય.

**(2) સન્ધિ :** अग्निमीळे (अग्निमीडे) (अग्निम् ईळे) । तच्छकेयम् (तत् शकेयम्) । तन्मे (तत् मे) । इदमहमनृतात् (इदम् अहम् अनृतात्) । त्वमेकम् (त्वम् एकम्) । भजामो वयम् (भजामः वयम्) । सदेकम् (सत् एकम्) ।

[ વેદોની ભાષા સસ્વર એટલે કે સ્વર સાથે બોલાય છે અને લખાય છે. સ્વર ત્રણ છે : ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. ઋગ્વેદના મંત્રોને બોલતી વખતે ઉદાત્ત સ્વર થોડો ઊંચેથી, અનુદાત્ત સ્વર થોડો નીચેથી અને સ્વરિત સ્વર મધ્યમ લયથી બોલાય છે. જ્યારે ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોને લખતી વખતે અનુદાત્ત સ્વર બતાવવા માટે _ આ રીતે જે-તે અક્ષરની નીચે આડી રેખા દોરવામાં આવે છે. એ જ રીતે સ્વરિત સ્વર બતાવવા માટે । આ રીતે જે તે અક્ષરની ઉપર ઊભી રેખા દોરવામાં આવે છે. ઉદાત્ત સ્વર બતાવવા માટે કોઈ ચિહ્ન વપરાતું નથી. ]

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां प्रश्नानाम् उत्तराणि लिखत ।**

(1) कम् पुरोहितम् ईडे ?

(2) यज्ञस्य देवः कः अस्ति ?

(3) अहं किं चरिष्यामि ?

(4) दिव्यैः स्तवैः के स्तुवन्ति ?

(5) वयं कं शरणं व्रजामः ?

**2. प्रकोष्ठात् उचितं पदं चित्वा वाक्यपूर्तिं कुरुत ।**

(1) अहं ......... रत्नधातमम् ईळे । (अग्निम्, यज्ञम्, पुरोहितम्)

(2) इदम् अहम् ......... उपैमि । (अनृतात्, सत्यम्, व्रतम्)

(3) योगिनः ......... पश्यन्ति । (ज्ञानेन, चक्षुषा, मनसा)

(4) सुरासुरगणाः देवस्य ......... न विदुः । (स्वरूपम्, निवासम्, अन्तम्)

(5) वयं त्वां जगत्साक्षिरूपं ......... । (भजामः, नमामः, स्मरामः)

**3. प्रकोष्ठगतं पदं प्रयुज्य अधोलिखितानि वाक्यानि प्रश्नार्थस्वरूपे परिवर्तयत ।**

(1) देवाय नमः । (कस्मै)

(2) साङ्ग-पद-क्रमोपनिषदैः वेदैः सामगाः गायन्ति । (के)

(3) योगिनः देवं पश्यन्ति । (कम्)

**4. अधोलिखितानां प्रश्नानाम् मातृभाषायाम् उत्तराणि लिखत ।**

(1) અગ્નિદેવની કઈ-કઈ વિશેષતાઓ મન્ત્રમાં વર્ણવી છે ?

(2) અગ્નિથી કયું વ્રત લેવામાં આવ્યું છે ?

(3) યોગીઓ કોનાં દર્શન કરે છે ? કેવી રીતે ?

(4) ભક્ત જેના શરણમાં જાય છે, તે દેવતત્ત્વ કેવું છે ?

**5. श्लोकपूर्तिं कुरुत ।**

(1) अग्निमीळे ...... रत्नधातमम् ॥

(2) नमः शंभवाय ..... शिवतराय च ॥

(3) वयं त्वां स्मरामो ..... व्रजामः ॥

**6. क-विभागं ख-विभागेन सह यथार्थरीत्या संयोजयत ।**

| क | ख |
|---|---|
| (1) अग्निम् | (1) नमः |
| (2) शिवाय | (2) पुरोहितम् |
| (3) दिव्यैः | (3) न विदुः |
| (4) अन्तम् | (4) प्राणिनाम् |
| (5) सामगाः | (5) स्तवैः |
| (6) गतिः | (6) गायन्ति |
| | (7) ब्रह्मा |

**પ્રવૃત્તિ**

- વેદની આ ઋચાઓ તથા પ્રાર્થનાના શ્લોકો કંઠસ્થ કરો.
- આવી બીજી ઋચાઓ અને પ્રાર્થનાઓ સુવાચ્ય અક્ષરે લખી વર્ગખંડમાં પ્રદર્શિત કરો.
- શાળાની પ્રાર્થનાસભામાં મન્ત્રોનું તથા શ્લોકોનું ગાન કરો.

•

# 2. कुलस्य आचारः

[સંસ્કૃતસાહિત્યમાં પ્રાણીકથાઓનું પ્રચલન ઘણા પ્રાચીનકાળથી છે. જાતકમાલા હોય કે પછી પંચતંત્ર કે હિતોપદેશ, દરેક કથાગ્રંથમાં પ્રાણીઓને પાત્ર બનાવીને જાતજાતની કથાઓ પરિકલ્પિત છે.

આજે પણ આવી પ્રાણીકથાઓનું સર્જન થયા કરે છે. આવી જ એક પ્રાણીકથા અહીં પ્રસ્તુત છે. ચાતક નામનું પ્રાણી (પક્ષી) હંમેશાં વરસાદનું જ પાણી પીવે છે. ચાતકકુળનો આ આચાર છે. ચાતક પક્ષીને ત્યાં જન્મ લેનાર પ્રત્યેક શિશુ આજે પણ આ કુલાચારને પાળતું હોય છે.

એક વાર તરસથી પીડાતું એક ચાતકશિશુ પોતાની જનનીની વાત ન માનીને પોતાના આ આદર્શનો ત્યાગ કરવા તત્પર બને છે, ત્યારે અચાનક તેને એક નિર્ધન ખેડૂત પિતાપુત્રનો સંવાદ સાંભળવા મળે છે. આ નિર્ધન પિતા-પુત્ર પાસેથી પ્રેરણા મેળવી તે જનની પાસે પાછું ફરે છે અને પોતાના આદર્શને પાળવા તૈયાર થઈ જાય છે.

પ્રસ્તુત પાઠમાં પરંપરાથી ચાલ્યા આવતા અને જીવનને ઉન્નત બનાવતા વિવિધ આચારોને પાળવાની પ્રેરણા મેળવવાની છે. પ્રાણીઓને નિમિત્ત બનાવીને છેવટે તો માણસને ઉપદેશ આપવામાં આવ્યો છે. એ સાથે અહીં વપરાયેલાં ક્રિયાપદો અને કારકપદો (વિભક્તિઓ)નો પણ અભ્યાસ કરવાનો છે.]

एकः चातकशिशुः आसीत् । स एकदा तृषया पीडितः जनन्याः समीपं व्रजति वदति च, ''अम्ब ! तृषा मां पीडयति । अहं जलं पातुम् इच्छामि । सम्प्रति मेघजलं न मिलति, अतः तडागजलमेव पातुम् इच्छामि ।'' जननी वदति, ''बाल ! वयं तु मेघजलम् एव पिबामः, तडागजलं न पिबामः । एषः अस्माकं कुलस्य आचारः । अतः त्वं तडागजलं पातुम् न शक्नोषि'' इति ।



चातकशिशुः कथयति, ''अम्ब ! महती मे तृषा । अधुना आकाशे मेघान् न पश्यामि । कदा मेघः वर्षिष्यति कदा च अहं मेघजलं पातुं शक्नोमि, इति न जानामि । अतः तृषया पीडितोऽहं तडागजलं पातुं गच्छामि ।''

जननी पुनरपि चातकशिशुं बोधयति, ''बाल ! न अयम् अस्माकं कुलाचारः । कुलाचारः सदैव रक्षितव्यः एव । अतः त्वं तडागजलं पातुं न अर्हसि । तृषायाः सहनं कृत्वा मेघस्य प्रतीक्षां कर्तुम् अर्हसि त्वम् ।''

जनन्याः कथनम् अश्रुत्वा चातकशिशुः तडागजलं पातुं तडागं गन्तुं निर्गच्छति । मार्गे परिश्रान्तः स यदा एकस्य कृषकस्य गृहस्य समीपे तिष्ठति तदा तातपुत्रयोः वार्तालापं शृणोति ।

कृषकः वृद्धः मरणासन्नः च आसीत् । तस्य समीपे स्थितः तस्य पुत्रः तस्मै कृषकाय कथयति, ''तात ! अद्य मार्गे मया धनस्यूतः प्राप्तः । तस्य दर्शनात् आनन्दः जातः । तेन मदीयं दारिद्र्यं नष्टं भविष्यति इति विचार्य धनस्यूतग्रहणाय अहं हस्तं प्रासारयम् । किन्तु तदैव मया भवदीयः उपदेशः स्मृतः – 'अन्यस्य धनस्य ग्रहणम् अस्माकं कुलाचारः न' इति । अतः अहं तं धनस्यूतं तत्रैव अत्यजम् ।''

चातकशिशुः सर्वं शृणोति । सः विचारयति - 'अहो ! मरणासन्नस्य वृद्धस्य तत्पुत्रस्य च स्वकीयं कुलाचारं पालयितुं कीदृशी श्रद्धा । अहं तु कुलाचारं न पालयामि । वयं मेघजलमेव पिबामः इति अस्माकं कुलाचारः । तमहं त्यक्तुं प्रवर्ते । एतत् अनुचितमस्ति ।'



सः चिन्तयति -

**पशवः पक्षिणश्चैव मानवाश्च सदाशयाः ।**
**रक्षन्ति स्वकुलाचारं रक्षामि कुलमात्मनः ॥**

एवं विचिन्त्य सः मातरं प्रत्यागच्छति सर्वं वृत्तान्तं च कथयति । माता सन्तोषमनुभवति, शिशवे च आशीर्वादं ददाति । अल्पे एव काले मेघवृष्टिः भवति । मेघजलं पीत्वा चातकशिशोः तृषा शाम्यति ।

## टिप्पणी

**નામ (પુંલ્લિંગ) : आचारः** આચરણ, પરંપરાથી આચરવામાં આવતો વ્યવહાર (વિ. अनाचारः) **तडागः** તળાવ **कृषकः** ખેડૂત **स्यूतः** થેલો

**(સ્ત્રીલિંગ) : तृषा** તરસ (પર્યાય पिपासा) **जननी** માતા **वृष्टिः** વરસાદ (પર્યાય वर्षा)

**(નપુંસકલિંગ) : शतम्** એક સો **पानम्** પીવું તે, પીવાની ક્રિયા

**સર્વનામ : माम्** મને **मे** મને (પું.) **मया** મારાથી **तेन** તેનાથી (પું.) **त्वया** તારાથી **तस्यै** તેને (સ્ત્રી.)

**વિશેષણ : महती** મોટી, ખૂબ, વધારે (સ્ત્રી.) **परिश्रान्त** થાકેલું.

**અવ્યય : सम्प्रति** હમણાં, અત્યારે **अतः** આથી, એટલા માટે **एव** જ **इति** એમ, આ પ્રમાણે **अधुना** હમણાં, અત્યારે **कदा** ક્યારે **अद्य** આજે **सम्यक्** સારી રીતે **ततः** તે પછી

**સમાસ :** चातकशिशुः (चातकस्य शिशुः, षष्ठी तत्पुरुष) । मेघजलम् (मेघस्य जलम् । षष्ठी तत्पुरुष) । तडागजलम् (तडागस्य जलम्, षष्ठी तत्पुरुष) । कुलाचारः (कुलस्य आचारः । षष्ठी तत्पुरुष) । तातपुत्रयोः (तातः च पुत्रः च - तातपुत्रौ । तयोः । इतरेतर द्वन्द्व) मरणासन्नः (मरणम् आसन्नः । द्वितीया तत्पुरुष) । धनस्यूतः (धनस्य स्यूतः । षष्ठी तत्पुरुष) । धनस्यूतग्रहणाय (धनस्यूतस्य ग्रहणम् - धनस्यूतग्रहणम्, तस्मै । षष्ठी तत्पुरुष) । तत्पुत्रस्य (तस्य पुत्रः - तत्पुत्रः, तस्य । षष्ठी तत्पुरुष) । अनुचितम् (न उचितम् - अनुचितम्, नञ्तत्पुरुष) । मेघवृष्टिः (मेघस्य वृष्टिः । षष्ठी तत्पुरुष) ।

**કૃદન્તપદ :** गत्वा (गम् + त्वा) । पातुम् (पा + तुम्) । कृत्वा (कृ + त्वा) । कर्तुम् (कृ + तुम्) । अश्रुत्वा (न > अ + श्रु + त्वा) । गन्तुम् (गम् + तुम्) । विचार्य (वि + चर् > चारि (प्रेरक) + त्वा > य) । श्रुत्वा (श्रु + त्वा) । रक्षितुम् (रक्ष् + तुम्) । त्यक्तुम् (त्यज् + तुम्) । विचिन्त्य (वि + चिन्त् + त्वा > य) । पीत्वा (पा + त्वा) । (સમજૂતીની આ પદ્ધતિ અધ્યાપન સહાય માટે છે.)

**ક્રિયાપદ :** પ્રથમ ગણ (પરસ્મૈપદ) **वद् (वदति)** બોલવું, કહેવું **इष् > इच्छ् (इच्छति)** ઇચ્છવું, ચાહવું **मिल् (मिलति)** મળવું **पा > पिब् (पिबति)** પીવું **अर्ह् (अर्हति)** યોગ્ય હોવું, સમર્થ હોવું **निर् + गम् > गच्छ् (निर्गच्छति)** નીકળવું **स्था > तिष्ठ् (तिष्ठति)** ઊભા રહેવું, સ્થિર રહેવું **भू (भवति)** હોવું, થવું **त्यज् (त्यजति)** ત્યાગવું, છોડી દેવું **आ + चर् (आचरति)** આચરવું, અમલમાં મૂકવું **वृष् (वर्षति)** વરસવું **रक्ष् (रक्षति)** રક્ષા કરવી **प्रति + आ + गम् > गच्छ् (प्रत्यागच्छति)** પાછા જવું, પાછા વળવું **अनु + भू (अनुभवति)** અનુભવવું,

**(આત્મનેપદ) प्र + वृत् (प्रवर्तते)** વર્તવું,

**ચતુર્થ ગણ : शम् (शाम्यति)** શાંત થવું

**છઠ્ઠો ગણ (આત્મનેપદ) : मृ (म्रियते)** મરણ પામવું

**દશમ ગણ : पीड् (पीडयति)** પીડા આપવી, દુઃખ આપવું **कथ् (कथयति)** કહેવું **पाल् (पालयति)** પાલન કરવું **चिन्त् (चिन्तयति)** વિચાર કરવો, વિચારવું.

## વિશેષ

**શબ્દાર્થ : पातुम् न शक्नोषि** તું પી શકતો નથી. **अम्ब** હે માતા **वर्षिष्यति** વરસશે. **रक्षितव्यः** રક્ષા કરવી જોઈએ. **सहनं कृत्वा** સહન કરીને **परिश्रान्तः** થાકેલો **तातपुत्रयोः** પિતા અને પુત્રનો **मरणासन्नः** મરણની નજીક પહોંચેલો **धनस्यूतः** ધનની થેલી **दारिद्र्यम्** ગરીબી, નિર્ધનતા **हस्तम् प्रासारयम्** મેં હાથ ફેલાવ્યો. મેં હાથ લંબાવ્યો. **त्यक्तुं प्रवर्ते** છોડવા માટે પ્રવૃત્ત થયો છું. **अनुचितमस्ति** અનુચિત છે. ગેરવ્યાજબી છે. **भवादृशाः** આપના જેવા **कुलमात्मनः** પોતાના કુળને **प्रत्यागच्छति** પાછો આવે છે. **अनुभवति** અનુભવે છે. **ददाति** આપે છે. **अल्पे एव काले** થોડા જ વખતમાં **तृषा शाम्यति** તરસ શમી જાય છે.

**સંધિ :** पीडितोऽहम् (पीडितः अहम्) । पुनरपि (पुनः अपि) । पक्षिणश्चैव (पक्षिणः च एव) । मानवाश्च (मानवाः च) ।

## સ્વાધ્યાય

**1. विकल्पेभ्यः समुचितं पदम् चित्वा लिखत ।**

(1) तृषापीडितः शिशुः कस्य समीपं गच्छति ? ◯

(क) जनन्याः (ख) नीडस्य (ग) जलस्य (घ) गगनस्य

(2) 'मेघ'-शब्दस्य पर्यायः कः ? ◯

(क) जलम् (ख) वृष्टिः (ग) जलदः (घ) गगनम्

(3) सर्वैः किं रक्षितव्यम् ? ◯

(क) तडागः (ख) कुलाचारः (ग) मेघः (घ) शिशुः

(4) वृद्धः कीदृशः आसीत् ? ◯

(क) अन्धः (ख) विकलः (ग) मरणासन्नः (घ) स्वस्थः

(5) शिशुः कस्य प्रतीक्षां करोति ? ◯

(क) मेघस्य (ख) मेघाय (ग) मेघम् (घ) मेघेन

(6) 'पुनरपि' शब्दस्य उचितं सन्धिविच्छेदं दर्शयत ! ◯

(क) पुन + रपि (ख) पुनो + अपि (ग) पुनः + अपि (घ) पुनर् + पि

(7) अहं तडागजलं पातुम् ........ ।

(क) इच्छति (ख) इच्छसि (ग) इच्छामि (घ) इच्छतु

**2. संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) तृषया पीडितः कः आसीत् ?

(2) चातकशिशुः किं पातुं न अर्हति ?

(3) कृषकपुत्रस्य दारिद्र्यं केन नष्टं भविष्यति ?

(4) कृषकपुत्रेण मार्गे किं प्राप्तम् ?

(5) शिशोः तृषा केन नष्टा ?

**3. रेखाङ्कितपदानां स्थाने कोष्ठकात् पदं प्रस्थाप्य प्रश्नवाक्यं रचयत ।**

(कः, का, कुत्र, कीदृशः, किम्, कस्यै)

(1) जननी शिशुं बोधयति ।

(2) मार्गे परिश्रान्तः सः तिष्ठति ।

(3) कृषकः वृद्धः आसीत् ।

(4) धनस्यूतः मार्गे प्राप्तः ।

(5) सः तस्यै सर्वं वृत्तान्तं कथयति ।

**4. निर्देशानुसारं धातुरूपाणां परिचयं लिखत ।**

| | धातुरूपम् | धातुः | कालः/लकारः | पदम् | पुरुषः | वचनम् |
|---|---|---|---|---|---|---|
| (1) | इच्छामि | .......... | .......... | .......... | .......... | .......... |
| (2) | गच्छति | .......... | .......... | .......... | .......... | .......... |
| (3) | अर्हसि | .......... | .......... | .......... | .......... | .......... |
| (4) | कथयति | .......... | .......... | .......... | .......... | .......... |
| (5) | वदति | .......... | .......... | .......... | .......... | .......... |

**5. मातृभाषायाम् उत्तराणि लिखत ।**

(1) કુલાચાર એટલે શું ?

(2) માતા ચાતકશિશુને શું ન કરવા કહે છે ? શા માટે ?

(3) નિર્ધન હોવા છતાં કૃષકપુત્રે શા માટે ધનસ્યૂતને સ્પર્શ પણ ન કર્યો ?

(4) ચાતકશિશુએ તડાગજળ શા માટે ન પીધું ?

**પ્રવૃત્તિ**

- શાળામાં પળાતા વિવિધ આચારોની સૂચિ બનાવો.
- તમારા પરિવારમાં પળાતા વિવિધ કુલાચારોની સૂચિ બનાવો.
- 'તરસ્યું ચાતકબાળ' - એવા શીર્ષક હેઠળ આ વાર્તાને માતૃભાષામાં લખો.
- પોતાનાથી નાના સ્વજનના જન્મદિવસે शतं जीव शरदः એ વચન બોલીને શુભેચ્છાઓ આપો.

•

# 3. परं निधानम्

[ઈસવીસનની અગિયારમી સદીમાં માલવપ્રદેશ (હાલનો મધ્યપ્રદેશ)માં રાજા ભોજ થઈ ગયા. ધારાનગરીમાં રહીને રાજા ભોજે તે સમયે જેવી કીર્તિ પ્રાપ્ત કરી હતી, તેવી આજે પણ છે. એમની સુંદર રાજ્યવ્યવસ્થા, જટિલ પ્રસંગોમાં પણ ન્યાય આપવાની કુશળતા તથા વિદ્વાનોની ગુણવત્તાની પરખ વિશેની કેટલીય રમૂજી કથાઓ આજેય લોકમાં પ્રચલિત છે. આવી કથાઓનો સંસ્કૃતમાં રચાયેલો એક સંગ્રહ ભોજપ્રબન્ધઃના નામે જાણીતો છે. આમાં રાજા ભોજને કેન્દ્રમાં રાખીને અનેક ઘટનાઓ વર્ણવવામાં આવી છે, જેમાં કાવ્યાત્મક ચમત્કૃતિઓ ધરાવતાં અનેક પદ્યોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત જુદા-જુદા સમયગાળામાં અનેક સંસ્કૃત કવિઓએ પોતાની વાતને પ્રસ્તુત કરવા માટે રાજા ભોજને પાત્ર તરીકે સ્વીકાર્યા છે. ભોજને લક્ષ્ય બનાવીને રચાયેલી આવી જ એક સંવાદાત્મક કથા અહીં પ્રસ્તુત છે. રાજા ભોજ અને યુવાન પંડિતના આ સંવાદમાં એક કરતાં બીજા પદાર્થની શક્તિમત્તાને ઉપસાવવાનો ઉપક્રમ છે. ક્રમશઃ આગળ વધતો આ સંવાદ છેવટે સંતોષની વાત આવતાની સાથે અટકી જાય છે. આમ આ સંવાદ સંતોષનું મહત્ત્વ આકારી આપે છે.

આ પાઠનો અભ્યાસ કરતી વખતે ક્રિયા અને કર્તૃકારકના સમન્વયની વ્યવસ્થાને સમજવાની છે. વળી, વિવિધ વિભક્તિમાં નામરૂપો કેવો ફેરફાર લે છે અને ક્રિયાપદોનાં રૂપો કેવાં હોય છે, તેનો પણ અહીં અભ્યાસ કરવાનો છે.]

भोजः नाम नृपतिः विद्याप्रियः, कलाप्रियः, प्रजाप्रियश्च आसीत् । अतः तस्य राजसभायां दूरदेशात् अनेके विद्याविशारदाः पण्डिताः समागच्छन्ति स्म ।

एकदा भोजः प्रासादस्य गवाक्षे उपविष्टः आसीत् । सः मार्गे एकं नवागन्तुकम् अनभिज्ञं युवकं पश्यति । तस्य परिचयं ज्ञातुं सः तं प्रासादे आह्वयति । ततस्तयोः मध्ये एवं वार्तालापः संजातः ।



भोजः : भवान् कः वर्तते ?

युवकः : अहं घटपण्डितः अस्मि ।

भोजः : घटपण्डितः ? किं नाम घटपण्डितः इति ?

युवकः : यथा घटे परिपूर्णं जलं तिष्ठति, तथैव मयि परिपूर्णं ज्ञानं वर्तते । अतः अहं स्वात्मानं घटपण्डितं मन्ये ।

भोजः : (युवकस्य गर्वपूर्णाम् उक्तिं श्रुत्वा स्वात्मानं ततोऽप्यधिकं मत्वा अहङ्कारेण सह) यदि त्वं घटः असि, तर्हि अहं मुद्गरत्वेन वर्ते । मुद्गरः स्वकीयेन प्रहारेण घटं विनाशयति । अहमपि घटरूपं भवन्तं विनाशयामि ।

युवकः : यदि भवान् मुद्गरत्वेन वर्तिष्यते, तर्हि अहम् अग्निः भवामि । दहनकर्मा अग्निः भूत्वा मुद्गरं भस्म करिष्यामि ।

भोजः : त्वं यदि वह्नित्वेन वर्तिष्यसे, तर्हि अहं वृष्टिः भविष्यामि । वृष्टेः पुरतः वह्निः स्थातुं न शक्नोति, तथा त्वमपि मम पुरतः स्थातुं न शक्नोषि ।

युवकः : वृष्टिं तु वायुः स्वबलेन यत्र कुत्रापि वाहयितुमर्हति । वृष्टिरूपं भवन्तमहं वायुः भूत्वा इतः ततः वहिष्यामि ।



भोजः : यदि भवान् वातत्वेन वर्तिष्यते, तर्हि अहं वायुभक्षकः भुजगः भविष्यामि । भुजगः सन् सततं वायुरूपं भवन्तं भक्षयिष्यामि ।

युवकः : भवान् यदि सर्पः भविष्यति, तर्हि अहं सर्पभक्षको गरुडो भवामि ।

भोजः : (वाक्केलीं वर्धयन्) त्वं यदि गरुडः असि, तर्हि अहं चक्रधारकः विष्णुः । विष्णुः गरुडारूढः भवति ।

युवकः : (मनसा विष्णुं प्रणम्य च पाण्डित्यं प्रदर्शयन् अग्रे वदति ।) यदि भवान् चक्रधरः विष्णुः, तर्हि अहं भवतः मस्तकस्य उपरि शोभमानं मुकुटं अस्मि । मुकुटं सदा मस्तकस्य उपरि एव संतिष्ठते ।

भोजः : (युवकस्य पाण्डित्यम् अनुभूय) तर्हि मुकुटस्य उपरि शोभमानं पुष्पमहम् । एवमहं अधुना तवोपरि स्थास्यामि ।

युवकः : भवान् यदि पुष्पं भविष्यति, तर्हि अहमपि भ्रमरो भूत्वा तव पुष्पस्योपरि स्थास्यामि ।

भोजः : एवं भवान् द्विरेफः तर्हि अहं सूर्यः । पुष्पस्य अन्तः स्थितः भ्रमरः सूर्यास्तकाले बन्दी भवति, अहमपि त्वां बन्दिनं करिष्यामि ।

युवकः : अहो ! भवान् सूर्यस्तर्हि अहं महाप्रभावी राहुः । राहुस्तु सूर्यं ग्रसते ।

भोजः : (किञ्चित् उच्चैः) भवान् राहुश्चेत् अहं राहुरूपाय तुभ्यं दानं दास्यामि । दानग्रहणेन तवायं गर्वः निश्चयेन शान्तः भविष्यति ।

युवकः : (विहस्य चातुर्येण) यदि भवान् दानी तर्हि अहं सन्तुष्टः । भवतः दानस्य प्रयासः निष्फलः भविष्यति । सर्वतः अलुब्धः अहं भवतः दानं न ग्रहीष्यामि ।

एवमुत्तरोत्तरं विवादरतयोः भोजयुवकयोः मध्ये यदा सन्तोषस्य विषयः समुपस्थितः तदा 'समागते संतोषे सर्वं शान्तं भवति' इति वचनानुसारं विवादोऽपि स्वयमेव शान्तः ।

अन्ते चतुरं ज्ञानेन गुणेन च उपेतं तं पण्डितं युवकं प्रणम्य धाराधिपतिः भोजराजः अवदत् ''अयि घटपण्डित ! गुणपूजके धारादेशे भवतः स्वागतमस्ति । भवान् विजयी जातः । सन्तुष्टं जनं न कोऽपि पराजेतुमर्हति । यतो हि सन्तोष एव पुरुषस्य परं निधानं वर्तते ।''

## ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : नृपतिः** રાજા **प्रासादः** મહેલ **गवाक्षः** ઝરૂખો **मुद्गरः** મુદ્‌ગર, લાકડાનું ધોકા જેવું વજનમાં ભારે સાધન (વ્યાયામ કરવા માટેનું એક સાધન) **वह्निः** અગ્નિ **वायुभक्षकः** વાયુને ખાનારો **वातः** પવન **भुजगः** સાપ **द्विरेफः** ભમરો

**(સ્ત્રીલિંગ) : वृष्टिः** વરસાદ **वाक्केली** વાણીની રમત, વાણીનો ખેલ

**સર્વનામ : तस्य** તેના (પું.) **सः** તે (પું.) **अनेके** અનેક, ઘણા બધા **तम्** તેને (પું.) **तयोः** તે બન્નેનો (પું.) **भवान्** આપ, તમે **मयि** મારામાં **मम** મારું **भवन्तम्** આપને, તમને **तव** તમારું **तुभ्यम्** તમારા માટે, તમને **भवतः** આપનું, તમારું

**વિશેષણ : विशारद** ચતુર, કુશળ, જાણકાર **कोविद** અનુભવી, કુશળ **धुरंधर** ધુરાને ધારણ કરનાર, અગ્રણી, મુખ્ય **अनभिज्ञ** અજાણ્યું અપરિચિત **शोभमान** શોભતું

**અવ્યય : एकदा** એકવાર **उपरि** ઉપરની બાજુએ **अतः** એટલા માટે **ततः** તેથી **यदि** જો **तर्हि** તો **पुरतः** સામે **यत्र** જ્યાં, જે સ્થળે **कुत्रापि** ક્યાંય પણ **इतः** આ બાજુથી **ततः** તે બાજુથી **सदा** હંમેશાં **अधुना** અત્યારે **मध्ये** વચ્ચે **अयि** સંબોધન કરવા માટે વપરાતો શબ્દ, હે **यतो हि** કેમકે

**સમાસ :** राजसभायाम् (राज्ञः सभा – राजसभा, तस्याम् । षष्ठी तत्पुरुष) । विद्याविशारदः (विद्यासु विशारदः – विद्याविशारदः । सप्तमी तत्पुरुष) । वार्तालापः (वार्तायाः आलापः । षष्ठी तत्पुरुष) भोजयुवपण्डितयोः (भोजः च युवपण्डितः च – भोजयुवपण्डितौ, तयोः । इतरेतर द्वन्द्व) । गर्वपूर्णाम् (गर्वेण पूर्णा – गर्वपूर्णा, ताम् । तृतीया तत्पुरुष) वायुभक्षकः (वायोः भक्षकः । षष्ठी तत्पुरुष) गरुडारूढः (गरुडम् आरूढः । द्वितीया तत्पुरुष) सूर्यास्तकाले (सूर्यस्य अस्तकालः – सूर्यास्तकालः, तस्मिन् । षष्ठी तत्पुरुष) दानग्रहणेन (दानस्य ग्रहणम् – दानग्रहणम्, तेन । षष्ठी तत्पुरुष) भोजयुवकयोः (भोजः च युवकः च भोजयुवकौ, तयोः । इतरेतर द्वन्द्वः) । धाराधिपतिः । (धारायाः अधिपतिः । षष्ठी तत्पुरुष)

**ક્રિયાપદ : પ્રથમ ગણ** (પરસ્મૈપદ) **सम् + आ + गम् > गच्छ् (समागच्छति)** આવવું **आ + ह्वे > ह्वय् (आह्वयति)** બોલાવવું **अर्ह् (अर्हति)** હોઈ શકવું, યોગ્ય હોવું **वह् (वहति)** વહન કરવું, લઈ જવું (આત્મનેપદ) **सम् + स्था > तिष्ठ् (संतिष्ठते)** ઊભા રહેવું **वृत् (वर्तते)** હોવું **ग्रस् (ग्रसते)** ગળી જવું, કોળિયો કરી જવો.

## વિશેષ

**(1) શબ્દાર્થ : विद्याविशारदाः** વિદ્યાઓમાં કુશળ **उपविष्टः** બેઠેલો **नवागन्तुकम्** નવા આવનારને **निम्नानुसारम्** નીચે મુજબ **घटपण्डितः** ઘડાની જેમ ભરેલો વિદ્વાન, પૂર્ણ જ્ઞાની **परिपूर्णम्** પૂરી રીતે ભરેલો **गर्वपूर्णाम् उक्तिम्** ગર્વથી ભરેલી ઉક્તિને-વચનને **मुद्गरत्वेन** મુદ્‌ગર તરીકે **प्रहारेण** ઘા વડે, પ્રહારથી **वर्तिष्यते** વર્તશો, વર્તણૂક કરશો **दहनकर्मा** બાળવાના કર્મવાળો, બાળનાર **वाहयितुमर्हति** વહાવી શકે છે. ઉડાવી શકે છે. **वृष्टिरूपम्** વૃષ્ટિરૂપી **इतः ततः** આમ તેમ **वहिष्यामि** વહી જઈશ. ઉડાવી જઈશ. **पाण्डित्यं प्रदर्शयन्** પંડિતપણાનું પ્રદર્શન કરતો **शोभमानम्** શોભતાને, શોભી રહેલાને **अनुभूय** અનુભવીને **स्थास्यामि** ઊભો રહીશ. **ग्रहीष्यामि** ગ્રહણ કરીશ. સ્વીકારીશ. **बन्दी** કેદી, કેદ કરાયેલો **महाप्रभावी** મહાન્ પ્રભાવવાળો **निश्चयेन** નિશ્ચિતરૂપે, ચોક્કસ **विहस्य** હસીને **चातुर्येण** ચાલાકીથી, હોશિયારીથી **अलुब्धः** લોભ વગરનો, નિર્લોભી **एवमुत्तरोत्तरम्** આ રીતે ઉત્તરોત્તર, આમ આગળ ને આગળ **विवादरतयोः** વિવાદમાં રત, વિવાદમાં લાગેલા **वचनानुसारम्** વચન પ્રમાણે, વચનને અનુસરીને **अन्ते** છેલ્લે, છેવટે **उपेतम्** યુક્ત, સાથેના **गुणपूजके** ગુણનું પૂજન કરનાર એવા **धारादेशे** ધારા દેશમાં **विजयी जातः** વિજેતા થયો. જીત્યો. **पराजेतुमर्हति** હરાવી શકે છે.

**(2) સંધિ :** प्रजाप्रियश्च (प्रजाप्रिय: च) । ततस्तयो: (तत: तयो:) । तथैव (तथा एव) । ततोऽप्यधिकम् (तत: अपि अधिकम्) । कुत्रापि (कुत्र अपि) । तवोपरि (तव उपरि) । भ्रमरो भूत्वा (भ्रमर: भूत्वा) । सूर्यस्तर्हि (सूर्य: तर्हि) ।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्य: विकल्पेभ्य: समुचितम् उत्तरं चिनुत ।**

(1) अहं घटपण्डित: .............. । ◯

(क) स्म: (ख) अस्मि (ग) अस्ति (घ) सन्ति

(2) 'वायु:' इति शब्दस्य पर्यायशब्द: क: ? ◯

(क) वाक् (ख) वा (ग) वात: (घ) वह्नि:

(3) 'गवाक्ष:' शब्दस्य अर्थ: क: ? ◯

(क) શિખર (ખ) છત (ગ) દરબાર (ઘ) ઝરૂખો

(4) भूपाल: मार्गे सुवर्णखण्डम् .............. । ◯

(क) अक्षिपन् (ख) अक्षिप: (ग) अक्षिपत् (घ) अक्षिपम्

(5) संसारे कीदृशं जनं पराजेतुं कोऽपि न अर्हति ? ◯

(क) धनिकम् (ख) सन्तुष्टम् (ग) वाचालम् (घ) बलिष्ठम्

(6) अहं दानं .............. । ◯

(क) करिष्यति (ख) करिष्यामि (ग) करिष्यसि (घ) करिष्यन्ति

(7) कस्य शिखरे मुकुटं सदा तिष्ठति ? ◯

(क) मस्तके (ख) मस्तकस्य (ग) मस्तकं (घ) मस्तकात्

**2. संस्कृत भाषया उत्तरं लिखत ।**

(1) अग्नि: कं भस्म करोति ?

(2) राहु: केन शान्त: भवति ?

(3) सन्तोष एव कस्य परं निधानम् ?

(4) भ्रमर: कुत्र बन्दी भवति ।

**3. उदाहरणानुसारं शब्दरूपाणां परिचयं लिखत ।**

| | शब्दरूपम् | मूलशब्द: | अन्त: | लिङ्गम् | विभक्ति: | वचनम् |
|---|---|---|---|---|---|---|
| उदाहरणम् – | जना: | जन | अकारान्त: | पुल्लिंगम् | प्रथमा | बहुवचनम् |
| (1) | प्रासादस्य | .......... | .......... | .......... | .......... | .......... |
| (2) | गवाक्षे | .......... | .......... | .......... | .......... | .......... |

(3) वृष्टेः .......... .......... .......... .......... ..........

(4) पण्डितम् .......... .......... .......... .......... ..........

(5) विवादरतयोः .......... .......... .......... .......... ..........

**4. वचनानुसारं धातुरूपैः रिक्तस्थानानि पूरयत ।**

उदा. **वर्तते** **वर्तेते** **वर्तन्ते ।**

(1) .......... तिष्ठतः .......... ।

(2) अर्हति .......... .......... ।

(3) ग्रहीष्यामि .......... .......... ।

(4) .......... भविष्यतः .......... ।

**5. शीर्षकानुरूपं धातुरूपाणां परिचयं लिखत ।**

| | धातुरूपम् | धातुः | कालः/लकारः | पदम् | पुरुषः | वचनम् |
|---|---|---|---|---|---|---|
| उदा. | सेवन्ते | सेव् | वर्तमान | आत्मनेपद | अन्य | बहुवचनम् |
| (1) | अपश्यत् | .......... | .......... | .......... | .......... | .......... |
| (2) | तिष्ठति | .......... | .......... | .......... | .......... | .......... |
| (3) | भविष्यति | .......... | .......... | .......... | .......... | .......... |
| (4) | स्थास्यामि | .......... | .......... | .......... | .......... | .......... |

**6. कोष्ठकेषु प्रदत्तानि पदानि प्रयुज्य संस्कृतवाक्यानि रचयत ।**

(1) રાજા યુવકને જુએ છે. (नृप, युवक, दृश्-पश्य्)

(2) લોકો સભામાં જાય છે. (जन, सभा, गम्-गच्छ्)

(3) ધારાદેશમાં ગુણોની પૂજા થાય છે. (धारादेश, गुण, पूजा, भू)

(4) ભોજ પ્રજામાં પ્રિય હતો. (भोज, प्रजा, प्रिय, भू)

(5) અગ્નિ મુદ્ગરને બાળે છે. (वह्नि, मुद्गर, दह्)

**7. मातृभाषायाम् उत्तरत ।**

(1) રાજા ભોજ કેવા હતા ?

(2) યુવક પોતાને ઘટપંડિત શા માટે માને છે ?

(3) રાજા ભોજ અને યુવકનો વિવાદ ક્યારે અટકી જાય છે ? શા માટે ?

(4) ધારાદેશની શી વિશેષતા હતી ?

**પ્રવૃત્તિઓ**

- **परं निधानम्** ગદ્યપાઠનું કથાવસ્તુ સંક્ષેપમાં લખો.
- ભોજપ્રબંધમાં આવતી એક કોઈ કથા વર્ગમાં રજૂ કરો.

# 4. वलभी विद्यास्थानम्

[પ્રાચીન કાળમાં ભારતદેશમાં વિદ્યાનો વ્યાપક પ્રચાર અને પ્રસાર હતો. પ્રાચીન બૃહદ્ ભારતનાં અનેક મહાનગરોમાં મોટાં મોટાં વિદ્યાસ્થાનકો હતાં અને તેમાં દેશ-વિદેશના વિદ્યાર્થીઓ આવીને વિદ્યાભ્યાસ કરતા. આવું જ એક વિદ્યાસ્થાનક આપણા ગુજરાત પ્રદેશમાં પણ હતું.

પ્રસ્તુત પાઠમાં તેનો પરિચય કરાવ્યો છે. મુખ્યત્વે આવાં વિદ્યાલયોની પઠન-પાઠન વ્યવસ્થા અને વિષયોનો ખ્યાલ આવે, તે રીતે પાઠ તૈયાર કરવામાં આવ્યો છે.

પાઠનું વિષયવસ્તુ ભૂતકાળ સાથે સંકળાયેલું હોવાથી આ પાઠનાં વાક્યોમાં ભૂતકાળનાં ક્રિયાપદોનો પ્રયોગ શીખવવાનું લક્ષ્ય પણ રાખવામાં આવ્યું છે. પાઠની ભાષા સરળ હોઈ ક્રિયાપદોના અભ્યાસની સાથે સાથે નામપદોનાં રૂપો તથા સમાસનો પણ અભ્યાસ કરાવી શકાશે.]

सम्प्रति विविधाः विश्वविद्यालयाः सुप्रसिद्धाः सन्ति । तेषु केचन एतादृशाः सन्ति यत्र अध्ययनार्थं प्रवेशं प्राप्य छात्रः स्वात्मानं धन्यं मन्यते । एवमेव पुराकालेऽपि अस्माकं भारते देशे एतादृशाः बहवः विश्वविद्यालयाः आसन् । तत्र विद्याध्ययनाय दूरात् देशात् समागत्य प्रवेशं लब्ध्वा छात्राः स्वात्मानं धन्यं मन्यन्ते स्म । एषु एकतमः वलभी विश्वविद्यालयः । मगधराज्ये यथा नालंदा आसीत् तथैव अत्र गुर्जरप्रदेशे वलभी आसीत् । अत्रापि सुदूरात् देशात् जनाः अध्ययनाय आगच्छन्ति स्म । अद्यत्वे अस्मदीये गुर्जरप्रदेशे वर्तमाने भावनगरे जनपदे वलभीनामकं यदेकम् उपनगरं वर्तते, तत्रैव प्राचीनकाले वलभी विश्वविद्यालयः आसीत् ।



वस्तुतस्तु इदम् उपनगरं प्राचीनकालादेव अध्ययन-अध्यापनस्य केन्द्रमासीत् । पूर्वमत्र अष्टादशविद्यायाः पठनं पाठनं च भवति स्म । एतासु विद्यासु चत्वारो वेदाः, षट् वेदाङ्गानि, पुराणम्, न्यायः, मीमांसा, स्मृतिः, आयुर्वेद-धनुर्वेद-गन्धर्ववेद-अर्थवेदाः चत्वारः उपवेदाः च समाविष्टाः सन्ति । ततः बौद्धदर्शनस्य जैनदर्शनस्य च इदं केन्द्रं सञ्जातम् । ख्रिस्तस्य चतुर्थ्यां शताब्द्याम् ऋग्वेदस्य भाष्यकारः स्कन्दस्वामी सञ्जातः । सः अत्रैव अवसत् । एतत् सूचयति यत् गुप्तकाले अत्र वेदाध्ययनमपि प्रचलति स्म । ख्रिस्तस्य चतुर्थ्यां शताब्द्यामेव सुप्रसिद्धौ बौद्धाचार्यौ स्थिरमतिगुणमती, जैनाचार्यः श्रीमल्लवादी सूरिः च अत्रैव विद्याव्यासंगं कुर्वन्ति स्म ।

एतत् सूचयति यदत्र जैन-बौद्धदर्शनानामपि अध्ययनं प्रचलति स्म । अत्र यथारुचि यथामति छात्राः अपठन् । प्रवेशार्थमत्र प्रवेशपरीक्षापि भवति स्म । तामुत्तीर्य एव अत्र छात्रस्य प्रवेशः शक्यः आसीत् ।

खिस्तस्य पञ्चम्यां शताब्द्याम् इदमुपनगरं मैत्रकाणां राजधानी आसीत् । मैत्रकाणां व्यवस्थानुसारम् अध्ययनस्य समाप्त्यनन्तरं वादसभायां शास्त्रार्थः भवति स्म । शास्त्रार्थे विभिन्नानां मत-मतान्तराणां खण्डन-मण्डनपूर्वकं विमर्शः भवति स्म । अनेकस्मै विजयिजनाय राजा पारितोषिकरूपेण भूमिम् अयच्छत् । कदाचित् विजयिजनानां नामानि विद्यापीठस्य द्वारे उट्टंकितानि अभवन् ।

खिस्तात् पूर्वं प्रायः पञ्चमशताब्द्यां भगवतः महावीरस्य जन्म अभवत् । तस्मिन् काले भगवता महावीरेण यः उपदेशः प्रदत्तः स आगम–नाम्ना प्रसिद्धः वर्तते । अयम् आगमः वर्षपञ्चशतं यावत् मौखिकपरम्परायां सुरक्षितः आसीत् । एवं हि श्रूयते यत् खिस्तस्य तृतीयायां शताब्द्यां नागार्जुननाम्ना प्रसिद्धस्य विदुषः अध्यक्षतायाम् एका जैनसाधूनां समितिः मिलिता । अस्याम् आगमग्रन्थानां लेखनस्य प्रस्तावोऽभवत् । अत्र लेखबद्धा वाणी वलभीवाचना नाम्ना प्रसिद्धा जाता ।

खिस्तस्य नवम्यां शताब्द्यां वलभीनगरस्य विनाशः अभवत् । परन्तु तस्य अवशेषाः अद्यापि तस्य समृद्धिं सूचयन्ति । एवं भारतस्य प्राचीनेषु विद्याकेन्द्रेषु वलभी एकतमम् आसीत्, इतिहासे च अद्यापि वर्तते ।

## ટિપ્પણી

**નામ : (પુંલ્લિંગ) भाष्यकारः** ભાષ્ય લખનાર **जनपदः** શહેર (જિલ્લો) **विजयिजनः** વિજેતા વ્યક્તિ, જીત મેળવનાર માણસ **आगमः** આગમ (જૈનધર્મનો ગ્રંથ) **अवशेषः** અવશેષ, બાકી રહેલો અંશ

**(સ્ત્રીલિંગ) शताब्दी** સૈકો, સદી

**(નપુંસકલિંગ) उपनगरम्** નાનું શહેર, નગર

**વિશેષણ : एतादृश** આ પ્રકારનું, આવું **धन्य** ભાગ્યશાળી **अस्मदीय** આપણું

**અવ્યય : सम्प्रति** હાલ, અત્યારે **पुरा** પહેલાં **यथा-तथा** જેમ-તેમ, જેવી રીતે-તેવી રીતે **पूर्वम्** પહેલાં **अनन्तरम्** પછી **यावत्** જ્યાં સુધી

**સમાસ :** समाप्त्यनन्तरम् (समाप्तेः अनन्तरम् । पंचमी तत्पुरुष)

**ક્રિયાપદ : (આત્મનેપદ)** ચોથો ગણ **मन् ( मन्यते )** માનવું

**(પરસ્મૈપદ)** દસમો ગણ **सूच् ( सूचयति )** સૂચવવું

## વિશેષ

**શબ્દાર્થ : केचन** કેટલાક **स्वात्मानम्** પોતાની જાતને, પોતાને **समागत्य** આવીને **लब्ध्वा** મેળવીને, પ્રાપ્ત કરીને **एकतमः** અનેકમાંનું એક, તેમાંનું એક **अष्टादश** અઢાર **समाविष्टाः** સમાયેલા **विद्याव्यासंगम्** વિદ્યાભ્યાસ **यथारुचि** રુચિ (રસ) પ્રમાણે **यथामति** બુદ્ધિ પ્રમાણે **उत्तीर्य** ઉત્તીર્ણ થઈને, પાસ થઈને **मैत्रकाणाम्** મૈત્રક રાજાઓનું **मतमतान्तराणाम्** મત-મતાન્તરોનું, જુદા-જુદા મતોનું **खण्डनमण्डनपूर्वकम्** ખંડન અને મંડનપૂર્વક, ખંડન અને મંડન સાથે. સામાનો મત તોડી પાડવો તે ખંડન અને પોતાના મતનું સમર્થન કરી તેની સ્થાપના કરવી તે મંડન. **विमर्शः** વિચાર, ચિન્તન **उट्टङ्कितानि** આલેખાયેલાં, કોતરાયેલાં **प्रदत्तः** આપ્યો **विदुषाम्** વિદ્વાનોની **मिलिता** મળી. **जाता** થઈ.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) प्राचीनसमये गुर्जरराज्ये कः विश्वविद्यालयः आसीत् ? ◯

(क) नालन्दाविश्वविद्यालयः (ख) तक्षशिलाविश्वविद्यालयः
(ग) गुजरातविश्वविद्यालयः (घ) वलभीविश्वविद्यालयः

(2) उपवेदाः कति सन्ति ? ◯

(क) अष्टादश (ख) चत्वारः (ग) सप्त (घ) पञ्च

(3) भाष्यकारः स्कन्दस्वामी कस्यां शताब्द्यां सञ्जातः ? ◯

(क) नवम्याम् (ख) चतुर्थ्याम् (ग) सप्तम्याम् (घ) पञ्चम्याम्

(4) वलभी केषां राजधानी आसीत् ? ◯

(क) क्षत्रपाणाम् (ख) मैत्रकाणाम् (ग) द्राविडानाम् (घ) गुप्तानाम्

(5) महावीरस्य उपदेशः केन नाम्ना प्रसिद्धः वर्तते ? ◯

(क) आगम (ख) निगम (ग) स्मृति (घ) मीमांसा

(6) वलभीनगरे मिलितायाः जैनसाधूनां समितेः अध्यक्षः कः आसीत् ? ◯

(क) नागार्जुनः (ख) स्थिरमतिः (ग) मैत्रकः (घ) गुणमतिः

**2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तराणि प्रदत्त ।**

(1) प्राचीनकालात् वलभी कस्य केन्द्रमासीत् ?
(2) वेदाङ्गानि कति सन्ति ?
(3) श्रीमल्लवादी सूरिः कः आसीत् ?
(4) भगवतः महावीरस्य जन्म कदा अभवत् ?
(5) जैनसाधूनां समितौ कस्य लेखनस्य प्रस्तावः अभवत् ?

**3. रेखाङ्कितपदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।**

(कुत्र, केन, कः, कदा, केषाम्, कस्य)

(1) ऋग्वेदस्य भाष्यकारः <u>स्कन्दस्वामी</u> आसीत् ।
(2) <u>महावीरस्य</u> उपदेशः आगमनाम्ना प्रसिद्धः वर्तते ।
(3) <u>जैनसाधूनां</u> समितिः मिलिता ।
(4) <u>नवम्यां शताब्द्यां</u> वलभीनगरस्य विनाशः अभवत् ।
(5) लेखबद्धः उपदेशः <u>वलभीवाचना</u> इति नाम्ना प्रसिद्धः जातः ।

**4. वचनानुसारं शब्दरूपैः रिक्तस्थानानि पूरयत ।**

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| (1) | आगमम् | .......... | .......... |
| (2) | जनपदे | .......... | .......... |
| (3) | .......... | .......... | केन्द्रेषु |

5. 'स्म'-प्रयोगं कुरुत ।

(1) छात्राः यथारुचि अपठन् ।

(2) स्कन्दस्वामी अत्रैव अवसत् ।

(3) राजा भूमिम् अयच्छत् ।

6. रेखाङ्कितानां पदानां समासप्रकारं लिखत ।

(1) वादसभायां शास्त्रार्थं भवति स्म ।

(2) स्थिरमतिगुणमती बौद्धाचार्यौ आस्ताम् ।

(3) अत्र प्रवेशपरीक्षा भवति स्म ।

7. प्रदत्तानि पदानि प्रयुज्य संस्कृतवाक्यानि रचयत ।

(1) વલભી મૈત્રકોની રાજધાની હતી.

वलभी मैत्रक राजधानी अस्

(2) સુદૂર દેશથી લોકો ભણવા માટે આવતા હતા.

सुदूर देश जन अध्ययन आ + गम्

(3) નાગાર્જુન પ્રસિદ્ધ વિદ્વાન હતા.

नागार्जुन प्रसिद्ध पंडित अस्

(4) વેદો ચાર છે.

वेद चतुर् अस्

(5) વલભીનો વિનાશ થયો.

वलभी विनाश भू (भव्)

8. मातृभाषया उत्तराणि लिखत ।

(1) વલભીમાં કઈ અઢાર વિદ્યાઓનું પઠન-પાઠન થતું હતું ?

(2) વેદો અને ઉપવેદો કેટલા છે ?

(3) મૈત્રક શાસન દરમિયાન અધ્યયનની વ્યવસ્થા કેવા પ્રકારની હતી ?

(4) વલભીમાં કયા-કયા આચાર્યો થઈ ગયા ?

**પ્રવૃત્તિઓ**

- વિશ્વવિદ્યાલયની મુલાકાત લો.
- અન્ય પ્રાચીન વિશ્વવિદ્યાલયો વિશેની માહિતી તથા ચિત્રો એકત્ર કરો.
- ઋગ્વેદ, યજુર્વેદ જેવા ગ્રંથો શિક્ષકની મદદથી મેળવો અને તેમનું અવલોકન કરો.
- સ્મવાળાં અને સ્મ વગરનાં વાક્યોનો ચાર્ટ બનાવો.
- જૈનધર્મ અને બૌદ્ધધર્મના સ્થાપકો વિશે જાણકારી મેળવો.

•

# 5. सुभाषितवैभवः

[સંસ્કૃતસાહિત્યમાં મોટા કાવ્યને 'મહાકાવ્ય' તરીકે અને નાના કાવ્યને 'મુક્તક' તરીકે ઓળખવામાં આવે છે. જેમ એક નાનકડું મોતી બહુમૂલ્ય હોય છે, તેમ આવાં નાનકડાં મુક્તકો પણ બહુમૂલ્ય છે. આવાં મુક્તકો સુભાષિત હોય છે. સંસ્કૃતસાહિત્યનો આ સુપરિચિત અને સુલલિત કાવ્યપ્રકાર પોતાનાં ચાર ચરણોમાં જીવનના બહુમૂલ્ય પાથેયને કલાત્મક રીતે પીરસી દેવાની એક આગવી વિશેષતા ધરાવે છે. આ સુભાષિતોમાંથી આદર્શ જીવન અને ડહાપણનો બોધ પ્રાપ્ત થાય છે. આવાં જ કેટલાંક બહુમૂલ્ય મુક્તકોનો-સુભાષિતોનો સંગ્રહ કરીને આ પાઠ તૈયાર કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત પાઠમાં ચયન કરેલાં સુભાષિતોમાં કોઈ એક વિભક્તિના પ્રયોગને જોઈ શકાય છે. આવા વિભક્તિપ્રયોગો એક બાજુ સંસ્કૃતભાષાને શીખવા માટે ઉપયોગી થઈ પડશે, તો બીજી બાજુ તે સુભાષિતમાં ઉપદેશેલા પાઠકના ગુણ, ચલાયમાન જગતમાં કીર્તિની ચિરંજીવિતા, સર્વ પાપોનું મૂળ લોભ, સ્વજન અને સાચા મિત્રની પરખ તેમજ સજ્જન અને દુર્જનની લાક્ષણિકતાઓ જેવી બાબતોને આકારિત કરી આપીને આ સુભાષિતો તમારા વ્યક્તિત્વને ઉજ્જવળ તથા ચારિત્ર્યવાન બનાવવા માટે પૂરતી પ્રેરણા આપશે.]

माधुर्यमक्षरव्यक्तिः पदच्छेदस्तु सुस्वरः ।
धैर्यं लयसमर्थं च षडेते पाठका गुणाः ॥ 1 ॥

चलं वित्तं चलं चित्तं चले जीवितयौवने ।
चलाचलमिदं सर्वं कीर्तिरिव हि जीवति ॥ 2 ॥



मक्षिकाः व्रणमिच्छन्ति धनमिच्छन्ति पार्थिवाः ।
नीचाः कलहमिच्छन्ति शान्तिमिच्छन्ति साधवः ॥3॥

गावो गन्धेन पश्यन्ति वेदैः पश्यन्ति ब्राह्मणाः ।
चारैः पश्यन्ति राजानश्चक्षुर्भ्यामितरे जनाः ॥ 4 ॥

दरिद्राय धनं देयं ज्ञानं देयं जडाय च ।
पिपासिताय पानीयं क्षुधिताय च भोजनम् ॥ 5 ॥

लोभात्क्रोधः प्रभवति लोभात्कामः प्रजायते ।
लोभान्मोहश्च नाशश्च लोभः पापस्य कारणम् ॥6॥

तक्षकस्य विषं दन्ते मक्षिकायाश्च मस्तके ।
वृश्चिकस्य विषं पुच्छे सर्वाङ्गे दुर्जनस्य तत् ॥7॥

उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रुविप्लवे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥8॥

### ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : पाठकः** વાચક **पार्थिवः** રાજા **कलहः** ઝઘડો **चारः** ગુપ્તચર **जडः** અજ્ઞાની, મૂર્ખ **कामः** ઈચ્છા, કામના **तक्षकः** નાગ, એ નામનો સાપ **वृश्चिकः** વીંછી **दुर्भिक्षः** દુકાળ **विप्लवः** યુદ્ધ, સંગ્રામ

**(સ્ત્રીલિંગ) : मक्षिका** માખી

**(નપુંસકલિંગ) : वित्तम्** ધન, પૈસો **चित्तम्** મન, ચિત્ત, **व्रणम्** ઘા, જખમ **व्यसनम्** સંકટ, મુશ્કેલી, આપત્તિ

**વિશેષણ : सुस्वर** સારા સ્વરવાળું **पिपासित** તરસ્યું, પીવાની ઇચ્છાવાળું **क्षुधित** ભૂખ્યું **गुह्य** છૂપેલું, સંતાડવા લાયક

**સર્વનામ : इतरे** અન્ય લોકો

**સમાસ :** जीवितयौवने (जीवितं च यौवनं च - जीवितयौवने । इतरेतर द्वन्द्व) । चलाचलम् (चलं च अचलं च - चलाचलम् । समाहार द्वन्द्व) । सर्वाङ्गे (सर्वम् च तत् अङ्गं च सर्वाङ्गम्, तस्मिन् । कर्मधारय तत्पुरुष)। शत्रुविप्लवे (शत्रूणां विप्लवः शत्रुविप्लवः, तस्मिन्। षष्ठी तत्पुरुष) । राजद्वारे (राज्ञः द्वारम् राजद्वारम्, तस्मिन्। षष्ठी तत्पुरुष) ।

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) जीव् (जीवति)** જીવવું **नि + गुह् (निगूहति)** સંતાડવું, છુપાવવું

**(આત્મનેપદ) : प्र + जन् > जा (प्रजायते)** જન્મવું, ઉત્પન્ન થવું.

## વિશેષ

**(1) શબ્દાર્થ : माधुर्यम्** મધુરતા, મીઠાશ **अक्षरव्यक्तिः** અક્ષરની અભિવ્યક્તિ, અક્ષરનું સ્પષ્ટ ઉચ્ચારણ **पदच्छेदः** પદોનો છેદ, પદનો વિભાગ **धैर्यम्** ધીરજ **लयसमर्थम्** લયને અનુરૂપ **गावः** ગાયો **देयम्** આપવું, આપવું જોઈએ.

**(2) સન્ધિ :** पदच्छेदस्तु (पदछेदः तु) । षडेते (षट् एते) । चलाचलमिदम् (चल-अचलम् इदम्) । कीर्तिर्यस्य (कीर्तिः यस्य) । राजानश्चक्षुर्भ्यामितरे (राजानः चक्षुर्भ्याम् इतरे) । लोभान्मोहश्च नाशश्च (लोभात् मोहः च नाशः च)। मक्षिकायाश्च (मक्षिकायाः च)। यस्तिष्ठति (यः तिष्ठति) ।

## સ્વાધ્યાય

**1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चित्वा लिखत ।**

(1) चलाचले संसारे किं निश्चलम् ? ◯

(क) यौवनम् (ख) कीर्तिः (ग) वित्तम् (घ) चित्तम्

(2) के शान्तिम् इच्छन्ति ? ◯

(क) धनिकाः (ख) पार्थिवाः (ग) साधवः (घ) नीचाः

(3) राजानः कैः पश्यन्ति ? ◯

(क) वेदैः (ख) शास्त्रैः (ग) चारैः (घ) नेत्रैः

(4) पापस्य कारणं किम् ? ◯

(क) अज्ञानम् (ख) क्रोधः (ग) लोभः (घ) कामः

(5) तक्षकस्य विषं कुत्र भवति ? ◯

(क) पुच्छे (ख) सर्वाङ्गे (ग) मस्तके (घ) दन्ते

**2. एकवाक्येन संस्कृतभाषया उत्तरत ।**

(1) जडाय किं देयम् ?

(2) लोभात् किं प्रभवति ?

(3) वृश्चिकस्य विषं कुत्र भवति ?

**3. उदाहरणानुसारं शब्दरूपाणां परिचयं कारयत ।**

**उदाहरणम् :** ज्ञानाय (ज्ञान, अकारान्त-नपुंसकलिङ्गम्, चतुर्थी, एकवचनम्)

(1) गुणाः ..........................................................

(2) मक्षिका ..........................................................

(3) दरिद्राय ..........................................................

(4) लोकात् ..........................................................

(5) उत्सवे ..........................................................

**4. मातृभाषायाम् उत्तरत ।**

(1) પાઠકના કેટલા ગુણ છે ?

(2) દરિદ્રને શું આપવું જોઈએ ?

(3) કવિ બાંધવ કોને માને છે ?

**5. सन्धिविच्छेदं कुरुत ।**

(1) चलाचलमिदम् ।

(2) व्रणमिच्छन्ति ।

(3) पदच्छेदस्तु ।

**6. श्लोकानां पूर्तिः करणीया ।**

(1) चलं चित्तं ......... स जीवति ॥

(2) दरिद्राय धनं ......... च भोजनम् ॥

**પ્રવૃત્તિઓ**

- સુભાષિતોની અંત્યાક્ષરીનું આયોજન કરો.
- સુભાષિત લખીને ચાર્ટ તૈયાર કરો અને સુભાષિતોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- સુભાષિતમાં પ્રયુક્ત વિભક્તિ ઓળખો.

# 6. सर्वं चारुतरं वसन्ते

[મહાકવિ કાલિદાસ સંસ્કૃતના અને સમગ્ર વિશ્વના સુપ્રસિદ્ધ કવિ છે. તેમણે કુલ સાત કૃતિઓ રચી છે જેમાં માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય અને અભિજ્ઞાનશાકુન્તલ એ ત્રણ નાટકો, રઘુવંશ અને કુમારસંભવ એ બે મહાકાવ્યો અને ઋતુસંહાર તથા મેઘદૂત એ બે ખંડકાવ્યોનો સમાવેશ થાય છે.

મહારાજા વિક્રમાદિત્યની રાજસભાનાં નવ રત્નોમાં કાલિદાસ પણ એક હતા એવી માન્યતા છે. આના આધારે કાલિદાસનો સ્થિતિકાળ વિક્રમની પહેલી શતાબ્દી (એટલે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાંનો) માનવામાં આવે છે.

આ મહાકવિ પ્રકૃતિના અને ઉપમાના કવિ તરીકે સુપ્રસિદ્ધિ પામ્યા છે. એક બાજુ અભિજ્ઞાનશાકુન્તલ નાટકમાં તેમણે પ્રકૃતિગત અનેક પદાર્થોને પાત્ર બનાવ્યાં છે, તો બીજી બાજુ મેઘદૂત અને ઋતુસંહારમાં આબેહૂબ બેનમૂન પ્રકૃતિવર્ણન કર્યું છે.

પ્રસ્તુત પાઠમાં ઋતુસંહારમાંથી વસંતનું વર્ણન કરનારાં પાંચ પદ્યોનો અભ્યાસ કરીશું. આમાંથી આપણે કોઈ વસ્તુનું વર્ણન કેવી રીતે થઈ શકે, એ વાત શીખવાની સાથે સાથે તત્પુરુષ સમાસના કેટલાક પ્રયોગોનો પણ અભ્યાસ કરવાનો છે.]

द्रुमाः सपुष्पाः सलिलं सपद्मं
स्त्रियः सकामाः पवनः सुगन्धिः ।
सुखाः प्रदोषा दिवसाश्च रम्याः
सर्वं प्रिये चारुतरं वसन्ते ॥1॥

वापीजलानां मणिमेखलानां
शशाङ्कभासां प्रमदाजनानाम् ।
आम्रद्रुमाणां कुसुमानतानां
ददाति सौभाग्यमयं वसन्तः ॥2॥

कर्णेषु योग्यं नवकर्णिकारं
चलेषु नीलेष्वलकेष्वशोकम् ।
शिखासु पुष्पं नवमल्लिकायाः
प्रयान्ति कान्तिं प्रमदाजनानाम् ॥3॥

गुरूणि वासांसि विहाय तूर्णं
तनूनि लाक्षारसरञ्जितानि ।
सुगन्धिकालागुरुधूपितानि
धत्ते जनः काममदालसाङ्गः ॥4॥

किं किंशुकैः शुकमुखच्छविभिर्न भिन्नं
किं कर्णिकारकुसुमैर्न हतं मनोजैः ।
यत्कोकिलः पुनरयं मधुरैर्वचोभिः
यूनां मनः सुवदनानिहितं निहन्ति ॥5॥

– ऋतुसंहारे

## ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : द्रुमः** વૃક્ષ, ઝાડ **प्रदोषः** રાત્રિ, રાત્રિનો પ્રારંભિક કાળ **प्रमदाजनः** સ્ત્રીઓ, મહિલાઓ **आम्रद्रुमः** આંબાનું ઝાડ

**(નપુંસકલિંગ) : सलिलम्** પાણી **किंशुकम्** કેસૂડાનું ફૂલ

**સર્વનામ : सर्वम्** બધું

अत्र एकः प्रश्नः । 'किम् औषधं विना सम्यक् व्यवहारेणापि जनः रोगरहितः भवितुमर्हती'ति ? तस्येदमुत्तरम् । यदा रोगः शरीरे प्रविष्टो भवति, तदा औषधस्य आवश्यकता भवति । परन्तु शरीरे रोगस्य प्रवेशः एव न स्यात् एतदर्थं मानवेन सम्यक् व्यवहारः करणीय एव । व्यवहारस्यापि स्वास्थ्ये प्रभावो भवतीत्येषः चरकाचार्यस्य उपदेशः ।

## ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : ख्रिस्तः** ઈસુ ખ્રિસ્ત **औषधयोगः** દવા, ઔષધ (વિવિધ વસ્તુઓના સંમિશ્રણથી તૈયાર કરાતી ઔષધીને ઔષધયોગ કહે છે.) **ज्वरः** તાવ **रक्तपित्तः** રક્તપિત્ત નામનો રોગ **उन्मादः** એક માનસિક રોગ કે જેમાં માણસને ગાંડપણ આવી જાય છે. **अतिसारः** મરડો, દસ્ત-ઝાડા થવા તે **प्रमेहः** મીઠીપેશાબનો રોગ, ડાયાબિટીસ **प्रवर्तकः** પ્રવર્તન કરનાર, પ્રવૃત્તિનો જનક

**(સ્ત્રીલિંગ) : प्रथमशताब्दी** પહેલું શતક, પહેલી સદી **उक्तिः** કથન, કહેણ

**(નપુંસકલિંગ) : तदानीन्तनम्** તે વખતનું **उदरम्** પેટ **निवारकम्** નિવારણ કરનાર, દૂર કરે તેવું

**સર્વનામ : अयम्** આ (પું.) **अस्य** આનું (પું.) **एतेषु सर्वेषु** આ બધામાં (પું. અને નપું.) **अस्मिन्** આમાં (પું.) **केन** કોનાથી (પું.) **यः** જે (પું.)

**વિશેષણ : प्राचीनतम** અત્યન્ત પ્રાચીન, ઘણું જૂનું, અતિશય જૂનું **प्रथमा** પહેલી **द्वितीया** બીજી, બીજા ક્રમાંકે રહેલી **निखिल** બધું, સમગ્ર **तादृश** તેના જેવું **प्रविष्ट** પ્રવેશેલું, દાખલ થયેલું

**અવ્યય : प्रायः** ઘણું કરીને, મોટે ભાગે **इह** અહીં, આ સ્થાને **अन्यत्र** બીજા સ્થાને, બીજી જગાએ **क्वचित्** ક્યાંક, ક્યારેક **कुत्रापि** ક્યાંય પણ **सर्वत्र** બધે, બધી જગાએ **केचन** કેટલાક (પું.) **तद्यथा** જેમકે

**કૃદન્તપદ :** सम्मिल्य (सम् + मिल् + त्वा > य) अधिकृत्य (अधि + कृ + त्वा > य) भवितुम् (भू-भव् + तुम्) समीक्ष्य (सम् + ईक्ष् + त्वा > य) ।

**સમાસ : राजवैद्यः** (वैद्यानाम् राजा राजवैद्यः અથવા राज्ञः वैद्यः राजवैद्यः, षष्ठी तत्पुरुष) **विश्वविख्यातेषु** (विश्वस्मिन् विख्यातः विश्वविख्यातः, तेषु । षष्ठी तत्पुरुष) **औषधयोगानाम्** (औषधानाम् योगः औषधयोगः, तेषाम् । षष्ठी तत्पुरुष) **औषधविज्ञानस्य** (औषधस्य विज्ञानम् औषधविज्ञानम्, तस्य । षष्ठी तत्पुरुष) **रोगरहितः** (रोगेण रहितः रोगरहितः । तृतीया तत्पुरुष)

## વિશેષ

**(1) શબ્દાર્થ : कनिष्कनृपतेः** કનિષ્ક નામના રાજાના **ग्रन्थस्य प्रमाणम्** ગ્રંથનું પ્રમાણ, ગ્રંથનું કદ (પ્રાચીન સમયમાં ગ્રંથના કદને માપવાની એક પદ્ધતિ હતી. તે મુજબ ગ્રંથના બધા જ અક્ષરોને ગણીને તે અક્ષરોની સંખ્યાને બત્રીસથી (ક્યારેક આઠથી) ભાગતાં જે જવાબ આવે, તે જવાબની સંખ્યાને ગ્રંથનું કદ માનવામાં આવતું.) **द्वादशसहस्त्रश्लोकात्मकः** બાર હજાર શ્લોકનું પ્રમાણ-કદ ધરાવતો **सहस्त्रद्वयम्** બે હજાર **निवारकानि** નિવારણ કરનારા **विनाशकानि** વિનાશ કરનારા, મટાડનારા **उच्छिष्टम्** એઠું, વાપર્યા પછી બચેલું **स्मर्तव्याः** યાદ રાખવા યોગ્ય **हिताहारविहारसेवी** હિતકારક ભોજન અને આચરણનું સેવન કરનાર **समीक्ष्यकारी** સારી રીતે વિચારીને કામ કરનાર, સમજી વિચારીને વર્તનાર **दाता** દાન કરનાર **समः** સમતાવાળો, બધા માટે સમત્વની ભાવના રાખનાર **आप्तोपसेवी** આપ્ત માણસોની સેવા કરનાર (યથાર્થવક્તા અર્થાત્ જે છે, તેવું કહેવાનું વ્રત રાખનાર અને સાક્ષાત્કૃતધર્મા એટલે કે જેણે પોતાના જ્ઞાન અને કર્મથી ધર્મનો સાક્ષાત્કાર કર્યો છે, તેવા મહાન આત્માને આપ્ત કહે છે.) **अरोगी** રોગ વગરનો.

**(2) સંધિ :** अयमेवाचार्यः (अयम् एव आचार्यः) । चाधिकृत्य (च अधिकृत्य) । यदिहास्ति (यत् इह अस्ति) । यन्नेहास्ति (यत् न इह अस्ति) । उक्तेरयमर्थः (उक्तेः अयम् अर्थः) । विषयेष्वसक्तः (विषयेषु असक्तः) । भवत्यरोगी (भवति अरोगी) भवितुमर्हतीति (भवितुम् अर्हति इति) । तस्येदमुत्तरम् (तस्य इदम् उत्तरम्) । करणीय एव (करणीयः एव) । भवतीत्येषः (भवति इति एषः) ।

## સ્વાધ્યાય

**1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) चरकसंहितायाः प्रकरणेषु कति अध्यायाः सन्ति ? ◯

(क) 120 (ख) 122 (ग) 100 (घ) 210

(2) हिताहारविहारसेवी नरः कीदृशो भवति ? ◯

(क) अरोगी (ख) विद्वान् (ग) आप्तसेवी (घ) बलवान्

(3) 'ज्वरः' शब्दस्य अर्थः कः ? ◯

(क) ઝવેરાત (ख) તાવ (ग) જરાક (થોડું) (घ) જરા (ઘડપણ)

(4) 'उचितः' शब्दस्य विरुद्धार्थः कः ? ◯

(क) निश्चिंतः (ख) अरुचिः (ग) सूचितः (घ) अनुचितः

(5) 'रोगरहित:' शब्दस्य समासप्रकारं लिखत । ◯

(क) षष्ठी तत्पुरुष (ख) द्वितीया तत्पुरुष (ग) तृतीया तत्पुरुष (घ) पञ्चमी तत्पुरुष

(6) 'कुत्रापि' शब्दस्य योग्यसन्धिविच्छेदं दर्शयत । ◯

(क) कुत्रा + अपि (ख) कुत्र + अपि
(ग) कु + तत्र + अपि (घ) कु + त्रापि

**2. एकवाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) आचार्यचरकस्य क: ग्रन्थ: सुप्रसिद्ध: वर्तते ?

(2) चरकस्य ग्रन्थे कस्य व्याख्यानं वर्तते ?

(3) औषधस्य आवश्यकता कदा भवति ?

(4) स्वास्थ्ये कस्य प्रभावो भवति ?

**3. रेखाङ्कितपदानि आधृत्य प्रश्नवाक्यं रचयत ।**

(कस्य, केन, क:, कस्मै)

(1) <u>चरकाचार्यस्य</u> चरकसंहितानामक: सुप्रसिद्ध: ग्रन्थ: वर्तते ।

(2) <u>चरकाचार्य:</u> भारते औषधविज्ञानस्य प्रवर्तक: इति मन्यते ।

(3) <u>मानवेन</u> सम्यक् व्यवहार: करणीय: ।

**4. वर्गसहितं अनुनासिकपदं लिखत ।**

**उदा.** संजात: च वर्ग: सञ्जात:

(1) परंतु .............. .............. (2) तदानींतनम् .............. ..............

(3) संमिल्य .............. .............. (4) अंगम् .............. ..............

**5. स्वभाषायाम् अनुवादं कुरुत ।**

(1) आयुर्वेदस्य प्राचीनतमेषु विश्वविख्यातेषु च ग्रन्थेषु अस्य गणना भवति ।

(2) अत्र प्राय: सहस्रद्वयम् औषधयोगानां विस्तृतं व्याख्यानमस्ति ।

(3) निखिलमपि आयुर्वेदसाहित्यम् आचार्यचरकस्य उच्छिष्टमस्ति ।

(4) य: नर: हितस्य आहारस्य विहारस्य च सेवनं करोति स: रोगरहितो भवति ।

(5) यदा रोग: शरीरे प्रविष्टो भवति तदा औषधस्य आवश्यकता भवति ।

•

# 18. बिलस्य वाणी न कदापि मे श्रुता

[સંસ્કૃતસાહિત્યની અનુપમ કૃતિ મનાતા અને વિશ્વભરમાં જાણીતા બનેલા પંચતંત્ર નામના કથા-ગ્રંથમાંથી પ્રસ્તુત કથા લેવામાં આવી છે. પંચતંત્રના કર્તા વિષ્ણુશર્મા છે. તેમણે અમરશક્તિ નામના રાજાના પુત્રોને માત્ર છ માસના સમયગાળામાં રાજનીતિમાં નિપુણ બનાવવા માટે આ ગ્રંથ રચ્યો હતો. આમાં मित्रभेदः, मित्रप्राप्तिः, काकोलूकीयम्, लब्धप्रणाशः અને अपरीक्षितकारकम् એમ પાંચ તંત્ર (પ્રકરણ) આવેલાં છે. આ કારણે આ ગ્રંથનું નામ પંચતંત્ર છે.

દરેક તંત્રના પ્રારંભે પ્રથમ એક કથાની માંડણી કરાય છે અને પછી તેની પેટા કથાઓ તરીકે અનેક કથાઓ આવતી રહે છે. ગદ્ય અને પદ્ય એ બંને શૈલીમાં રચાયેલી નાની નાની સરસ પ્રાણીકથાઓની અદ્‌ભુત સંકલ્પના આ ગ્રંથમાં છે. દરેક કથામાં માણસનું બુદ્ધિચાતુર્ય વધે, તેનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે. કથાની અંતર્ગત કોઈ એક વિષયના અનુકૂળ તેમજ પ્રતિકૂળ બંને પક્ષ સામે ધરીને કથાવસ્તુને આગળ વધારવામાં આવી છે. કથાકથનની આ વિશિષ્ટ શૈલીને કારણે મનોરંજનની સાથે સાથે જીવનમાં ઉપયોગી એવો અમૂલ્ય ઉપદેશ પણ વાચકને પ્રાપ્ત થતો રહે છે.

આવનારી આપત્તિની જાણ અને તે પછી તેમાંથી બચવાનો ઉપાય શીખવતી આ કથાનો અભ્યાસ કરતી વખતે અહીં વપરાયેલાં અવ્યયપદોનો પણ અભ્યાસ કરીશું.]

कस्मिंश्चित् वने खरनखरः नाम सिंहः प्रतिवसति स्म । सः कदाचित् इतस्ततः परिभ्रमन् क्षुधार्तः न किञ्चिदपि आहारं अलभत । ततः सूर्यास्तसमये एकां महतीं गुहां दृष्ट्वा सः अचिन्तयत् – ''नूनम् एतस्यां गुहायां रात्रौ कोऽपि जीवः आगच्छति । अतः अत्रैव निगूढो भूत्वा तिष्ठामि'' इति ।

एतस्मिन् अन्तरे गुहायाः स्वामी दधिपुच्छः नाम शृगालः समागच्छत् । स च यावत् पश्यति तावत् सिंहपदपद्धतिः गुहायां प्रविष्टा, न च बहिरागता अपश्यत् । शृगालः अचिन्तयत् – ''अहो विनष्टोऽस्मि । नूनम् अस्मिन् बिले सिंहः अस्तीति तर्कयामि । तत् किं करवाणि ?'' एवं विचिन्त्य दूरस्थः रवं कर्तुमारब्धः – ''भो बिल ! भो बिल ! किम् न स्मरसि यन्मया त्वया सह समयः कृतोऽस्ति यत् यदाहं बाह्यतः प्रत्यागमिष्यामि तदा त्वं माम् आकारयिष्यसि ? यदि त्वं मां न आह्वयसि तर्हि अहं द्वितीयं बिलं यास्यामि इति ।''



अथ एतच्छ्रुत्वा सिंहः अचिन्तयत् – 'नूनमेषा गुहा स्वामिनः सदा समाह्वानं करोति । परन्तु मद्भयात् न किञ्चित् वदति । तदहम् अस्य आह्वानं करोमि । एवं सः बिले प्रविश्य मे भोज्यं भविष्यति ।' इत्थं विचार्य सिंहः

सहसा शृगालस्य आह्वानमकरोत् । सिंहस्य उच्चगर्जनस्य प्रतिध्वनिना सा गुहा उच्चैः शृगालम् आह्वयत् । अनेन अन्येऽपि पशवः भयभीताः अभवन् । शृगालोऽपि ततः दूरं पलायमानः इममपठत् –

**अनागतं यः कुरुते स शोभते**

**स शोच्यते यो न करोत्यनागतम् ।**

**वनेऽत्र संस्थस्य समागता जरा**

**बिलस्य वाणी न कदापि मे श्रुता ।।**

## ટિપ્પણી

**નામ : (પુંલ્લિંગ) :** (खरनखरः એ નામ છે.) **क्षुधार्तः** ભૂખથી પીડાયેલ, ભૂખ્યો, **जीवः** પ્રાણી, જીવ **निगूढः** સંતાયેલ, છુપાયેલ (दधिपुच्छः એ શિયાળનું નામ છે.) **शृगालः** શિયાળ, **रवः** ધ્વનિ, અવાજ, **समयः** શરત, નિયમ.

**(સ્ત્રીલિંગ) : गुहा** ગુફા, **सिंहपदपद्धतिः** સિંહનાં પગલાંની છાપ-નિશાની **प्रतिध्वनिः** પડઘો **जरा** વૃદ્ધાવસ્થા, ઘડપણ.

**(નપુંસકલિંગ) : बिलम्** દર **भयम्** ભય, ડર.

**સર્વનામ : एतस्याम्** આમાં (સ્ત્રીલિંગ) **एतस्मिन्** આમાં (પુંલ્લિંગ) **अस्मिन्** આમાં (પુંલ્લિંગ) **मया** મારા થકી, મારા વડે, મારાથી **त्वया** તારા થકી, તારા વડે, તારાથી **माम्** મને **एषा** આ (સ્ત્રીલિંગ) **अस्य** આનું **अनेन** આના થકી, આના દ્વારા, આનાથી **अन्ये** બીજાઓ (પુંલ્લિંગ) **इमम्** આને (પુંલ્લિંગ) **मे** મારું (આ मम ષષ્ઠી એકવચનનું વૈકલ્પિક રૂપ છે. તે ક્યારેય વાક્યની શરૂઆતમાં આવતું નથી.)

**વિશેષણ : दूरस्थ** દૂર રહેલું **कृत** કરેલું **द्वितीय** બીજું **अनागत** આવ્યું ન હોય તેવું, આવનારું.

**અવ્યય : कस्मिंश्चित्** કોઈ એકમાં, કોઈક **किञ्चिदपि** કંઈક પણ, થોડું પણ **अत्रैव** અહીં જ **बाह्यतः** બહારની બાજુથી, બહારથી **यदा** જ્યારે **तदा** ત્યારે **इत्थम्** આ રીતે **सहसा** અચાનક **उच्चैः** ઊંચેથી, મોટેથી.

**સમાસ :** क्षुधार्तः (क्षुधया आर्तः, तृतीया तत्पुरुष) । सूर्यास्तसमये (सूर्यस्य अस्तः सूर्यास्तः । सूर्यास्तस्य समयः सूर्यास्तसमयः, तस्मिन् । षष्ठी तत्पुरुष) । सिंहपदपद्धतिः (सिंहस्य पदानि सिंहपदानि । सिंहपदानां पद्धतिः सिंहपदपद्धतिः । षष्ठी तत्पुरुष) । भयभीताः (भयेन भीताः, तृतीया तत्पुरुष) अनागतम् (न आगतम् अनागतम्, नञ् तत्पुरुष)

**કૃદન્તપદ : दृष्ट्वा** (दृश् + त्वा) । **भूत्वा** (भू + त्वा) । **श्रुत्वा** (श्रु + त्वा) । **प्रविश्य** (प्र + विश् + त्वा > य) ।

**ક્રિયાપદ : પ્રથમ ગણ :** (પરસ્મૈપદ) **प्रति + वस्** (प्रतिवसति) વસવું, રહેવું **स्मृ** (स्मरति) સ્મરણ કરવું, યાદ કરવું **प्रति + आ + गम् – गच्छ्** (प्रत्यागच्छति) પાછા વળવું **आ + ह्वे - ह्वय्** (आह्वयति) બોલાવવું **पठ्** (पठति) ભણવું, પાઠ કરવો, વાંચવું.

(આત્મનેપદ) **शुभ्** (शोभते) શોભવું.

**દશમ ગણ :** (પરસ્મૈપદ) **तर्क्** (तर्कयति) અટકળ કરવી, કલ્પના કરવી, ધારવું.

## વિશેષ

**(1) શબ્દાર્થ : परिभ्रमन्** રખડતો, ભ્રમણ કરતો, ભટકતો **क्षुधार्तः** ભૂખ્યો, ભૂખથી પીડાતો **निगूढो भूत्वा** સંતાઈને, છુપાઈને **तर्कयामि** વિચારું છું. સમજું છું. **किं करवाणि** શું કરું ? **आकारयिष्यति** આવકારીશ. બોલાવીશ. **भोज्यम्** ખાવાનું ભોજન **आह्वानमकरोत्** આવાહન કર્યું. **उच्चगर्जनस्य** મોટી ગર્જનાના **पलायमानः** ભાગતો, નાસી જતો **कुरुते** કરે છે. **शोच्यते** શોકનું-ચિંતાનું પાત્ર બને છે. **संस्थस्य** રહેલાને, વસતાને **न कदापि मे श्रुता** में ક્યારેય સાંભળી નથી.

**(2) સંધિ :** इतस्ततः (इतः ततः) । कोऽपि (कः अपि) । अत्रैव (अत्र एव) । निगूढो भूत्वा (निगूढः भूत्वा) । बहिरागता (बहिः आगता) । विनष्टोऽस्मि (विनष्टः अस्मि) । यन्मया (यत् मया) । कृतोऽस्ति (कृतः अस्ति) । यदाहम् (यदा अहम्) । एतच्छ्रुत्वा (एतत् श्रुत्वा) । अन्येऽपि (अन्ये अपि) । शृगालोऽपि (शृगालः अपि) । करोत्यनागतम् (करोति अनागतम्)। वनेऽत्र (वने अत्र) ।

## સ્વાધ્યાય

**1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) कीदृशः सिंहः वने इतः ततः परिभ्रमणम् अकरोत् । ◯

(क) तृषार्तः (ख) क्षुधार्तः (ग) भयार्तः (घ) निगूढः

(2) शृगालस्य नाम किम् आसीत् । ◯

(क) खरनखरः (ख) मदोन्मत्तः (ग) दीर्घपुच्छः (घ) दधिपुच्छः

(3) शृगालस्य गुहायां कः प्रविष्टः । ◯

(क) शृगालः (ख) सिंहः (ग) गजः (घ) शशकः

**2. एकवाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) सूर्यास्तसमये सिंहः किम् अपश्यत् ?

(2) शृगालः कस्य पदपद्धतिम् अपश्यत् ?

(3) शृगालस्य वचनं श्रुत्वा सिंहः किम् अकरोत् ?

(4) बिलस्य वाणी न कदापि मे श्रुता – इति वाक्यं कः वदति ?

**3. घटना-क्रमानुसारं वाक्यानि लिखत ।**

(1) शृगालः अपि ततः दूरं पलायमानः इमम् अपठत् ।

(2) क्षुधार्तः सिंहः किञ्चिदपि आहारं न अलभत ।

(3) इत्थं विचार्य सिंहः सहसा शृगालस्य आह्वानम् अकरोत् ।

(4) भो बिल ! भो बिल ! किं न स्मरसि ।

(5) अतः अत्रैव निगूढो भूत्वा तिष्ठामि ।

(6) यदि त्वं मां न आह्वयसि तर्हि अहं द्वितीयं बिलं यास्यामि ।

**4. कृदन्तप्रकारं लिखत ।**

(1) दृष्ट्वा .............. (2) भूत्वा .............. (3) विचिन्त्य ..............

(4) कर्तुम् .............. (5) प्रविश्य ..............

**5. स्म-प्रयोगेण क्रियापदानि परिवर्तयत ।**

(1) अचिन्तयत् (2) अगच्छत् (3) अपठत् (4) अवसत्

**6. समासप्रकारं लिखत ।**

(1) सूर्यास्तः (2) पदपद्धतिः (3) भयभीताः (4) गर्जनप्रतिध्वनिः

**7. मातृभाषया उत्तराणि लिखत ।**

(1) સાંજના સમયે ગુફાને જોઈને સિંહે શું વિચાર્યું ?

(2) ગુફાના સ્વામી શિયાળે ગુફા આગળ પગલાંની નિશાની જોઈને શું વિચાર્યું ?

(3) ગુફાથી દૂર રહીને શિયાળે ગુફાને કઈ શરત યાદ કરાવી ?

(4) આ વાર્તા પરથી શો બોધ મળે છે ?

(5) શિયાળે જતાં જતાં શું કહ્યું ?

**8. मातृभाषायाम् अनुवादं लिखत ।**

(1) अतः अत्रैव निगूढो भूत्वा तिष्ठामि ।

(2) नूनम् अस्मिन् बिले सिंहः इति तर्कयामि ।

(3) यदि त्वं मां न आह्वयसि तर्हि अहं द्वितीयं बिलं यास्यामि ।

(4) एवं सः बिले प्रविश्य मे भोज्यं भविष्यति ।

(5) अनेन अन्ये अपि पशवः भयभीताः अभवन् ।

(6) बिलस्य वाणी न कदापि मे श्रुता ।

**9. अव्ययपदानाम् अर्थं लिखत ।**

(1) यदा .............. (2) तथा .............. (3) कुत्र ..............

(4) इतः .............. (5) सर्वदा ..............

**પ્રવૃત્તિ**

- કોઈ એક પ્રાણીકથાને તમારા શબ્દોમાં લખો.

•

# 19. विनोदपद्यानि

[સંસ્કૃત ભાષાની અનેક લાક્ષણિકતાઓ છે. જેમકે, પદાન્વય, સંધિ, સમાસ, શબ્દોની અનેકાર્થતા વગેરે. આ બધી લાક્ષણિકતાઓનો ઉપયોગ કરીને સંસ્કૃતના સુપ્રસિદ્ધ કવિઓએ પોતાની કવિતામાં અનેક પ્રકારના ચમત્કારો સર્જ્યા છે અને એ રીતે પોતાની કૃતિથી આ કવિઓએ પુષ્કળ યશ મેળવ્યો છે. ઘણા કવિઓએ તો આવા એકાદ ચમત્કારપૂર્ણ શ્લોકની રચના કરીને પોતાને અમર બનાવી દીધા છે.

આવી રચનાઓ અનેકત્ર સંગ્રહ પામી છે. તે બધા સંગ્રહોમાંથી અહીં માત્ર દસ પદ્યોને લેવામાં આવ્યાં છે. આમાંનાં પ્રથમ પાંચ પ્રહેલિકા પ્રકારનાં છે. બાકીનાં ત્રણ પદ્યો સંસ્કૃતની ઉપર જણાવેલી લાક્ષણિકતાઓનો આશ્રય લઈને જુદા-જુદા પ્રકારની અનેરી ચમત્કૃતિ રજૂ કરે છે.

પ્રસ્તુત પદ્યોના અભ્યાસથી કાવ્યાત્મક ચમત્કૃતિના રસનો આસ્વાદ તો કરીશું જ, સાથે સાથે જગતના કેટલાક પદાર્થોની ખાસિયતો, કેટલીક ઐતિહાસિક વિગતો અને અમુક નૈતિક બાબતોનો બોધ પણ મેળવીશું.]

कं संजघान कृष्णः का शीतलवाहिनी गङ्गा ।
के दारपोषणरताः कं बलवन्तं न बाधते शीतम् ॥1॥

तातेन कथितं पुत्र लेखं लिख ममाज्ञया ।
न तेन लिखितो लेखः पितुराज्ञा न लोपिता ॥2॥

सीमन्तिनीषु का शान्ता राजा कोऽभूत् गुणोत्तमः ।
विद्वद्भिः का सदा वन्द्या चात्रैवोक्तं न बुध्यते ॥3॥

व्रजन्ति पद्मानि कदा विकासं
प्रिया गते भर्तरि किं करोति ।
रात्रौ च नित्यं विरहातुरा का
सूर्योदये रोदिति चक्रवाकी ॥ 4 ॥

आदौ नकारः परतो नकारः मध्ये नकारेण हतो दकारः ।
एवं नकारत्रयसंयुतस्य का दानशक्तिः खलु नन्दनस्य ॥5॥



एको ना विंशतिः स्त्रीणां स्नानार्थं सरयुं गताः ।
विंशतिः पुनरायाताः एको व्याघ्रेण भक्षितः ॥ 6 ॥
तुरोऽहं प्रथमं हित्वा चरोऽस्मि मध्यमं विना ।
आद्यमध्यान्तिमैर्युक्तः को भवामि वदन्तु भोः ॥ 7 ॥
अहं च त्वं च राजेन्द्र लोकनाथावुभावपि ।
बहुव्रीहिरहं राजन् षष्ठीतत्पुरुषो भवान् ॥ 8 ॥

## ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : लेखः** લખાણ, લેખ **नकारः** વર્ણમાળાનો **'न'** વર્ણ **दकारः** વર્ણમાળાનો **'द'** વર્ણ **नन्दन** એક માણસનું નામ (આમાં આગળ અને પાછળ ન (નહીં, એવો નિષેધાર્થક) છે, વચ્ચે એક દ (દાન કર - દે, એવા અર્થનો વાચક) હતો. તે પણ (નન્દન - એ શબ્દમાં) વચ્ચે આવેલા ન વર્ણથી હણાઈ ગયો છે, મરી પરવાર્યો છે. આથી નન્દન પાસે દાન કરવાની શક્તિ ક્યાંથી હોય ? અહીં આ રહસ્ય છે.) **बहुव्रीहिः** સમાસનો એક પ્રકાર **षष्ठी तत्पुरुषः** સમાસનો એક પ્રકાર.

**(સ્ત્રીલિંગ) : गङ्गा** ગંગા નદી **सीमन्तिनी** સેંથાવાળી સ્ત્રી, પરણેલી સ્ત્રી **प्रिया** પત્ની, કાન્તા **चक्रवाकी** ચક્રવાક પક્ષિણી, ચકવી **विंशति** વીસ (સંખ્યા) **सरयु** સરયુ નદી (જેના તટે અયોધ્યા છે.)

**(નપુંસકલિંગ) : शीतम्** ઠંડક, ઠંડી **पद्मम्** કમળ

**સમાસ :** गुणोत्तमः (गुणेषु उत्तमः । सप्तमी तत्पुरुष) । विरहातुरा (विरहेण आतुरा । तृतीया तत्पुरुष) सूर्योदये (सूर्यस्य उदयः सूर्योदयः, तस्मिन् । षष्ठी तत्पुरुष) । दानशक्तिः (दानस्य शक्तिः । षष्ठी तत्पुरुष) आद्यमध्यान्तिमैः (आद्यः च मध्यः च अन्तिमः च आद्यमध्यान्तिमाः, तैः । इतरेतर द्वन्द्व) । राजेन्द्रः (राज्ञाम् इन्द्रः, षष्ठी तत्पुरुष) । लोकनाथौ (बहुव्रीहिपक्षे – लोकाः (= जनाः) नाथाः (= स्वामिनः) यस्य सः – एवंविधः अहम् – निर्धनः, याचकत्वात् । षष्ठीतत्पुरुषपक्षे – लोकानाम् (= जनानाम्) नाथः (= स्वामी) – एवंविधः, त्वम् राजा, पालकत्वात् ।)

**ક્રિયાપદ : પ્રથમ ગણ :**

(આત્મનેપદ) **बाध् (बाधते)** પજવવું, પીડા પહોંચાડવી

**ચતુર્થ ગણ :** (આત્મનેપદ) **बुध् (बुध्यते)** જાણવું, બોધ થવો

## વિશેષ

**(1) શબ્દાર્થ : कं संजघान** કોનો સંહાર કર્યો (અન્ય પક્ષમાં – कंसं जघान કંસનો સંહાર કર્યો) **का शीतलवाहिनी** કોણ શીતળતાનું વહન કરનારી છે. (અન્ય પક્ષમાં – काशीतलवाहिनी કાશી નગરીના તળમાં વહેનારી) **के दारपोषणरताः** કોણ પરિવારનું પોષણ કરવામાં રત છે. (અન્ય પક્ષમાં – केदारपोषणरताः કેદારનું એટલે કે ખેતરનું પોષણ કરવામાં રત) **कं बलवन्तम्** કયા બળવાળાને (અન્ય પક્ષમાં – कम्बलवन्तम् કામળાવાળાને) **न तेन** તેણે નહીં (અન્ય પક્ષમાં – नतेन નમ્ર બનેલાએ) **सीमन्तिनीषु का शान्ता** પરણેલી સ્ત્રીઓમાં કોણ શાંત છે. (ચરણનો આદિ અને અન્ત્ય વર્ણ મેળવતાં ઉત્તર બની જાય છે – सीता । આવી જ રીતે બાકીનાં ચરણોનો ઉત્તર છે – રામ, વિદ્યા.) **अत्रैवोक्तम् न बुध्यते** અહીં જ કહી દીધું છે, છતાં

સમજાતું નથી અથવા છતાંય જણાતું નથી ? **गते भर्तरि** પતિ (પરલોકમાં) ચાલ્યો જાય છે ત્યારે **रोदिति** રડે છે. **नकारत्रयसंयुतस्य नन्दनस्य** ત્રણ નકારથી જોડાયેલા એવા નન્દનથી **एको ना विंशतिः स्त्रीणाम्** એક નર અને વીસ સ્ત્રીઓ (પક્ષમાં - एकोनविंशतिः स्त्रीणाम् સ્ત્રીઓમાંની ઓગણીસ સ્ત્રીઓ **तुरोऽहं प्रथमं हित्वा** પહેલાને છોડી દેતાં **तुर** છું. **चरोऽस्मि मध्यमं विना** મધ્યમ (વચલા) વર્ણ વગર હું **चर** ચર છું. **आद्यमध्यान्तिमैर्युक्तः** આદ્ય, મધ્ય અને અંતિમ વર્ણોથી જોડાયેલ **कः भवामि** કોણ છું ? કોણ હોઈશ ? **वदन्तु** કહો. **लोकनाथावुभावपि** આપણે બંને લોકનાથ છીએ.

**(2) સંધિ :** चात्रैवोक्तम् (च अत्र एव उक्तम्) । तुरोऽहम् (तुरः अहम्) । को भवामि (कः भवामि) । लोकनाथावुभावपि (लोकनाथौ उभौ अपि) । बहुव्रीहिरहम् (बहुव्रीहिः अहम्) ।

## સ્વાધ્યાય

**1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चित्वा लिखत ।**

(1) कंसं कः जघान ? ◯

(क) कृष्णः (ख) भीमः (ग) बलरामः (घ) उग्रसेनः

(2) केन कथितं पुत्र लेखं लिख इति ? ◯

(क) कृष्णेन (ख) मित्रेण (ग) तातेन (घ) स्वयमेव

(3) राजा कः अभूत् गुणोत्तमः ? ◯

(क) युधिष्ठिरः (ख) रामः (ग) कृष्णः (घ) विभीषणः

(4) व्रजन्ति पद्मानि कदा विकासम् ? ◯

(क) सूर्योदये (ख) प्रातःकाले (ग) प्रभाते (घ) मध्याह्ने

(5) एकः केन भक्षितः ? ◯

(क) सिंहेन (ख) व्याघ्रेण (ग) रोगेण (घ) ध्वनिना

**2. एकवाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) पुत्रेण कस्य आज्ञा न लोपिता ?

(2) चक्रवाकी कदा विरहातुरा भवति ?

(3) प्रिया गते भर्तरि किं करोति ?

(4) नकारत्रयसंयुतस्य नन्दनस्य का नास्ति ?

(5) विद्वद्भिः का सदा वन्द्या ?

(6) शीतं कं न बाधते ?

3. **निम्नलिखितानां पदानां समासप्रकारं लिखत ।**

(1) गुणोत्तमः .............. (2) विरहातुरा .............. (3) सूर्योदयः ..............
(4) दानशक्तिः .............. (5) लोकनाथः ..............

4. **प्रदत्तान् शब्दान् प्रयुज्य वाक्यानि विरचयत ।**

(1) કયા બળવાળાને ઠંડી હેરાન કરતી નથી ?
(किम् बलवत् शीत न बाध् ।)

(2) રાજા રામ ગુણોત્તમ છે.
(नृप राम गुणोत्तम अस् ।)

(3) કમળ ક્યારે વિકાસ પામે છે ?
(पद्म कदा विकास व्रज् ?)

(4) આદિમાં નકાર છે અને પાછળ પણ નકાર છે.
(आदि नकार अस् परतः अपि नकार अस् ।)

(5) પહેલાને ત્યાગી દેતાં હું 'તુર' છું.
(प्रथम वि + हा + त्वा > य अस्मद् 'तुर' अस् ।)

5. **मातृभाषायाम् उत्तरत ।**

(1) कं संजघान कृष्णः । આ વાક્યના બે અર્થ કયા કયા છે ?
(2) નન્દન પાસે દાનશક્તિ કેમ નથી ?
(3) સ્નાન માટે વાસ્તવમાં કેટલા લોકો ગયા હતા ?
(4) રાજા અને ભિક્ષુક બંને લોકનાથ શા માટે છે ?

6. **श्लोकाननुलक्ष्य यथायोग्यं संयोजयत ।**

| क | ख |
|---|---|
| (1) एको न विंशतिः स्त्रीणाम् | (1) चात्रैवोक्तं न बुध्यते । |
| (2) बहुव्रीहिरहं राजन् | (2) स्नानार्थं सरयुं गता । |
| (3) विद्वद्भिः सदा वन्द्या | (3) खलु नन्दनस्य । |
| (4) तातेन कथितं पुत्र | (4) पाण्डवाः हर्षमागताः । |
| (5) का दानशक्तिः | (5) षष्ठीतत्पुरुषो भवान् । |
| | (6) लेखं लिख ममाज्ञया । |

**પ્રવૃત્તિઓ**

- અન્ય ભાષાની પ્રહેલિકાઓ એકત્ર કરો.
- લોકનાથ શબ્દના જેવા દ્વિવિધ સમાસના પ્રયોગો એકત્ર કરી તેમના અર્થોનું પત્રક તૈયાર કરો.
- એક કરતાં વધારે અર્થ ધરાવતા હોય, તેવાં સંસ્કૃત વાક્યોનો સંગ્રહ કરો.

# 20. संस्कृतभाषायाः वैशिष्ट्यम्

[સંસ્કૃત ભાષાની અનેક વિશેષતાઓ છે. એક તો આ આપણા ભારતની પ્રાચીનતમ ભાષા છે. વળી તે આપણી સાંસ્કૃતિક રાષ્ટ્રભાષા પણ છે. તે ભારતીય પ્રાચીન સભ્યતા તથા સંસ્કૃતિવાહક છે. આ ઉપરાંત સંસ્કૃતભાષા માત્ર ભારતીય ભાષાઓની જ નહીં, પરંતુ વિશ્વની અનેક ભાષાઓની જનની છે.

સંસ્કૃતની ખ્યાતિ સર્વત્ર છે. પરંતુ અત્યારે તે પ્રાચીન જમાનાની જેમ બોલચાલની ભાષા રહી નથી. આને લીધે લોકોને તેની સાથે આત્મીયતા બંધાતી નથી. એક ભાષા તરીકે સંસ્કૃતની જે ખૂબીઓ છે, તે જનસમાજે જાણવી જરૂરી છે. પ્રસ્તુત પાઠમાં તે દિશામાં પ્રવૃત્તિનો ઉપક્રમ અને પ્રયત્ન છે.

અહીં સંસ્કૃતની ભાષાગત વિશેષતાઓની સાથે તેનામાં રહેલું અભિવ્યક્તિનું સામર્થ્ય અને અભિવ્યક્તિ માટેના વિવિધ વિકલ્પોને સમજાવવાનો ઉપક્રમ રાખ્યો છે.]

---

वयं जानीमः यत् संस्कृतभाषा सर्वासां भारतीयभाषाणां जननी वर्तते । अथ च संसारे याः भाषाः सन्ति तासु सा प्राचीनतमा भाषा । अस्याः भाषायाः अनेकविधं वैशिष्ट्यम् अस्ति । अत्र उदाहरणरूपेण किञ्चित् वैशिष्ट्यं प्रदर्शयामः ।

प्रथमं वैशिष्ट्यम् । संसारस्य समस्तेषु पुस्तकालयेषु प्राचीनतमः ग्रन्थः वर्तते ऋग्वेदः । अयमपि संस्कृतभाषायाः एव ग्रन्थः । एवं संसारस्य प्रथमं पुस्तकमपि संस्कृतस्यैव वर्तते न तु कस्याश्चित् अन्यस्याः भाषायाः ।



द्वितीयं वैशिष्ट्यम् । संस्कृतभाषायाः या वर्णमाला अस्ति, तत्र यः वर्णक्रमः निर्धारितः वर्तते, सः वैज्ञानिकः तार्किकः च अस्ति । प्रकृतितः सर्वेभ्यः मानवेभ्यः यत् उच्चारणतन्त्रं प्राप्तम् अस्ति, तस्य अनुसरणं कृत्वा अत्र वर्णमालायां वर्णानां क्रमः निर्धारितो वर्तते । उच्चारणतन्त्रस्य अनुसारम् अकारस्य उच्चारणम् प्रथमं भवति । अतः वर्णमालायाम् अकारः प्रथमः वर्तते । एवमेव व्यञ्जनवर्णेषु ककारस्य क्रमः पूर्वं चकारस्य च क्रमः पश्चात् वर्तते तस्यापि कारणमिदमेव । अन्यासु भाषासु याः वर्णमालाः सन्ति, तत्र एतादृशः तार्किकः वैज्ञानिकश्च क्रमः न मिलति ।

तृतीयं वैशिष्ट्यम् । आचार्येण पाणिनिना विरचितम् अष्टाध्यायीनाम्ना प्रसिद्धं संस्कृतव्याकरणं मानवमस्तिष्कस्य सर्वोत्तमा कृतिः वर्तते । एतादृशं व्याकरणम् अन्यत्र न उपलभ्यते ।

चतुर्थं वैशिष्ट्यम् । संस्कृतभाषायां महाभारतनाम्ना प्रसिद्धः एकः ग्रन्थः वर्तते । सः लक्षश्लोक-परिमितः । एतादृशः विशालकायः ग्रन्थः निखिलेऽपि संसारे नास्ति । इदमपि संस्कृतस्य अपरं वैशिष्ट्यम् ।

पञ्चमं वैशिष्ट्यम् । रामायणम् नाम सुप्रसिद्धम् आदिकाव्यम् अस्ति । पुरातने भारते अयं ग्रन्थः अनेकासु लिपिषु लिखितः । सम्प्रति सः नेवारी, मैथिली, बंगाली, देवनागरी, तेलगु, ग्रन्थ, मलयालम, शारदा इत्यादिषु लिपिषु लिखितः मिलति । संस्कृतभाषायाः एतादृशाः बहवो ग्रन्थाः सन्ति ये प्राचीनकाले अनेकासु लिपिषु लिखिताः । एतादृशः उपक्रमः अपि संस्कृतस्यैव वैशिष्ट्यम् वर्तते ।




षष्ठं वैशिष्ट्यम् । संस्कृतभाषायाः पञ्चतन्त्रनामकः ग्रन्थः प्रायः विश्वस्य सर्वासु भाषासु अनूदितः वर्तते । एतादृशं सौभाग्यम् अन्यस्याः कस्याश्चित् भाषायाः ग्रन्थेन अद्यावधि न प्राप्तम् ।



सप्तमं वैशिष्ट्यम् । संस्कृतसाहित्ये दशकुमारचरितनाम्ना प्रसिद्धं कथापुस्तकं वर्तते । तस्य सप्तमे उच्छ्वासे एकं पात्रं प-वर्गप्रयोगरहितानि वाक्यानि वदति । वर्णमालाया: अमुकान् वर्णान् विहाय संवादकरणं संस्कृते एव संभवति, नान्यत्र ।

अष्टमं वैशिष्ट्यम् । एकस्य वर्णस्य प्रयोगेण काव्यकरणम् संस्कृते एव संभवति । महाकविना माघेन विरचिते शिशुपालवधमहाकाव्ये दकारस्य नकारस्य च एकमात्रस्य वर्णस्य प्रयोगेण निर्मितानि पद्यानि अस्य प्रमाणानि सन्ति ।

एवम् संस्कृतस्य अनेकानि वैशिष्ट्यानि सन्ति ।

## ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : अकार: अ** અક્ષર, વર્ણમાળાનો પ્રથમ સ્વર-અક્ષર **ककार: क** અક્ષર, વ્યંજનોમાં પ્રથમ વર્ણ

**(સ્ત્રીલિંગ) : प्रकृति:** કુદરત

**(નપુંસકલિંગ) : वैशिष्ट्यम्** વિશેષતા, ખાસિયત **मस्तिष्कम्** મસ્તક, દિમાગ

**વિશેષણ : प्राचीनतम** સૌથી પ્રાચીન, અતિશય જૂનું **तादृश** તેવું **एतादृश** આવું **एकाधिक** એક કરતાં વધારે

**અવ્યય : प्राय:** મોટા ભાગે, ઘણું કરીને **अद्य** આજે

**સમાસ :** पुस्तकालय: (पुस्तकानाम् आलय: पुस्तकालय: । षष्ठी तत्पुरुष) । कथापुस्तकम् (कथानाम् पुस्तकम् कथापुस्तकम् । षष्ठी तत्पुरुष) । वर्णमाला (वर्णानां माला वर्णमाला । षष्ठी तत्पुरुष) । मानवमस्तिष्कम् (मानवस्य मस्तिष्कम् मानवमस्तिष्कम् । षष्ठी तत्पुरुष) । शिशुपालवध: (शिशुपालस्य वध: शिशुपालवध: । षष्ठी तत्पुरुष) ।

**ક્રિયાપદ : ષષ્ઠ ગણ** (પરસ્મૈપદ) **मिल् (मिलति)** મળવું.

## વિશેષ

**(1) શબ્દાર્થ : सर्वासाम्** બધીનું (સ્ત્રી.) **उपलभ्यन्ते** પ્રાપ્ત થાય છે. **अनुदित:** અનુવાદ કરાયેલો **प-प्रयोगरहितानि** પ-વર્ગ (એટલે પ, ફ, બ, ભ અને મ અક્ષરો) જેમાં ન હોય તેવા શબ્દોવાળાં વાક્યોનો પ્રયોગ, **विहाय** છોડીને, **प्रकृतित:** કુદરત પાસેથી.

**(2) સંધિ :** संस्कृतस्यैव (संस्कृतस्य एव) । निर्धारितो वर्तते (निर्धारित: वर्तते) । कारणमिदमेव (कारणम् इदम् एव) । वैज्ञानिकश्च (वैज्ञानिक: च) । निखिलेऽपि (निखिले अपि) । बहवो ग्रन्था: (बहव: ग्रन्था:) ।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) संस्कृतभाषायां लक्षश्लोकपरिमितः ग्रन्थः कः ? ◯

(क) महाभारतम् (ख) रामायणम् (ग) दशकुमारचरितम् (घ) विष्णुपुराणम्

(2) संसारस्य प्राचीनतमः ग्रन्थः .......... वर्तते ? ◯

(क) रामायणम् (ख) भागवतपुराणम् (ग) ऋग्वेदः (घ) यजुर्वेदः

(3) मुखतः उच्चारणकाले कस्य स्वर-वर्णस्य प्रादुर्भावः प्रथमं भवति ? ◯

(क) एकारस्य (ख) उकारस्य (ग) ईकारस्य (घ) अकारस्य

(4) संस्कृतस्य वर्णमालायां वर्णानां क्रमः कस्य आधारेण निर्धारितः अस्ति ? ◯

(क) व्यञ्जनस्य (ख) स्वरस्य (ग) उच्चारणतन्त्रस्य (घ) वर्णस्य

(5) दशकुमारचरितस्य कतमे उच्छ्वासे प-वर्गप्रयोगरहितानि वाक्यानि सन्ति ? ◯

(क) सप्तमे (ख) पञ्चमे (ग) द्वितीये (घ) अष्टमे

(6) पाणिनिना रचितस्य व्याकरणस्य किं नाम ? ◯

(क) पञ्चाक्षरी (ख) शताध्यायी (ग) अष्टाध्यायी (घ) अष्टाङ्गी

**2. एकवाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) संस्कृतभाषायाः कः ग्रन्थः सर्वासु भाषासु अनूदितः वर्तते ?

(2) व्यञ्जनवर्णेषु कस्य क्रमः प्रथमः वर्तते ?

(3) माघेन रचितस्य काव्यस्य नाम किं वर्तते ?

(4) ऋग्वेदः कीदृशः ग्रन्थः वर्तते ?

(5) महाभारते कति श्लोकाः सन्ति ?

**3. रेखाङ्कितपदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।**

(किम्, कस्मिन्, कः, कासाम्)

(1) संस्कृतस्य <u>वैशिष्ट्यं</u> प्रदर्शयामः ।

(2) <u>ऋग्वेदः</u> प्राचीनतमः ग्रन्थः वर्तते ।

(3) संस्कृतभाषा <u>भारतीयभाषाणां</u> जननी ।

(4) <u>पञ्चतन्त्रनामकः</u> ग्रन्थः सर्वासु भाषासु अनूदितः वर्तते ।

**4. शब्दरूपैः रिक्तस्थानानि पूरयत ।**

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| (1) | ग्रन्थेन | .......... | .......... |
| (2) | .......... | .......... | वाक्यानि |
| (3) | .......... | .......... | सप्तमेषु |
| (4) | आचार्यः | .......... | .......... |
| (5) | .......... | .......... | भाषासु |

**5. प्रदत्तान् शब्दान् प्रयुज्य वाक्यानि रचयत ।**

(1) સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથો છે.

संस्कृतभाषा अनेक ग्रन्थ वृत् ।

(2) સંસારનું પ્રથમ પુસ્તક ઋગ્વેદ છે.

संसार प्रथम पुस्तक ऋग्वेद अस् ।

(3) રામાયણ પ્રસિદ્ધ આદિકાવ્ય છે.

रामायण प्रसिद्ध आदिकाव्य वृत् ।

(4) આ પણ સંસ્કૃતની વિશેષતા છે.

इदम् अपि संस्कृत वैशिष्ट्य वृत् ।

**6. मातृभाषया उत्तराणि लिखत ।**

(1) સંસ્કૃતભાષાની કોઈપણ બે વિશિષ્ટતા જણાવો.

(2) સંસ્કૃત વર્ણમાલાની વિશેષતા દર્શાવો.

(3) દશકુમારચરિતની વિશેષતા દર્શાવો.

**પ્રવૃત્તિઓ**

- સંસ્કૃત ભાષામાંનાં ધ્યેયવાક્યોનો સંગ્રહ કરો.
- સંસ્કૃત ભાષાનાં સામયિકોની યાદી બનાવો.

•

# अभ्यास 1 : पुनरावर्तनम्

## કર્તૃકારક અને વર્તમાનકાળનાં ક્રિયાપદોનું પુનરાવર્તન

નીચેનાં વાક્યો વાંચો -

(1) सः छात्रः वेदं पठति ।

(2) हे बालक, त्वं वेदं पठसि ।

(3) अहम् प्रातः वेदं पठामि ।

આપણે આઠમા ધોરણમાં આ પ્રકારનાં ક્રિયાપદોવાળી રચનાઓ ભણી ગયા છીએ, આથી આગળનું ભણીએ એ પહેલાં થોડું પુનરાવર્તન કરી લઈએ.

ઉપરનાં ત્રણેય વાક્યોમાં पठ् ધાતુ ( ક્રિયાશબ્દ ) વપરાયો છે. પરન્તુ આ पठ् ધાતુનાં જે રૂપો વપરાયાં છે, તે જુદાં જુદાં છે. જેમકે, પહેલા વાક્યમાં पठति છે, બીજા વાક્યમાં पठसि છે અને ત્રીજા વાક્યમાં पठामि છે. આ ફેરફાર શા કારણે છે, તે જાણવું જરૂરી છે. ઉપરનાં વાક્યોને ધ્યાનપૂર્વક જોતાં જણાય છે કે -

(1) જ્યાં सः છે, ત્યાં पठति રૂપ વપરાયું છે.

(2) જ્યાં त्वम् છે, ત્યાં पठसि રૂપ વપરાયું છે. જ્યારે,

(3) જ્યાં अहम् છે, ત્યાં पठामि રૂપ વપરાયું છે.

અહીં વપરાયેલું सः એ तद्નું, त्वम् એ युष्मद्નું અને अहम् એ अस्मद्નું પ્રથમા એકવચનનું રૂપ છે. આ પ્રથમા વિભક્તિનાં દ્વિવચન અને બહુવચનનાં રૂપોમાં પણ આ જ રીતે રૂપફેર જોવા મળે છે, જે નીચેના કોઠા ઉપરથી જાણી શકાશે -

**વર્તમાનકાળ (लट्लकार)**

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| ઉત્તમ પુરુષ (પહેલો પુરુષ) | अहम् पठामि | आवाम् पठावः | वयम् पठामः |
| મધ્યમ પુરુષ (બીજો પુરુષ) | त्वम् पठसि | युवाम् पठथः | यूयम् पठथ |
| અન્ય પુરુષ (ત્રીજો પુરુષ) | सः पठति | तौ पठतः | ते पठन्ति |

આ ઉપરથી આપણે યાદ રાખવાનું છે કે વાક્યમાં જ્યારે त्वम्, युवाम्, यूयम् (युष्मद् - प्रथमा) આવે છે, ત્યારે અનુક્રમે पठसि, पठथः, पठथ અને જ્યારે अहम्, आवाम्, वयम् આવે છે, ત્યારે અનુક્રમે पठामि, पठावः पठामः એવાં ક્રિયાપદ વપરાય છે. જ્યારે આ સિવાયનું કોઈ પણ નામ વાક્યમાં વપરાયું હોય, તો ત્યાં વચન મુજબ ક્રમશઃ पठति, पठतः, पठन्ति એવાં ક્રિયારૂપ વપરાય છે. (ઘણી વખતે સંસ્કૃતભાષાના વાક્યમાં આ सः વગેરે પદોનો સંદર્ભ હોય છે ખરો, પણ તે વપરાતાં નથી. જેમકે रामायणं पठामि । અહીં अहम् એવું (अस्मद्નું) પદ સાક્ષાત્ વપરાયું નથી. છતાં पठामि રૂપ ઉપરથી આ વાક્યમાં अहम् પદનું (अहं रामायणं पठामि । એમ) અનુસંધાન કરી લેવાય છે. આવું જ અન્યત્ર પણ સમજી લેવું.)

આ વખતે આપણે વર્તમાનકાળ ઉપરાંત ભૂતકાળ અને ભવિષ્યકાળનાં (પરસ્મૈપદ અને આત્મનેપદ-બંનેનાં) ક્રિયાપદો પણ શીખવાના છીએ. આ બધાં જ ક્રિયાપદોમાં આવી જ રીતે રૂપફેર જોવા મળે છે. તેથી દરેક વાક્ય રચતી વખતે આ વાત ધ્યાનમાં રાખવી. (ભૂતકાળ અને ભવિષ્યકાળનાં રૂપો શીખતી વખતે આ રીતના રૂપફેરનું કોષ્ટક આગળ આપવામાં આવ્યું છે.)

## સ્વાધ્યાય

**1. समुचितेन क्रियापदेन रिक्तानां स्थानानां पूर्तिः करणीया ।**

(1) देवगणाः मेधाम् .......... । (यच्छति, यच्छतः, यच्छन्ति )

(2) वयम् अग्निम् ......... । (पूजयामि, पूजयामः, पूजयति)

(3) अधीशः पाठशालाम् ......... । (गच्छति, गच्छामि, गच्छसि)

(4) हे छात्राः, यूयम् मन्त्रान् ......... । (लिखति, लिखथ, लिखथः)

(5) सामगाः ......... । (गायति, गायसि, गायन्ति)

**2. सूचनानुसारं शब्दरूपं चिनुत ।**

(1) हस्, अन्य-पुरुष-द्विवचनम् । (हसति, हसामः, हसतः)

(2) चल्, मध्यम-पुरुष-बहुवचनम् । (चलामि, चलथ, चलथः)

(3) खेल्, उत्तम-पुरुष-बहुवचनम् । (खेलति, खेलामः, खेलथ)

(4) खाद्, अन्य-पुरुष-बहुवचनम् । (खादसि, खादथ, खादन्ति)

(5) पा-पिब्, उत्तम-पुरुष-एकवचनम् । (पिबामि, पिबसि, पिबति)

(6) गम्-गच्छ्, मध्यम-पुरुष-द्विवचनम् । (गच्छन्ति, गच्छतः, गच्छथः)

**3. योग्यं शब्दरूपं चिनुत ।**

(1) .............. पश्यामि । (अहम्, वयम्, त्वम्)

(2) .............. तिष्ठावः । (तौ, आवाम्, वयम्)

(3) अहं गृहम् .............. । (गच्छति, गच्छतः, गच्छामि)

(4) .............. नश्यति । (सः, त्वम्, अहम्)

(5) वयम् .............. । (कथयन्ति, कथयामः, कथयामि)

**4. मातृभाषायाम् अनुवदत ।**

(1) भक्ताः स्तोत्रं पठन्ति ।

(2) छात्रा पत्रं लिखति ।

(3) अहं गृहं गच्छामि ।

(4) वयम् ईश्वरं नमामः ।

(5) सिंहः वने वसति ।

**5. संस्कृतभाषायाम् अनुवदत ।**

(1) અધીશ ભણે છે.

(2) મૃગ ઘાસ ખાય છે.

(3) ત્રીશા પશુને જુએ છે.

(4) તું શું ખાય છે ?

(5) અમે વિદ્યાલય જઈએ છીએ.

> **વિશેષ :** ક્રિયાપદોને તેમના કર્તા સાથે (પુરુષ તથા વચનના સંદર્ભે) જોડતાં શીખવવું. એવી જ રીતે કર્તૃપદોને ઉચિત ક્રિયાપદના રૂપ સાથે જોડતાં શીખવવું.

•

## अभ्यास 2 : कारक-विभक्ति-परिचयः

નીચેનાં વાક્યો વાંચો :


(1) त्वं यानेन गृहं गच्छसि ।

(2) शिक्षकात् छात्राः वेदस्य मन्त्रं पठन्ति ।


(3) छात्रः प्रश्नस्य उत्तराणि लेखिन्या सञ्चिकायां लिखति ।

ઉપરનાં વાક્યોમાં ક્રમશઃ ચાર, પાંચ અને છ - પદો છે. આ બધાં પદોને બે ભાગમાં વહેંચી શકાય છે. (1) કારકપદ અને (2) ક્રિયાપદ. પ્રથમ વાક્યમાં त्वम्, यानेन અને गृहम् એ ત્રણ પદ કારકપદ છે, જ્યારે गच्छसि એ એકમાત્ર ક્રિયાપદ છે. એવી જ રીતે બીજાં બે વાક્યોમાં પણ पठन्ति અને लिखति એ બે ક્રિયાપદો છે, બાકીનાં બધાં કારકપદો છે. કારકપદોને નામપદ તરીકે પણ ઓળખવામાં આવે છે.

કારક શબ્દનો અર્થ થાય છે - કરનાર. ક્રિયાને જન્માવનાર પદાર્થ-વસ્તુઓને કારક કહેવાય છે. આવાં કારકોની સંખ્યા છ છે. જેમકે - કર્તા, કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ. આ બધાં કારકો ક્રિયાને જન્માવવામાં વત્તે-ઓછે અંશે મદદગાર બને છે. આ વાતને સરળતાથી સમજવા માટે નીચેનું ચિત્ર જુઓ.




ઉપરના ચિત્રમાં लिखति (લખવું) ક્રિયાનાં જુદાં-જુદાં છ કારકોનો એકીસાથે પ્રયોગ થયો છે. આ છ કારકોની સાથે સંબંધ ધરાવનાર પદો પણ ક્યારેક વાક્યમાં વપરાતાં હોય છે. જેમકે छात्रः એ કર્તાની સાથે गुरुकुलस्य એવું એક સંબંધવાચક પદ પણ આવી શકે છે. આવી જ રીતે उत्तराणि એ કર્મની સાથે प्रश्नस्य, लेखिन्या એ કરણની સાથે काष्ठस्य જેવાં સંબંધ સૂચવનારાં પદો પણ વાપરી શકાય છે. આ જ રીતે બીજાં કારકોના સંદર્ભે પણ સમજવું. આ વાતને સમજવા માટે નીચેનું ચિત્ર જુઓ :




આમ સંસ્કૃતભાષામાં સરળમાં સરળ વાક્યની રચના આ રીતે થઈ શકે છે. ઉપર્યુક્ત બધાં પદોને યોગ્ય ક્રમે લખીશું, તો આ પ્રમાણે વાક્ય બનશે : गुरुकुलस्य छात्रः काष्ठस्य लेखिन्या संस्कृतस्य ज्ञानाय मित्रस्य पुस्तकात् तस्य वर्गखण्डे प्रश्नानाम् उत्तराणि लिखति । (ગુરુકુળનો છાત્ર લાકડાની કલમથી સંસ્કૃતના જ્ઞાન માટે મિત્રના પુસ્તકમાંથી તેના વર્ગખંડમાં પ્રશ્નોના ઉત્તરોને લખી રહ્યો છે.) આ આખાય વાક્યમાં જુદાં જુદાં છ કારકો અને તે દરેકની સાથે એક-એક સંબંધવાચક પદ વપરાયેલું છે.

આ ઉપરાંત વાક્યમાં સંબોધન પદનો પણ પ્રયોગ થાય છે. જેમ-કે – हे गुरो ! गुरुकुलस्य छात्रः .... उत्तराणि लिखति । (કોઈ વ્યક્તિને પોતાના તરફ અભિમુખ કરવા માટે જે પદ વપરાય છે, તેને સંબોધનપદ કહે છે. આ સંબોધનપદનાં રૂપો પ્રથમા વિભક્તિનાં રૂપો જેવાં હોય છે. માત્ર એકવચનનું રૂપ થોડું જુદું પડે છે.)

અહીં તમે જોઈ શકશો કે ઉપરના વાક્યમાં કર્તા વગેરે કારકને કહેવા માટે મૂળ નામપદની સાથે (ગુજરાતી ભાષામાં વપરાય છે, તેમ સંસ્કૃત ભાષામાં પણ) કેટલાક વધારાના ધ્વનિઓ પણ વપરાયા છે. જેમકે छात्रः (छात्र + :) उत्तराणि (उत्तर + आणि) વગેરે. આ જે વધારાના ધ્વનિઓ ઉમેરાયા છે, તેમને વિભક્તિ તરીકે ઓળખવામાં આવે છે. આ વિભક્તિ પ્રત્યયો જુદાં જુદાં કારકનો અર્થ કહેવા માટે વાપરવામાં આવે છે. (ગુજરાતી ભાષામાં જે તે કારકના અર્થને કહેવા માટે જે-જે વિભક્તિ પ્રત્યયો વપરાય છે, તેની સમજ કેળવવા માટે નીચે કોષ્ટક આપેલું છે. આ કોષ્ટક ઉપરથી સંસ્કૃતભાષાનાં કારકો અને વિભક્તિ પ્રત્યયોની પણ સમજ કેળવી શકાશે.)

## વિભક્તિ, કારકો અને તેના માટે ગુજરાતી ભાષામાં વપરાતા પ્રત્યયો

| વિભક્તિ | કારક | ગુજરાતી ભાષામાં વપરાતા પ્રત્યયો |
|---|---|---|
| પ્રથમા | કર્તા | ૦ (શૂન્ય)/એ/ |
| દ્વિતીયા | કર્મ | ૦ (શૂન્ય)/ને |
| તૃતીયા | કરણ | થી/થકી/વડે |
| ચતુર્થી | સંપ્રદાન | ને માટે/માટે/કાજે/ને વાસ્તે |
| પંચમી | અપાદાન | થી/માંથી/પરથી/ને કારણે |
| ષષ્ઠી | સંબંધ | નો, ની, નું, ના / રા, રે, રી, રું, રો |
| સપ્તમી | અધિકરણ | માં / ની અંદર / ઉપર / ને વિષે |
| સંબોધન | સંબોધન | હે / ઓ / અરે |

એક જ વસ્તુ કોઈ એક ક્રિયાના કે વિભિન્ન ક્રિયાઓના સંદર્ભે જુદાં-જુદાં કારક તરીકે ભાગ ભજવી શકે છે. જેમકે - આ નામ જુદી-જુદી ક્રિયાના સંદર્ભે ક્યાંક કર્તાકારક તો ક્યાંક કર્મકારક વગેરે રૂપે પણ વાપરી શકાય છે. જેમકે, નીચેનાં વાક્યો વાંચો :

(1) पुस्तकम् अस्ति ।

(2) छात्रः पुस्तकम् पठति ।

(3) पुस्तकेन ज्ञानं भवति ।

(4) पुस्तकाय स्थानम् अस्ति ।

(5) पुस्तकात् श्लोकं लिखति ।

(6) पुस्तकस्य नाम रामायणम् अस्ति ।

(7) पुस्तके अष्टौ अध्यायाः सन्ति ।

ઉપરનાં વાક્યોમાં એક પુસ્તક એવું નામપદ વિવિધ સ્વરૂપે વપરાયું છે. આ પ્રકારનાં વિવિધ રૂપો સરળતાથી ધ્યાનમાં રહે તે માટે સંસ્કૃતમાં નીચે પ્રમાણેની રૂપાવલિ પ્રચલિત છે :

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| प्रथमा विभक्तिः | देवः | देवौ | देवाः |
| द्वितीया विभक्तिः | देवम् | देवौ | देवान् |
| तृतीया विभक्तिः | देवेन | देवाभ्याम् | देवैः |
| चतुर्थी विभक्तिः | देवाय | देवाभ्याम् | देवेभ्यः |
| पञ्चमी विभक्तिः | देवात् | देवाभ्याम् | देवेभ्यः |
| षष्ठी विभक्तिः | देवस्य | देवयोः | देवानाम् |
| सप्तमी विभक्तिः | देवे | देवयोः | देवेषु |

આ પ્રમાણે દરેક નામનાં સાત વિભક્તિ અને ત્રણ વચનમાં કુલ એકવીસ રૂપો થાય છે, પરંતુ નીચેનાં વાક્યો વાંચો :

(1) बालिका हस्तेन श्लोकं लिखति ।

(2) पाचकः अग्निना ओदनं पचति ।

(3) देवगणः मेधया मेधाविनं करोति ।

ઉપરનાં વાક્યોમાં કર્તાકારક પ્રથમા વિભક્તિમાં, કરણકારક તૃતીયા વિભક્તિમાં અને કર્મકારક દ્વિતીયા વિભક્તિમાં એકસરખી રીતે વપરાયું છે. આમ, અહીં કારક અને વિભક્તિ એકસરખાં છે, આમ છતાં દરેક નામપદનાં રૂપોમાં થોડો ફેર જોવા મળે છે. જેમકે बालिका, पाचकः, देवगणः । આ ત્રણેય રૂપો પ્રથમા એકવચનનાં છે. એમને ધ્યાનથી જોતાં જણાય છે કે बालिका એ નામની પાછળ વિસર્ગ વપરાયો નથી, જ્યારે पाचक અને देवगण એ બે નામોની પાછળ વિસર્ગ વપરાયો છે. એવી જ રીતે हस्तेन, अग्निना, मेधया એ ત્રણેય તૃતીયા એકવચનનાં રૂપો છે, છતાં हस्त નામની પાછળ एन, अग्नि એ નામની પાછળ ना અને मेधा એ નામની સાથે या ધ્વનિ જોડાયેલો છે. આ ધ્વનિઓ વાસ્તવમાં વિભક્તિના પ્રત્યયો છે. કયા નામની સાથે કેવા પ્રકારનો વિભક્તિ પ્રત્યય જોડાય છે, તેનો પણ અભ્યાસ કરવાનો રહે છે. આ પ્રકારના અભ્યાસ માટે નીચેની કેટલીક વિગતો ધ્યાનમાં રાખવા જેવી છે. જેમકે, -

(1) દરેક નામના અન્તિમ વર્ણના આધારે જે-તે નામને ઓળખવામાં આવે છે. દા.ત., वेद (व् ए द् अ). આ નામપદના અંતમાં अ છે, તેથી તેને अकारान्त, अग्नि નામપદના અંતમાં इ છે, તેથી તેને इकारान्त, गुरु નામ પદના અંતમાં उ છે, તેથી તેને उकारान्त તરીકે ઓળખવામાં આવે છે. આ જ રીતે બધાં નામોની તેને અંતે આવેલા વર્ણ ઉપરથી ઓળખ કરવાની હોય છે.

(2) ઉપર મુજબ નામપદની ઓળખ કર્યા પછી હવે તે નામપદ પુંલ્લિંગમાં છે, સ્ત્રીલિંગમાં છે કે નપુંસકલિંગમાં છે, તે જોવાનું રહે છે. જેમકે अग्नि એ નામપદ इकारान्त છે અને પુંલ્લિંગમાં છે. આથી अग्नि નામપદને इकारान्त પુંલ્લિંગ તરીકે ઓળખીશું.

આ રીતે અંતે આવેલા વર્ણ અને લિંગની ઓળખ નક્કી થઈ ગયા પછી, તેના આધારે જે-તે નામપદોની સાથે જોડાતા સાતેય વિભક્તિના પ્રત્યયોને સરળતાથી જાણી શકાય છે. આ વિભક્તિઓનાં વિવિધ રૂપો સરળતાથી ધ્યાનમાં રહે તે માટે સંસ્કૃતમાં નીચે પ્રમાણેની રૂપાવલિ પ્રચલિત બની છે. આ રૂપાવલિના આધારે કઈ વિભક્તિમાં કયા નામપદનું શું રૂપ બને છે, તે સરળતાથી યાદ રાખી શકાય છે. પાછળના કોષ્ટકો જુઓ :

(પાઠ્યક્રમમાં તમારે अकारान्त, इकारान्त, उकारान्त પુંલ્લિંગ, आकारान्त, इकारान्त, ईकारान्त સ્ત્રીલિંગ તથા अकारान्त નપુંસકલિંગ આટલાં રૂપો શીખવાનાં છે. તેથી આટલાં રૂપો અહીં આપવામાં આવ્યાં છે.)

### (1) जन - (अकारान्त-पुल्लिङ्गशब्द)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | जनः<br>માણસ | जनौ<br>બે માણસો | जनाः<br>ઘણા માણસો |
| દ્વિતીયા વિભક્તિ | जनम्<br>માણસને | जनौ<br>બે માણસોને | जनान्<br>ઘણા માણસોને |
| તૃતીયા વિભક્તિ | जनेन<br>માણસથી, વડે | जनाभ्याम्<br>બે માણસોથી, વડે | जनैः<br>ઘણા માણસોથી, વડે |
| ચતુર્થી વિભક્તિ | जनाय<br>માણસ માટે, કાજે | जनाभ्याम्<br>બે માણસો માટે | जनेभ्यः<br>ઘણા માણસો માટે |
| પંચમી વિભક્તિ | जनात्<br>માણસથી, માંથી | जनाभ्याम्<br>બે માણસોથી, માંથી | जनेभ्यः<br>ઘણા માણસોથી, માંથી |
| ષષ્ઠી વિભક્તિ | जनस्य<br>માણસનું, નો, ની | जनयोः<br>બે માણસોનું, નો, ની | जनानाम्<br>ઘણા માણસોનું, નો, ની |
| સપ્તમી વિભક્તિ | जने<br>માણસમાં, ઉપર | जनयोः<br>બે માણસોમાં, ઉપર | जनेषु<br>ઘણા માણસોમાં, ઉપર |
| સંબોધન | हे जन<br>હે માણસ | हे जनौ<br>હે બે માણસો | हे जनाः<br>હે ઘણા માણસો |

આવી જ રીતે भूप રાજા, हस्त હાથ, बाल છોકરો, नर માણસ, पाचक રસોઈયો-આનાં રૂપો जन પ્રમાણે થાય છે. પણ તૃતીયા એકવચન नरेण તથા ષષ્ઠી બહુવચન नराणाम् થાય.

## ( 2 ) मुनि - ( इकारान्त-पुंल्लिङ्गशब्दः )

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | मुनिः | मुनी | मुनयः |
| દ્વિતીયા | मुनिम् | मुनी | मुनीन् |
| તૃતીયા | मुनिना | मुनिभ्याम् | मुनिभिः |
| ચતુર્થી | मुनये | मुनिभ्याम् | मुनिभ्यः |
| પંચમી | मुनेः | मुनिभ्याम् | मुनिभ्यः |
| ષષ્ઠી | मुनेः | मुनयोः | मुनीनाम् |
| સપ્તમી | मुनौ | मुनयोः | मुनिषु |
| સંબોધન | हे मुने | हे मुनी | हे मुनयः |

આવી જ રીતે निधि ભંડાર, पदाति પગે ચાલનારો, પગપાળો हरि વિષ્ણુ, नृपति રાજા વગેરે નામોનાં રૂપો થાય છે. પણ हरिનું તૃતીયા એકવચન हरिणा અને બહુવચન हरीणाम् થાય છે.

## ( 3 ) भानु - ( उकारान्त-पुंल्लिङ्गशब्दः )

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | भानुः | भानू | भानवः |
| દ્વિતીયા | भानुम् | भानू | भानून् |
| તૃતીયા | भानुना | भानुभ्याम् | भानुभिः |
| ચતુર્થી | भानवे | भानुभ्याम् | भानुभ्यः |
| પંચમી | भानोः | भानुभ्याम् | भानुभ्यः |
| ષષ્ઠી | भानोः | भान्वोः | भानूनाम् |
| સપ્તમી | भानौ | भान्वोः | भानुषु |
| સંબોધન | हे भानो | हे भानू | हे भानवः |

આવી જ રીતે गुरु ગુરુ, શિક્ષક साधु સજ્જન, ભલો માણસ पशु પશુ वायु પવન बन्धु ભાઈ, સગો માણસ વગેરે નામોનાં રૂપો થાય છે. પણ गुरुનું તૃતીયા એકવચન गुरुणा અને ષષ્ઠી બહુવચન गुरूणाम् થાય છે.

### ( 4 ) लता - ( आकारान्त-स्त्रीलिंगशब्दः )

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | लता | लते | लताः |
| દ્વિતીયા | लताम् | लते | लताः |
| તૃતીયા | लतया | लताभ्याम् | लताभिः |
| ચતુર્થી | लतायै | लताभ्याम् | लताभ्यः |
| પંચમી | लतायाः | लताभ्याम् | लताभ्यः |
| ષષ્ઠી | लतायाः | लतयोः | लतानाम् |
| સપ્તમી | लतायाम् | लतयोः | लतासु |
| સંબોધન | हे लते | हे लते | हे लताः |

આવી જ રીતે मक्षिका માખી, विक्रिया વિકાર, साधिका કાર્યને સિદ્ધ કરનારી, मनोदशा મનની દશા, मुद्रिका વીંટી વગેરે નામોનાં રૂપો થાય છે.

### ( 5 ) भूमि - ( इकारान्त-स्त्रीलिंगशब्दः )

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | भूमिः | भूमी | भूमयः |
| દ્વિતીયા | भूमिम् | भूमी | भूमीः |
| તૃતીયા | भूम्या | भूमिभ्याम् | भूमिभिः |
| ચતુર્થી | भूम्यै, भूमये | भूमिभ्याम् | भूमिभ्यः |
| પંચમી | भूम्याः, भूमेः | भूमिभ्याम् | भूमिभ्यः |
| ષષ્ઠી | भूम्याः, भूमेः | भूम्योः | भूमीनाम् |
| સપ્તમી | भूम्याम्, भूमौ | भूम्योः | भूमिषु |
| સંબોધન | हे भूमे | हे भूमी | हे भूमयः |

આવી જ રીતે वृष्टि વરસાદ, संहति સંગઠન, हानि નુકસાન વગેરે નામોનાં રૂપો થાય છે.

### ( 6 ) नदी - ( ईकारान्त स्त्रीलिंगशब्दः )

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | नदी | नद्यौ | नद्यः |
| દ્વિતીયા | नदीम् | नद्यौ | नदीः |
| તૃતીયા | नद्या | नदीभ्याम् | नदीभिः |
| ચતુર્થી | नद्यै | नदीभ्याम् | नदीभ्यः |
| પંચમી | नद्याः | नदीभ्याम् | नदीभ्यः |
| ષષ્ઠી | नद्याः | नद्योः | नदीनाम् |
| સપ્તમી | नद्याम् | नद्योः | नदीषु |
| સંબોધન | हे नदि | हे नद्यौ | हे नद्यः |

આવી જ રીતે शताब्दी સૈકું, सदी તાદૃશી તેવી, अङ्गुली આંગળી વગેરે નામોનાં રૂપો થાય છે.

### (7) धेनु - (उकारान्त स्त्रीलिंगशब्दः)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | धेनुः | धेनू | धेनवः |
| દ્વિતીયા | धेनुम् | धेनू | धेनूः |
| તૃતીયા | धेन्वा | धेनुभ्याम् | धेनुभिः |
| ચતુર્થી | धेन्वै, धेनवे | धेनुभ्याम् | धेनुभ्यः |
| પંચમી | धेन्वाः, धेनोः | धेनुभ्याम् | धेनुभ्यः |
| ષષ્ઠી | धेन्वाः, धेनोः | धेन्वोः | धेनूनाम् |
| સપ્તમી | धेन्वाम्, धेनौ | धेन्वोः | धेनुषु |
| સંબોધન | हे धेनो | हे धेनू | हे धेनवः |

આવી જ રીતે तनु શરીર, रज्जु દોરડું, रेणु ધૂળ વગેરે નામોનાં રૂપો થાય છે.

### (8) फल - (अकारान्त नपुंसकलिंगशब्दः)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | फलम् | फले | फलानि |
| દ્વિતીયા | फलम् | फले | फलानि |
| તૃતીયા | फलेन | फलाभ्याम् | फलैः |
| ચતુર્થી | फलाय | फलाभ्याम् | फलेभ्यः |
| પંચમી | फलात् | फलाभ्याम् | फलेभ्यः |
| ષષ્ઠી | फलस्य | फलयोः | फलानाम् |
| સપ્તમી | फले | फलयोः | फलेषु |
| સંબોધન | हे फल | हे फले | हे फलानि |

આવી જ રીતે निधान ખજાનો, ભંડાર उपनगर નાનું શહેર, નગર वित्त ધન, પૈસો चित्त મન, ચિત્ત व्यसन સંકટ, મુશ્કેલી, આપત્તિ વગેરે નામોનાં રૂપો થાય છે.

ઉપરનાં રૂપોનો આશ્રય લઈને ગુજરાતી ભાષાનાં કેટલાંક વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરવાનો ઉપક્રમ કરીશું. આ વાક્યોમાં મૂકેલા અંકો જે તે વિભક્તિને સૂચવે છે. તે મુજબ વિભક્તિ વાપરીને અનુવાદ કરવાનો છે.

(1) બાળક (1) દૂધ (2) પીવે છે.

(2) કુંભકાર (1) હાથથી (3) કામ (2) કરે છે, મશીનથી (3) નહીં.

(3) દીપાવલિના (6) દિવસે (7) મોટો ભાઈ (1) નાના ભાઈને (4) ભેટ (2) આપે છે.

(4) માણસ (1) આંખોથી (3) જુએ છે અને પગથી (3) ચાલે છે.

(5) ઘરમાં (7) હું (1) અને મારાં (6) માતા-પિતા (2) રહે છે.

(6) આંબાના (6) વૃક્ષ ઉપર (7) કેરીઓ (1) આવે છે.

(7) આકાશમાંથી (5) પાણી (1) વરસે છે અને ભૂમિમાં (7) ઊતરે છે.

(8) કાલિદાસ (1) ઉપમાલંકારના (6) કવિ (1) છે.

(9) પાણિનીય વ્યાકરણનાં (6) સૂત્રો (1) ભાષાના (6) નિયમો (2) સૂચવે છે.

(10) તલમાં (7) તેલ (1) દૂધમાં (7) માખણ (1) તથા સંસારમાં (7) ઈશ્વર (1) હોય છે.

## સર્વનામ

વાક્યમાં ક્યારેક નામપદોને બદલે સર્વનામપદ પણ વપરાય છે. જોકે સંસ્કૃતમાં આવાં સર્વનામપદો ઘણાં છે, પરન્તુ તેમાંથી માત્ર નીચેનાં નિયત સર્વનામપદો અને તેમનાં રૂપોનો પરિચય મેળવીશું.

### अस्मद् (હું)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | अहम् | आवाम् | वयम् |
| દ્વિતીયા | माम्, मा | आवाम्, नौ | अस्मान्, नः |
| તૃતીયા | मया | आवाभ्याम् | अस्माभिः |
| ચતુર્થી | मह्यम्, मे | आवाभ्याम्, नौ | अस्मभ्यम्, नः |
| પંચમી | मत् | आवाभ्याम् | अस्मत् |
| ષષ્ઠી | मम, मे | आवयोः, नौ | अस्माकम्, नः |
| સપ્તમી | मयि | आवयोः | अस्मासु |

### युष्मद् (તું)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | त्वम् | युवाम् | यूयम् |
| દ્વિતીયા | त्वाम्, त्वा | युवाम्, वाम् | युष्मान्, वः |
| તૃતીયા | त्वया | युवाभ्याम् | युष्माभिः |
| ચતુર્થી | तुभ्यम्, ते | युवाभ्याम्, वाम् | युष्मभ्यम्, वः |
| પંચમી | त्वत् | युवाभ्याम् | युष्मत् |
| ષષ્ઠી | तव, ते | युवयोः, वाम् | युष्माकम्, वः |
| સપ્તમી | त्वयि | युवयोः | युष्मासु |

(આ બંને સર્વનામનાં રૂપો ત્રણેય લિંગમાં એકસરખાં હોય છે. વળી, સર્વનામપદોમાં સંબોધન હોતું નથી.)

### तद् (ते) પુંલ્લિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | सः | तौ | ते |
| દ્વિતીયા | तम् | तौ | तान् |
| તૃતીયા | तेन | ताभ्याम् | तैः |
| ચતુર્થી | तस्मै | ताभ्याम् | तेभ्यः |
| પંચમી | तस्मात् | ताभ्याम् | तेभ्यः |
| ષષ્ઠી | तस्य | तयोः | तेषाम् |
| સપ્તમી | तस्मिन् | तयोः | तेषु |

### तद् (ते) સ્ત્રીલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | सा | ते | ताः |
| દ્વિતીયા | ताम् | ते | ताः |
| તૃતીયા | तया | ताभ्याम् | ताभिः |
| ચતુર્થી | तस्यै | ताभ्याम् | ताभ्यः |
| પંચમી | तस्याः | ताभ्याम् | ताभ्यः |
| ષષ્ઠી | तस्याः | तयोः | तासाम् |
| સપ્તમી | तस्याम् | तयोः | तासु |

### तद् (ते) નપુંસકલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | तत् | ते | तानि |
| દ્વિતીયા | तत् | ते | तानि |
| તૃતીયા | तेन | ताभ्याम् | तैः |
| ચતુર્થી | तस्मै | ताभ्याम् | तेभ्यः |
| પંચમી | तस्मात् | ताभ्याम् | तेभ्यः |
| ષષ્ઠી | तस्य | तयोः | तेषाम् |
| સપ્તમી | तस्मिन् | तयोः | तेषु |

આવી જ રીતે यद् (જે), एतद् (આ), किम् (કોણ અથવા શું)નાં પણ ત્રણેય લિંગમાં જુદાં જુદાં રૂપો થાય છે.

## સ્વાધ્યાય

**1. समुचितेन रूपेण रिक्तस्थानानां पूर्तिः विधेया ।**

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| (1) | ............... | ............... | देवाः |
| (2) | शालया | ............... | ............... |
| (3) | ............... | ............... | वृक्षेषु |
| (4) | कवेः | ............... | ............... |
| (5) | ............... | ............... | शक्तीनाम् |
| (6) | जनन्यै | ............... | ............... |
| (7) | ............... | ............... | भानून् |
| (8) | अग्निम् | ............... | ............... |
| (9) | ............... | हे देव्यौ | ............... |

**2. निर्देशानुसारं शब्दरूपाणि चिनुत ।**

(1) तृतीया-एकवचनम् ।

(क) ज्ञानेन (ख) ज्ञाने (ग) ज्ञानाभ्याम् (घ) ज्ञानात्

(2) सप्तमी-द्विवचनम् ।

(क) हस्तानाम् (ख) हस्तौ (ग) हस्तयोः (घ) हस्तेन

(3) षष्ठी-द्विवचनम् ।

(क) देव्योः (ख) देव्यौ (ग) देवीभ्याम् (घ) देवीः

(4) प्रथमा-बहुवचनम् ।

(क) भक्ती (ख) नद्यः (ग) शक्तयः (घ) वनैः

(5) द्वितीया-द्विवचनम् ।

(क) भानौ (ख) मुनी (ग) भूमौ (घ) नदी

**3. अधोलिखितानां पदानां विभक्तिः वचनं च लिखत ।**

(1) उद्यमेन (2) देवान् (3) संसारे (4) छात्राणाम्
(5) हिमालयात् (6) देशेषु (7) छायायाम् (8) ऋषिभिः
(9) पङ्क्तौ (10) मालया

**4. अर्थम् आधृत्य कोष्ठकात् योग्यं शब्दरूपं चिनुत ।**

(1) વિશ્વમાં

(क) विश्वात् (ख) विश्वेन (ग) विश्वे (घ) विश्वम्

(2) વચનો દ્વારા

(क) उक्तिभ्यः (ख) उक्तिः (ग) उक्त्या (घ) उक्तिभिः

(3) બે ખેતરોમાંથી

(क) क्षेत्रात् (ख) क्षेत्रेण (ग) क्षेत्राभ्याम् (घ) क्षेत्रस्य

(4) રાજ્યોના

(क) राज्यस्य (ख) राज्यानाम् (ग) राज्येषु (घ) राज्यैः

(5) વિદ્યાનું

(क) विद्याम् (ख) विद्यायाः (ग) विद्या (घ) विद्यया

**5. कोष्ठकात् समुचितं रूपं चित्वा रिक्तस्थानं पूरयत ।**

(1) .............. पुस्तकालये पठति । (छात्राः, छात्रौ, छात्रः)

(2) .............. क्रीडांगणे खेलतः । (क्रीडकः, क्रीडकाः, क्रीडकौ)

(3) .............. गुरुं नमामि । (त्वम्, अहम्, वयम्)

(4) .............. दर्शनाय गच्छन्ति । (भक्ताः, भक्तौ, भक्तः)

(5) .............. सरस्वतीं वन्दामहे । (आवाम्, वयम्, अहम्)

(6) .............. वने अवसन् । (मुनयः, मुनिः, मुनी)

(7) .............. राजकुलं सेवन्ते । (पण्डितः, पण्डितौ, पण्डिताः)

(8) .............. किं लिखति । (त्वम्, अहम्, सः)

**6. कोष्ठकस्य मूलशब्दम् आधृत्य रिक्तस्थानं पूरयत ।**

(1) शीतलेन .............. सन्तोषः भवति । (जल)

(2) पाण्डवाः .............. अवसन् । (विराटनगर)

(3) .............. कार्याणि सिद्ध्यन्ति । (उद्यम)

(4) वयं .............. सेवकाः स्मः । (राष्ट्र)

(5) शिवस्य .............. चन्द्रः विभाति । (मस्तक)

(6) विद्यया .............. भवति । (सुख)

(7) .............. वचनं पालनीयम् । (ज्येष्ठ)

(8) गुरोः .............. व्रजामि । (शरण)

(9) .............. हस्ते पद्मानि सन्ति । (गुरु)

(10) वृक्षाः .............. भवन्ति । (भूमि)

# अभ्यास 3 : क्रियापदानि

## (1) વર્તમાનકાળ : ( लट्लकारः )

ધોરણ આઠમાં અને આ અગાઉના પુનરાવર્તનના પાઠમાં તમે વર્તમાનકાળનાં ક્રિયાપદો શીખી ગયા છો. તેના અનુસંધાનમાં અહીં એક વિશેષ બાબતને પણ તમારે ધ્યાન ઉપર લેવાની છે. જેમ કે, નીચેનાં વાક્યો વાંચો –

(1) अधीशः पठति ।

(2) तोषा नृत्यति ।

(3) त्रीशा लिखति ।

(4) हार्दी पूजयति ।

ઉપરનાં બધાં વાક્યોમાં વર્તમાનકાળનાં ક્રિયાપદો વપરાયાં છે. દરેક ક્રિયાપદને અંતે આવેલો ति પ્રત્યય એકસરખો છે. પરંતુ ધાતુ અને આ ति પ્રત્યયની વચ્ચે આવેલા વર્ણો (ધ્વનિઓ) જુદા જુદા છે. જેમકે– पठतिમાં पठ्–अ–ति એમ अ વર્ણ આવેલો છે, જ્યારે नृत्यतिમાં नृत्–य–ति એમ य વર્ણ આવેલો છે. એવી જ રીતે लिखतिમાં लिख्–अ–ति એમ अ વર્ણ આવેલો છે, જ્યારે पूजयतिમાં पूज्–अय–तिમાં अय આવેલો છે. આ વચ્ચે આવેલા વર્ણધ્વનિઓને વિકરણ પ્રત્યય કહે છે. આ વિકરણ પ્રત્યય ધાતુના ગણ મુજબ થતા હોવાને કારણે જુદા જુદા છે. સંસ્કૃતભાષામાં જેટલા ધાતુઓ છે. તે બધાને દસ ગણમાં વિભાજિત કરવામાં આવ્યા છે. આ દસેય ગણના વિકરણ પ્રત્યયો અલગ અલગ છે. અહીં તમારે પહેલો, ચોથો, છઠ્ઠો અને દસમો એમ ચાર જ ગણના ધાતુઓનાં રૂપો શીખવાનાં છે. તેથી આ ચાર ગણના વિકરણ પ્રત્યયો ધ્યાનમાં રાખવાના છે. જેમકે, પહેલા ગણનો વિકરણ પ્રત્યય अ, ચોથા ગણનો य, છઠ્ઠા ગણનો अ અને દસમા ગણનો अय છે.

આ રીતે જોતાં જણાય છે કે :

(1) પ્રત્યેક ધાતુને જ્યારે ક્રિયાપદ તરીકે વાપરવાનો થાય છે, ત્યારે એ ધાતુની સાથે પ્રત્યય જોડવાનો રહે છે અને

(2) જ્યારે આવો પ્રત્યય જોડવાનો થાય છે, ત્યારે ધાતુનો ગણ, કાળ, પુરુષ અને વચન એ ચાર બાબતોને ધ્યાનમાં લેવાની હોય છે.

હવે, નીચેનાં બીજાં કેટલાંક વાક્યો વાંચો :

(1) विद्यया सुखं लभते ।

(2) बालकः हस्तेन खादति ।

(3) शिशुः मातरं वन्दते ।

આ વાક્યોમાં જે ક્રિયાપદ વપરાયાં છે, તે બધાં વર્તમાનકાળ, અન્ય પુરુષ અને એકવચનનાં છે. વળી, આ બધાં ક્રિયાપદોમાં રહેલા ધાતુઓ પણ પ્રથમ ગણના છે. આમ છતાં પ્રથમ અને તૃતીય વાક્યમાં આવેલાં ક્રિયાપદને અંતે ते પ્રત્યય છે અને દ્વિતીય વાક્યમાં આવેલા ક્રિયાપદને અંતે ति પ્રત્યય આવેલો છે. આ

પ્રત્યયફેરને યાદ રાખો. આમાં જે ति પ્રત્યય છે, તે પરસ્મૈપદનો છે, જ્યારે ते પ્રત્યય છે, તે આત્મનેપદનો છે. કેટલાક ધાતુઓને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે, જ્યારે કેટલાક ધાતુઓને આત્મનેપદના પ્રત્યયો લાગે છે. જે ધાતુઓને પરસ્મૈપદના પ્રત્યયો લાગે છે, તેમને પરસ્મૈપદી ધાતુ તરીકે અને જે ધાતુઓને આત્મનેપદના પ્રત્યયો લાગે છે, તે ધાતુઓને આત્મનેપદી ધાતુ તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક ધાતુઓને પરસ્મૈપદ અને આત્મનેપદ બંનેના પ્રત્યયો લાગે છે. આવા ધાતુઓને ઉભયપદી ધાતુઓ કહે છે.

આમ દરેક વર્તમાનકાળના ક્રિયાપદમાં જો ધાતુ પરસ્મૈપદી હોય તો પરસ્મૈપદના અને આત્મનેપદી હોય, તો આત્મનેપદના પ્રત્યયો જોડાય છે. પરસ્મૈપદ અને આત્મનેપદના મૂળ પ્રત્યયો નીચે મુજબ છે.

**वर्तमानकाल ( परस्मैपद )ના પ્રત્યય**

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | मि | वः | मः |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | सि | थः | थ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | ति | तः | अन्ति |

**वर्तमानकाल ( आत्मनेपद )ના પ્રત્યય**

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | इ | वहे | महे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | से | इथे | ध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | ते | इते | अन्ते |

ટૂંકમાં, વર્તમાનકાળના ક્રિયાપદમાં ધાતુ + વિકરણ પ્રત્યય + મૂળ પ્રત્યય એમ ત્રણ ભાગ હોય છે. આથી તમારે જ્યારે કોઈ ધાતુ ઉપરથી વર્તમાનકાળનું ક્રિયાપદ બનાવવાનું થાય, ત્યારે તમારે સર્વ પ્રથમ ધાતુ લેવાનો રહે છે. એ પછી એ ધાતુ જે ગણનો હોય, તે મુજબનો વિકરણ પ્રત્યય જોડવાનો થાય છે અને છેલ્લે વક્તાની ઈચ્છા પ્રમાણે જે-તે પુરુષ અને વચનનો (જો પરસ્મૈપદી ધાતુ હોય, તો પરસ્મૈપદનો અને આત્મનેપદી ધાતુ હોય, તો આત્મનેપદનો) મૂળ પ્રત્યય જોડવાનો રહે છે. આ રીતે તૈયાર થતાં કેટલાંક ક્રિયાપદોનાં રૂપો નીચે આપવામાં આવ્યાં છે.

(જે નિયત ધાતુઓનાં રૂપોનો તમારે અભ્યાસ કરવાનો છે, તે આ પ્રમાણે છે. (ગણ 1) (परस्मै.)पठ्, हस्, चल्, खेल्, खाद्, पा-पिब्, गम्-गच्छ्, भू-भव्, दृश्-पश्य्, स्था-तिष्ठ्, वस्; (आत्मने.), लभ्, भाष्, रम्, वन्द्, मुद्, शुभ्. (ગણ 4) (परस्मै.) नृत्, कुप्, नश्, क्रुध्, द्रुह्; (आत्मने.) विद्, बुध्, मन्, युध्. (ગણ 6) (परस्मै.) लिख्, प्र-विश्; (आत्मने.) मिल्, मुच्, विद्, प्र + क्षिप्. (ગણ 10) कथ्, गण्, रच्, स्पृह्, पूज्.)

### पठ् ભણવું (પ્રથમ ગણ)

### वर्तमानकाल (परस्मैपद)નાં રૂપો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | पठामि | पठाव: | पठाम: |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | पठसि | पठथ: | पठथ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | पठति | पठत: | पठन्ति |

### लभ् મેળવવું (પ્રથમ ગણ)

### वर्तमानकाल (आत्मनेपद)નાં રૂપો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | लभे | लभावहे | लभामहे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | लभसे | लभेथे | लभध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | लभते | लभेते | लभन्ते |

### नृत् નાચવું, નૃત્ય કરવું (ચતુર્થ ગણ)

### वर्तमानकाल (परस्मैपद)નાં રૂપો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | नृत्यामि | नृत्याव: | नृत्याम: |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | नृत्यसि | नृत्यथ: | नृत्यथ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | नृत्यति | नृत्यत: | नृत्यन्ति |

### विद् હોવું, થવું (ચતુર્થ ગણ)

### वर्तमानकाल (परस्मैपद)નાં રૂપો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | विद्ये | विद्यावहे | विद्यामहे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | विद्यसे | विद्येथे | विद्यध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | विद्यते | विद्येते | विद्यन्ते |

## लिख् લખવું (છઠ્ઠો ગણ)

### वर्तमानकाल ( परस्मैपद )નાં રૂપો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | लिखामि | लिखाव: | लिखाम: |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | लिखसि | लिखथ: | लिखथ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | लिखति | लिखत: | लिखन्ति |

## मिल् મળવું (છઠ્ઠો ગણ)

### वर्तमानकाल (આત્મનેપદ)નાં રૂપો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | मिले | मिलावहे | मिलामहे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | मिलसे | मिलेथे | मिलध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | मिलते | मिलेते | मिलन्ते |

## कथ् કહેવું (દસમો ગણ)

### वर्तमानकाल ( परस्मैपद )નાં રૂપો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | कथयामि | कथयाव: | कथयाम: |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | कथयसि | कथयथ: | कथयथ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | कथयति | कथयत: | कथयन्ति |

## कथ् કહેવું (દસમો ગણ)

### वर्तमानकाल (આત્મનેપદ)નાં રૂપો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | कथये | कथयावहे | कथयामहे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | कथयसे | कथयेथे | कथयध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | कथयते | कथयेते | कथयन्ते |

ઉપર્યુક્ત રૂપો પૈકી કોઈ રૂપની ઓળખ કરવાની થાય, ત્યારે ધાતુ, ગણ, કાળ, પુરુષ અને વચન-એમ પાંચ વાતોને સ્પષ્ટ કરવી પડે છે. જેમકે पठति । એ ક્રિયાપદની જ્યારે ઓળખ કરવાની થાય છે, ત્યારે पठ् ધાતુ, પ્રથમ ગણ, વર્તમાનકાળ, અન્ય પુરુષ અને એકવચન-એમ પાંચ વાતોને સ્પષ્ટ કરવી પડે છે. (આ પાંચ વાતો આગળ ઉપર આપવામાં આવેલાં ભૂતકાળ અને ભવિષ્યકાળનાં ક્રિયાપદનાં રૂપોને ઓળખવા માટે પણ ધ્યાનમાં રાખવાની છે.)

## (2) હ્યસ્તન ભૂતકાળ (लङ्लकारः)

નીચેનાં વાક્યો વાંચો :

(1) ऋषिः गुरुकुले अपठत् ।

(2) रामलक्ष्मणौ गुरुकुले अपठताम् ।

(3) सर्वे छात्राः गुरुकुले अपठन् ।

ઉપરનાં વાક્યોમાં વપરાયેલાં ત્રણ ક્રિયાપદો पठ् ધાતુનાં છે. આ બધાં ક્રિયાપદ હ્યસ્તન (કે અનદ્યતન) ભૂતકાળનાં છે. વીતી ગયેલા સમયને ભૂતકાળ કહે છે. હ્યઃ એટલે ગઈ કાલ. ગઈ કાલે જે ક્રિયા થઈ હોય તેને માટે આ પ્રકારનાં ક્રિયાપદ વપરાય છે. આને लङ् लकार તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ હ્યસ્તન ભૂતકાળ (लङ् लकार)નાં બધાં જ ક્રિયાપદોમાં ધાતુની આગળ अ જોડાય છે, તે યાદ રાખવાનું છે. (આ अ ધાતુની આગળ આવે છે. એટલે જો કોઈ ધાતુને ઉપસર્ગ જોડવાનો થાય, ત્યારે ઉપસર્ગની આગળ अ ન જોડતાં ધાતુની આગળ જ જોડવાનો રહે છે. જેમકે – ઉપસર્ગ વગરનું ક્રિયાપદ अविशत् । ઉપસર્ગ સાથેનું ક્રિયાપદ प्र+अविशत्-प्राविशत्) બાકીની બાબતો વર્તમાનકાળનાં રૂપોની જેમ જ છે. અહીં પ્રથમ હ્યસ્તન ભૂતકાળના પરસ્મૈપદ અને આત્મનેપદના મૂળ પ્રત્યયો આપ્યા છે અને તે પછી ચારેય ગણના એક-એક ધાતુના પરસ્મૈપદ અને આત્મનેપદનાં રૂપો આપવામાં આવ્યાં છે.

### ह्यस्तन-भूतकाल (परस्मैपद)ના પ્રત્યયો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | अम् | व | म |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | स् (:) | तम् | त |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | त् | ताम् | अन् |

### ह्यस्तन-भूतकाल (आत्मनेपद)ના પ્રત્યયો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | इ (ए) | वहि | महि |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | थास् (थाः) | इथाम् | ध्वम् |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | त | इताम् | अन्त |

(વર્તમાનકાળનાં ક્રિયાપદોની જેમ હ્યસ્તન ભૂતકાળનાં ક્રિયાપદોમાં પણ अ + ધાતુ + વિકરણપ્રત્યય + પ્રત્યય એ ચારનું સંયોજન કરવાનું રહે છે. જેમકે अ + पठ् + अ + त् – अपठत् । આ રીતે બનતાં રૂપો નીચે આપવામાં આવ્યાં છે. હ્યસ્તન ભૂતકાળને અનદ્યતન ભૂતકાળ પણ કહેવામાં આવે છે, તે ધ્યાનમાં રાખો.)

### पठ् વાંચવું, ભણવું (પ્રથમ ગણ) । ह्यस्तन-भूतकाल, परस्मैपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष | अपठम् | अपठाव | अपठाम |
| પહેલો પુરુષ | મેં વાંચ્યું. | અમે બેએ વાંચ્યું. | અમે વાંચ્યું. |
| मध्यमपुरुष | अपठः | अपठतम् | अपठत |
| બીજો પુરુષ | તેં વાંચ્યું. | તમે બેએ વાંચ્યું. | તમે વાંચ્યું. |
| अन्यपुरुष | अपठत् | अपठताम् | अपठन् |
| ત્રીજો પુરુષ | તેણે વાંચ્યું. | તે બેએ વાંચ્યું. | તેઓએ વાંચ્યું. |

### लभ् મેળવવું (પ્રથમ ગણ) । ह्यस्तन भूतकाल, आत्मनेपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | अलभे | अलभावहि | अलभामहि |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | अलभथाः | अलभेथाम् | अलभध्वम् |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | अलभत | अलभेताम् | अलभन्त |

### नृत् નાચવું, નૃત્ય કરવું (ચતુર્થ ગણ) । ह्यस्तन-भूतकाल, परस्मैपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | अनृत्यम् | अनृत्याव | अनृत्याम |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | अनृत्यः | अनृत्यतम् | अनृत्यत |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | अनृत्यत् | अनृत्यताम् | अनृत्यन् |

### विद् હોવું, થવું (ચતુર્થ ગણ) । ह्यस्तन-भूतकाल, आत्मनेपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | अविद्ये | अविद्यावहि | अविद्यामहि |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | अविद्यथाः | अविद्येथाम् | अविद्यध्वम् |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | अविद्यत | अविद्येताम् | अविद्यन्त |

### लिख् લખવું (ષષ્ઠ ગણ) । ह्यस्तन-भूतकाल, परस्मैपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | अलिखम् | अलिखाव | अलिखाम |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | अलिखः | अलिखतम् | अलिखत |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | अलिखत् | अलिखताम् | अलिखन् |

**मिल् મળવું (ષષ્ઠ ગણ) । ह्यस्तन-भूतकाल, आत्मनेपद**

| | **एकवचन** | **द्विवचन** | **बहुवचन** |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | अमिले | अमिलावहि | अमिलामहि |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | अमिलथा: | अमिलेथाम् | अमिलध्वम् |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | अमिलत | अमिलेताम् | अमिलन्त |

**कथ् કહેવું (દશમ ગણ) । ह्यस्तन-भूतकाल, परस्मैपद**

| | **एकवचन** | **द्विवचन** | **बहुवचन** |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | अकथयम् | अकथयाव | अकथयाम |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | अकथय: | अकथयतम् | अकथयत |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | अकथयत् | अकथयताम् | अकथयन् |

**कथ् કહેવું (દશમ ગણ) । ह्यस्तन-भूतकाल, आत्मनेपद**

| | **एकवचन** | **द्विवचन** | **बहुवचन** |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | अकथये | अकथयावहि | अकथयामहि |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | अकथयथा: | अकथयेथाम् | अकथयध्वम् |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | अकथयत | अकथयेताम् | अकथयन्त |

**विशेष :** સંસ્કૃત ભાષામાં ભૂતકાળની ક્રિયાને કહેવા માટે એક વિશેષ વ્યવસ્થા પણ છે. તે મુજબ વર્તમાનકાળના ક્રિયાપદની સાથે જો તમે स्म એવા શબ્દનો પ્રયોગ કરી દો, તો તે ક્રિયાપદ ભૂતકાળનો અર્થ આપતું થઈ જાય છે. જેમકે, નીચેનાં વાક્યો વાંચો –

(1) पशु: घासं खादति । (પશુ ઘાસ ખાય છે.)

(2) पशु: घासं खादति स्म । (પશુ ઘાસ ખાતું હતું.)

તમે જોઈ શકો છો કે બન્ને વાક્યમાં खादति એવું વર્તમાન કાળનું ક્રિયાપદ એકસરખી રીતે વપરાયું છે. પરંતુ તે જ્યારે स्मની સાથે વપરાયું છે, ત્યારે ભૂતકાળનો અર્થ આપે છે.

આથી જો તમે ધારો તો व्यास: कथाम् अकथयत् એમ કહેવાને બદલે व्यास: कथां कथयति स्म એવો પ્રયોગ પણ કરી શકો છો. એવી જ રીતે मुनि: भाषते स्मને બદલે मुनि: अभाषत । એવો પ્રયોગ કરી શકાય છે. બધાં ક્રિયાપદોના સંદર્ભે પણ આવી જ વ્યવસ્થા છે, તે યાદ રાખવું જોઈએ.

## (3) સામાન્ય ભવિષ્યકાળ ( लृट्लकारः )

નીચેનાં વાક્યો વાંચો –

(1) सः प्रातः दुग्धं पास्यति ।

(2) मयूरः नर्तिष्यति ।

(3) दीपावलिः आगमिष्यति ।

ઉપરનાં વાક્યોમાં જે ત્રણ ક્રિયાપદો છે, તે બધાં સામાન્ય ભવિષ્યકાળનાં છે. આવનારા કાળને ભવિષ્યકાળ કહે છે. આને लृट् लकार તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સામાન્ય ભવિષ્યકાળ (लृट् लकार)નાં બધાં જ ક્રિયાપદોની સંરચનામાં નીચેની કેટલીક બાબતો યાદ રાખવાની છે. જેમકે –

(1) (બધા જ ગણના) ધાતુને વિકરણ પ્રત્યય તરીકે स्य જોડાય છે. (पा–स्य–ति–पास्यति ।)

(2) કેટલાક ધાતુઓમાં આવેલા આ स्य વિકરણની આગળ इ ઉમેરવાનો રહે છે. (गम्–इ–स्य–ति–गमिष्यति । )

(3) જ્યારે स्य વિકરણની આગળ इ ઉમેરાય છે, ત્યારે स्यમાં આવેલો (દન્ત્ય) स् (મૂર્ધન્ય) ष् થઈ જાય છે. (ઉપરનાં બન્ને ક્રિયાપદો જુઓ. पास्यतिમાં આગળ इ નથી, તેથી ત્યાં स् છે, જ્યારે आगमिष्यतिમાં આગળ इ ઉમેરાયેલો છે, તેથી ત્યાં ष् છે.)

આ સામાન્ય ભવિષ્યકાળના પરસ્મૈપદ અને આત્મનેપદના મૂળ પ્રત્યયો વર્તમાનકાળના પ્રત્યયોની જેમ જ છે. માત્ર ઉપર જણાવ્યા પ્રમાણે ધાતુની સાથે બધે स्य વિકરણ પ્રત્યય ઉમેરવાનો થાય છે. તેથી અહીં આ કાળના મૂળ પ્રત્યયો આપવાની જરૂર રહેતી નથી.

કેટલાક ધાતુઓનાં સામાન્ય ભવિષ્યકાળનાં પરસ્મૈપદ અને આત્મનેપદનાં રૂપો નીચે પ્રમાણે છે.

### पठ् ભણવું (પ્રથમ ગણ) । भविष्यकाल, परस्मैपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | पठिष्यामि | पठिष्यावः | पठिष्यामः |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | पठिष्यसि | पठिष्यथः | पठिष्यथ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | पठिष्यति | पठिष्यतः | पठिष्यन्ति |

### लभ् મેળવવું (પ્રથમ ગણ) । भविष्यकाल, आत्मनेपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | लप्स्ये | लप्स्यावहे | लप्स्यामहे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | लप्स्यसे | लप्स्येथे | लप्स्यध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | लप्स्यते | लप्स्येते | लप्स्यन्ते |

## नृत् નાચવું, નૃત્ય કરવું (ચતુર્થ ગણ), भविष्यकाल, परस्मैपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | नर्तिष्यामि | नर्तिष्याव: | नर्तिष्याम: |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | नर्तिष्यसि | नर्तिष्यथ: | नर्तिष्यथ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | नर्तिष्यति | नर्तिष्यत: | नर्तिष्यन्ति |

## विद् હોવું, થવું (ચતુર્થ ગણ), भविष्यकाल, आत्मनेपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | वेत्स्ये | वेत्स्यावहे | वेत्स्यामहे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | वेत्स्यसे | वेत्स्येथे | वेत्स्यध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | वेत्स्यते | वेत्स्येते | वेत्स्यन्ते |

## लिख् લખવું (ષષ્ઠ ગણ), भविष्यकाल, परस्मैपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | लेखिष्यामि | लेखिष्याव: | लेखिष्याम: |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | लेखिष्यसि | लेखिष्यथ: | लेखिष्यथ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | लेखिष्यति | लेखिष्यत: | लेखिष्यन्ति |

## मिल् મળવું (ષષ્ઠ ગણ), भविष्यकाल, आत्मनेपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | मेलिष्ये | मेलिष्यावहे | मेलिष्यामहे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | मेलिष्यसे | मेलिष्येथे | मेलिष्यध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | मेलिष्यते | मेलिष्येते | मेलिष्यन्ते |

## कथ् કહેવું (દશમ ગણ), भविष्यकाल, परस्मैपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | कथयिष्यामि | कथयिष्याव: | कथयिष्याम: |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | कथयिष्यसि | कथयिष्यथ: | कथयिष्यथ |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | कथयिष्यति | कथयिष्यत: | कथयिष्यन्ति |

### कथ् કહેવું (દશમ ગણ), भविष्यकाल, आत्मनेपद

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तमपुरुष (પહેલો પુરુષ) | कथयिष्ये | कथयिष्यावहे | कथयिष्यामहे |
| मध्यमपुरुष (બીજો પુરુષ) | कथयिष्यसे | कथयिष्येथे | कथयिष्यध्वे |
| अन्यपुरुष (ત્રીજો પુરુષ) | कथयिष्यते | कथयिष्येते | कथयिष्यन्ते |

### સ્વાધ્યાય

**1. वर्तमानकालस्य क्रियापदानां स्थाने ह्यस्तन-भूतकालस्य योग्यं क्रियापदं लिखत ।**

(1) समीरः जनन्याः समीपं व्रजति वदति च ।

(2) वयं तु मेघजलम् एव पिबामः ।

(3) तडागजलं पातुं गच्छामि ।

(4) तं धनस्यूतं तत्रैव त्यजामि ।

(5) अहं तु कुलाचारं न पालयामि ।

**2. ह्यस्तन-भूतकालस्य क्रियापदस्य अनुरूपं भविष्यकालस्य क्रियापदं लिखत ।**

(1) तमवलोक्य सः अचिन्तयत् ।

(2) कपोतराजः परिवारेण सह गगने व्यसर्पत् ।

(3) कपोतराजः कपोतान् अकथयत् ।

(4) कश्चित् कपोतः सदर्पमवदत् ।

**3. उदाहरणानुसारं रूपस्य परिचयं कारयत ।**

**उदाहरणम् :** भवति । भू धातु, प्रथम गण, परस्मैपद, वर्तमानकाल, अन्य पुरुष, एकवचन ।

(1) अबोधत् (2) प्रविशति (3) अपिबत् (4) प्रणमति

(5) वदन्ति (6) गमिष्यामः

**4. अधोलिखितेषु वाक्येषु प्रयुक्तस्य स्म-प्रयोगस्य स्थाने ह्यस्तनभूतकालस्य रूपं लिखत ।**

(1) छात्राः स्वात्मानं धन्यं मन्यन्ते स्म ।

(2) देशात् जनाः अध्ययनाय आगच्छन्ति स्म ।

(3) गुप्तकाले अत्र वेदाध्ययनमपि प्रचलति स्म ।

(4) पठनं पाठनं च भवति स्म ।

(5) कथाकारः कथां कथयति स्म ।

•

# अभ्यास 4 : कृदन्तपदानि

## સંબંધક ભૂતકૃદંત અને હેત્વર્થ કૃદંત

### (1) સંબંધક ભૂતકૃદંત

અધોલિખિત વાક્યોને ધ્યાનથી વાંચો :

(1) विनीता भोजनं कृत्वा विद्यालयं गच्छति ।

(1) विनीता भोजनं करोति, ततः विद्यालयं गच्छति ।

(2) छात्राः सरस्वतीं स्मृत्वा पुराणं पठन्ति ।

(2) छात्राः सरस्वतीं स्मरन्ति तत्पश्चात् पुराणं पठन्ति ।

(3) भक्तः मन्दिरं गत्वा ईश्वरं भजति ।

(3) भक्तः मन्दिरं गच्छति, अनन्तरम् ईश्वरं भजति ।

ઉપર બે-બે પ્રકારનાં વાક્યો એકી સાથે આપ્યાં છે. તે વાક્યોમાં જે રેખાંકિત પદો છે, તે બધાં ક્રિયાપદો છે. તમે જોઈ શકો છો કે દરેક વાક્યમાં બે-બે ક્રિયાપદો છે. વળી, એક વાક્ય જે અર્થ આપી રહ્યું છે, તે જ અર્થ આપવા માટે બીજું વાક્ય વપરાયું છે. વક્તા ધારે તો એક વાક્યના બદલામાં એવો ને એવો જ અર્થ કહેવા માટે બીજું વાક્ય વાપરી શકે છે. આવા પ્રકારના વાક્યના સંદર્ભે ચાર બાબતો યાદ રાખવા જેવી છે. જેમકે,

(1) જે પહેલું ક્રિયાપદ છે, તે ગૌણ ક્રિયા હોય છે અને બીજું ક્રિયાપદ છે, તે મુખ્ય ક્રિયા હોય છે.

(2) બંને ક્રિયાઓનો કર્તા એક જ હોય છે.

(3) મુખ્ય ક્રિયા થતાં પહેલાં જ ગૌણ ક્રિયા થઈ જતી હોય છે અને આથી તે ગૌણ ક્રિયા હમેશાં ભૂતકાળની હોય છે.

આવી વિશેષતા ધરાવતા વાક્યમાં (પૂર્વક્રિયા કે) ગૌણ ક્રિયા માટે સંસ્કૃતમાં (એક તરફ करोति જેવું तिङन्तपद–ક્રિયાપદ વાપરી શકાય છે, તો બીજી બાજુ) ધાતુની સાથે क्त्वा > त्वा પ્રત્યય જોડાય છે. આ क्त्वा પ્રત્યય જોડીને જે પદો બને છે, તેમને સંબંધક ભૂતકૃદંત તરીકે ઓળખવામાં આવે છે.

નીચેનાં કેટલાંક સંબંધક ભૂતકૃદન્તનાં રૂપો જુઓ :

(1) कृ + क्त्वा > त्वा = कृत्वा ।

(2) भू + क्त्वा > त्वा = भूत्वा ।

(3) पा + क्त्वा > त्वा = पीत्वा ।

(4) खाद् + क्त्वा > त्वा = खादित्वा ।

(5) गम् + क्त्वा > त्वा = गत्वा ।

(6) दा + क्त्वा > त्वा = दत्वा ।

ઉપરનાં રૂપો જોતાં જણાય છે કે (1) કેટલાંક પદોમાં મૂળ ધાતુને સીધો क्त्वा > त्वा જોડાય છે. જેમકે, कृ + क्त्वा > त्वा = कृत्वा । (2) ક્યારેક આ क्त्वा > त्वा પ્રત્યયની પહેલાં इ એવો ધ્વનિ ઉમેરાય છે. જેમકે, खाद् + क्त्वा > त्वा = खादित्वा । અને (3) ક્યારેક ધાતુના મૂળ રૂપમાં થોડું પરિવર્તન પણ થાય છે. જેમકે, पा + क्त्वा > त्वा = पीत्वा । गम् + क्त्वा > त्वा = गत्वा વગેરે.

આ ઉપરાંત આવાં રૂપો માટે એક ખાસ વાત ધ્યાન રાખવાની છે. તે એ કે જ્યારે કોઈ ધાતુ ઉપસર્ગ સાથેનો હોય છે, ત્યારે તે ધાતુની સાથે જોડાયેલા આ क्त्वाને બદલે य મુકાય છે. જેમકે -

(1) अनु + भू + क्त्वा > य = अनुभूय ।

(2) वि + कृ + क्त्वा > य = विकृत्य ।

(3) आ + गम् + क्त्वा > य = आगत्य, आगम्य ।

ઉપરનાં રૂપો જોતાં જણાય છે કે (1) ઉપસર્ગ સાથેના ધાતુથી જોડાતા क्त्वा > य પ્રત્યયનાં રૂપોમાં મુખ્યત્વે ધાતુનું મૂળ સ્વરૂપ જળવાઈ રહે છે. (2) અલબત્ત, જ્યાં ધાતુનો અંતિમ વર્ણ સ્વર હોય અને તે હ્રસ્વ હોય, તો ત્યાં ધાતુ અને क्त्वा પ્રત્યયની વચ્ચે त् ધ્વનિ ઉમેરાય છે. જેમકે, आ + गम् + क्त्वा > य, गम् त् य = आगत्य । आ + गम् + क्त्वा > य = आगम्य ।

આગળના પાઠોમાં જ્યાં આ પ્રકારનાં પદો વપરાયાં હોય તેમાં ઉપરનો કયો નિયમ ઘટે છે, તે તપાસો અને આ પ્રકારનાં બીજાં રૂપો શીખો.

## (2) હેત્વર્થ કૃદંત

અધોલિખિત વાક્યોને ધ્યાનથી વાંચો :

(1) छात्राः पठनाय विद्यालयं गच्छन्ति ।

(1) छात्राः पठितुं विद्यालयं गच्छन्ति ।

(2) अशोकः दानाय फलं नयति ।

(2) अशोकः दातुं फलं नयति ।

(3) प्रेक्षकः हसनाय नाटकं पश्यति ।

(3) प्रेक्षकः हसितुं नाटकं पश्यति ।

અહીં જે બે-બે પ્રકારનાં વાક્યો એકીસાથે આપ્યાં છે, તે વાક્યોમાં રેખાંકિત પદો ક્રિયાપદો છે. ઉપરનાં વાક્યોની જેમ આ બધાં વાક્યોમાં પણ બે-બે ક્રિયાપદો છે. વળી, બંને વાક્યોનો અર્થ સરખો છે. એટલે વક્તા ધારે તો એક વાક્યને બદલે બીજું વાક્ય વાપરી શકે છે. આવા પ્રકારના વાક્યના સંદર્ભે ત્રણ બાબતો યાદ રાખવા જેવી છે. જેમકે,

(1) પહેલું ક્રિયાપદ ગૌણ ક્રિયા હોય છે અને બીજું ક્રિયાપદ મુખ્ય ક્રિયા હોય છે.

(2) ગૌણ ક્રિયા મુખ્ય ક્રિયાનો હેતુ (= કારણ અથવા પ્રયોજન) હોય છે.

(3) ગૌણ ક્રિયા અને મુખ્ય ક્રિયા બંનેનો કર્તા એક જ હોય છે.

આવી વિશેષતા ધરાવતા વાક્યમાં ગૌણ ક્રિયાને કહેવા માટે બે રીત છે. જેમકે, (1) पठन, दान, हसन જેવાં ક્રિયાવાચક નામોને ચતુર્થી વિભક્તિ યોજીને અને (2) જે-તે ક્રિયાના વાચક ધાતુ (જેમકે, पठ्, दा, हस् વગેરે)ની સાથે तुमुन् > तुम् પ્રત્યય ઉમેરીને. तुम् પ્રત્યય ઉમેરીને જે પદ બને છે, તેને હેત્વર્થ કૃદંત તરીકે ઓળખવામાં આવે છે. નીચેનાં કેટલાંક હેત્વર્થ કૃદંતનાં પદ જુઓ :

(1) पा + तुमुन् > तुम् = पातुम् ।

(2) दा + तुमुन् > तुम् = दातुम् ।

(3) भू + तुमुन् > तुम् = भवितुम् ।

(4) खाद् + तुमुन् > तुम् = खादितुम् ।

(5) कृ + तुमुन् > तुम् = कर्तुम् ।

(6) गम् + तुमुन् > तुम् = गन्तुम् ।

ઉપરનાં પદો જોતાં જણાય છે કે (1) કેટલાંક પદોમાં મૂળ ધાતુને સીધો तुमुन् > तुम् જોડાયો છે. જેમકે, (1) पा + तुमुन् > तुम् = पातुम् । (2) ક્યારેક આ तुमुन् > तुम् પ્રત્યયની આગળ इ ઉમેરાયો છે. જેમકે, खाद् + तुमुन् > तुम् = खादितुम् । અને (3) ક્યારેક ધાતુના મૂળ રૂપમાં થોડું પરિવર્તન પણ થાય છે. જેમકે, कृ + तुमुन् > तुम् = कर्तुम् । गम् + तुमुन् > तुम् = गन्तुम् । વગેરે.

ઉપસર્ગ સાથેના ધાતુની સાથે જ્યારે આ तुमुन् > तुम् જોડાય છે, ત્યારે કોઈ પરિવર્તન થતું નથી. જેમ કે,

(1) अनु + भू + तुमुन् > तुम् = अनुभवितुम् ।

(2) वि + कृ + तुमुन् > तुम् = विकर्तुम् ।

(3) आ + गम् + तुमुन् > तुम् = आगन्तुम् ।

આગળના પાઠોમાં જ્યાં આ પ્રકારનાં પદો વપરાયાં હોય, તેમાં ઉપરનો કયો નિયમ ઘટે છે, તે તપાસો અને આ પ્રકારનાં બીજાં રૂપો શીખો.

**વિશેષ :** ઉપર્યુક્ત બંને પ્રકારનાં સંબંધક ભૂતકૃદંત અને હેત્વર્થ કૃદંત પદો અવ્યય હોય છે. તેથી તે જ્યાં પણ વપરાય છે, ત્યાં તેમનું રૂપ એકસરખું જ રહે છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां कृदन्तपदानां प्रकारं लिखत ।**

(1) गत्वा (2) पातुम् (3) रक्षितुम् (4) समागत्य

**2. अधोलिखितेषु पदेषु संबंधकभूतकृदन्तपदानां चयनं कुरुत ।**

(1) अवलोक्य (2) ज्ञातुम् (3) भूत्वा (4) विहस्य

(5) पराजेतुम्

**3. निम्नलिखितानां कृदन्तानां प्रत्ययनिर्देशपूर्वकं प्रकारं लिखत ।**

(1) क्षन्तुम् (2) विहाय (3) परित्यज्य (4) गन्तुम्

(5) उपसृत्य (6) गृहीत्वा

**4. कोष्टकात् योग्यं पदं चित्वा रेखांकितं पदं परिवर्त्य वाक्यं पुनः लिखत ।**

(प्रविश्य, पानाय, आगन्तुम्, अनुभूय, पठितुम्, भूत्वा)

(1) सिद्धार्थः दुःखम् <u>अनुभवति</u>, संसारं परित्यजति ।

(2) मृगः जलं <u>पातुम्</u> इतः ततः धावति ।

(3) त्रीशा <u>पठनाय</u> विद्यालयं गच्छति ।

(4) शिशवः गृहम् <u>आगमनाय</u> यतन्ते ।

(5) शृगालः गुहां <u>प्रविशति</u>, शयनं करोति ।

**5. अधोलिखितानां पदानां स्थाने योग्यं कृदन्तपदं लिखत ।**

(1) पानाय ...............

(2) गमनाय ...............

(3) दर्शनाय ...............

(4) पठनाय ...............

(5) लेखनाय ...............

•

# अभ्यास 5 : समास-परिचयः

## તત્પુરુષ અને દ્વન્દ્વ સમાસ

સંસ્કૃતમાં સમાસના મુખ્યત્વે ચાર પ્રકાર છે : (1) અવ્યયીભાવ (2) તત્પુરુષ (3) બહુવ્રીહિ અને (4) દ્વન્દ્વ. આમાંથી તમારે તત્પુરુષ (કર્મધારય સિવાય) અને દ્વન્દ્વ એ બે સમાસોનો અહીં અભ્યાસ કરવાનો છે.

સમાસનો અભ્યાસ પ્રારંભ કરતા પહેલાં સમાસ એટલે શું એ જાણી લેવું જરૂરી છે. આ માટે આ વાક્ય યાદ રાખો : समसनं समासः । અર્થાત્ સમસન એટલે કે સંક્ષેપ (બે પદ મળીને એક પદ થવું) એ સમાસ છે. જેમકે, मेघस्य जलम् એમ બે જુદાં જુદાં નામપદ હતાં. એ પછી તેમનો સમાસ થતાં मेघजलम् એવું એક નામપદ બની જાય છે. એવી જ રીતે वरुणः च इन्द्रः च रुद्रः च मरुत् च એમ અનેક નામપદો હતાં, તેમનો સમાસ થતાં वरुणेन्द्र-रुद्र-मरुतः એવું એક જ નામપદ બની જાય છે. આમ બે કે તેથી વધારે નામપદોનું એક થઈ જવું તે સમાસ છે.

ઉપરનાં ઉદાહરણો જોતાં જણાય છે કે :

(1) સમાસ હંમેશાં નામપદનો નામપદની સાથે થાય છે.

(2) જુદાં જુદાં બે કે બેથી વધારે પદોનો પણ સમાસ થઈ શકે છે.

(3) જે નામપદોનો સમાસ થઈ જાય છે, તે નામપદોની સાથે જોડાયેલા વિભક્તિ પ્રત્યયોનો લોપ થાય છે, અને તેને બદલે એકલા અંતિમ નામપદને જ વિભક્તિ પ્રત્યય લાગે છે.

(4) જુદાં-જુદાં વપરાતાં નામપદો અને સમાસ થઈને વપરાતાં નામપદનો અર્થ સરખો જ હોય છે.

(5) સમાસ (જેમકે – मेघजलम्)ને છૂટો પાડવામાં આવે છે, ત્યારે જે પદાવલિ (જેમકે मेघस्य जलम्) હોય છે, તેને વિગ્રહવાક્ય કહે છે.

આટલી પ્રાથમિક સમજણ મેળવીને હવે ક્રમશઃ તત્પુરુષ અને દ્વન્દ્વ સમાસનો અભ્યાસ કરીશું.

### (1) તત્પુરુષ સમાસ

નીચેનાં વાક્યો વાંચો :

(1) सः <u>दशरथस्य</u> <u>पुत्रः</u> रामः गच्छति ।

(1) सः <u>दशरथपुत्रः</u> रामः गच्छति

અહીં પ્રથમ વાક્યમાં જે બે રેખાંકિત નામપદો વપરાયાં છે, તે જ બે નામપદો બીજા વાક્યમાં સમાસ થઈને (એટલે કે એક થઈને, સંક્ષિપ્ત થઈને) વપરાયાં છે. તમે જોઈ શકો છો કે પહેલા વાક્યમાં दशरथस्य અને पुत्रः એવાં જે બે નામપદ છે, તેમની સાથે જુદો જુદો વિભક્તિ પ્રત્યય જોડાયેલો છે. એ પછી બીજા વાક્યમાં આ બંને નામપદોનો સમાસ થઈને (दशरथपुत्रः એવો) જે પ્રયોગ થયો છે, તેમાં બંને નામોને અંતે એક જ વિભક્તિ પ્રત્યય જોડાયેલો છે. આમ થવાનું કારણ સમાસ છે. ઉપર જણાવેલા ચાર પ્રકારના સમાસ પૈકી આ તત્પુરુષ સમાસ છે. આ તત્પુરુષ સમાસના પાંચ પેટા પ્રકારો છે. જેમ કે, (1) વિભક્તિ તત્પુરુષ (2) કર્મધારય તત્પુરુષ (3) દ્વિગુ તત્પુરુષ (આ કર્મધારયનો જ પ્રકાર છે.) (4) ઉપપદ તત્પુરુષ અને (5) નઞ્ તત્પુરુષ. આ બધા જ તત્પુરુષ સમાસમાં ઉત્તર પદ એટલે કે પાછળ રહેલા પદના અર્થની પ્રધાનતા હોય છે.

**(I) વિભક્તિ તત્પુરુષ :** હવે નીચેનાં બીજાં કેટલાંક વાક્યો વાંચો :

(1) कृषकः <u>मरणासन्नः</u> अस्ति ।

(2) <u>मेघजलं</u> वर्षति ।

(3) <u>गर्वपूर्णा</u> वाणी वर्तते ।

(4) <u>कुलोचितं</u> कर्म अस्ति ।

(5) <u>दशरथपुत्रः</u> गच्छति ।

આ બધાં વાક્યોમાં રેખાંકિત પદો સમાસપદો છે. આ સમાસપદોને છૂટાં પાડતાં એટલે કે તેમનો વિગ્રહ કરતાં (मरणासन्नः) मरणम् आसन्नः, (मेघजलम्) मेघस्य जलम्, (गर्वपूर्णाम्) गर्वेण पूर्णा, ताम्, (कुलोचितम्) कुलाय उचितम्, (दशरथपुत्रः) दशरथस्य पुत्रः એવાં બે બે પદો પ્રાપ્ત થાય છે. છૂટાં પાડવામાં આવેલાં આ બધાં પદોને તમે ધ્યાનથી જુઓ. તમને જણાશે કે,

(1) છૂટાં પડેલાં બે પદોમાં જે પહેલું પદ (પૂર્વપદ) છે, તેમાં જુદી જુદી વિભક્તિઓ વપરાયેલી છે.

(2) જ્યારે જે બીજું પદ (ઉત્તરપદ) છે, તેમાં એક સરખી રીતે પ્રથમા વિભક્તિ વપરાયેલી છે.

આ રીતે એટલે કે પૂર્વપદમાં દ્વિતીયા વગેરે વિભક્તિ અને ઉત્તરપદમાં પ્રથમા વિભક્તિ ધરાવતાં જે પદોનો સમાસ થાય છે, તેને **'વિભક્તિ તત્પુરુષ'** સમાસ કહે છે. ઉપરના બધા પ્રયોગો વિભક્તિ તત્પુરુષ સમાસના છે.

આ વિભક્તિ તત્પુરુષ સમાસના વિગ્રહ વાક્યમાં પહેલું પદ (પૂર્વપદ) જે વિભક્તિનું હોય છે, તે વિભક્તિના આધારે જે તે સમાસની ઓળખ કરવામાં આવે છે. જેમકે, मरणम् आसन्नः = मरणासन्नः । અહીં मरणम् એવું પહેલું પદ દ્વિતીયા વિભક્તિમાં છે, તેથી આ તત્પુરુષ સમાસને द्वितीया तत्पुरुष તરીકે ઓળખવામાં આવે છે. આવી જ રીતે પૂર્વપદમાં તૃતીયા વિભક્તિ હોય (જેમકે, गर्वेण पूर्णा = गर्वपूर्णा), તો તેનો तृतीया तत्पुरुष, ચતુર્થી વિભક્તિ હોય (જેમ કે, कुलाय उचितम् = कुलोचितम्) તો चतुर्थी तत्पुरुष, પંચમી વિભક્તિ હોય, (જેમકે, चोरात् भयम् = चोरभयम्) તો पञ्चमी तत्पुरुष, ષષ્ઠી વિભક્તિ હોય, (જેમકે, दशरथस्य पुत्रः = दशरथपुत्रः) તો षष्ठी तत्पुरुष અને સપ્તમી વિભક્તિ હોય (જેમકે, वचने कुशलः = वचनकुशलः) તો सप्तमी तत्पुरुष તરીકે ઓળખવામાં આવે છે.

આ રીતે વિભક્તિ તત્પુરુષ સમાસ द्वितीया तत्पुरुष, तृतीया तत्पुरुष, चतुर्थी तत्पुरुष, पञ्चमी तत्पुरुष, षष्ठी तत्पुरुष અને सप्तमी तत्पुरुष એમ છ પ્રકારનો હોય છે.

**(II) ઉપપદ તત્પુરુષ સમાસ :** આ પછી હવે નીચેનાં વાક્યોને વાંચો :

(1) रोगः दोषात् जायते ।

(2) रोगः दोषजः (भवति) ।

અહીં પ્રથમ વાક્યમાં दोषात् जायते એવાં બે પદો વપરાયાં છે. આમાંનું પ્રથમ પદ નામપદ છે, જ્યારે બીજું પદ ક્રિયાપદ છે. આ બે પદો બીજા વાક્યમાં સમાસ પામીને दोषजः એ રૂપમાં વપરાયાં છે. તમે જોઈ શકો છો કે મૂળમાં રહેલું जायते એવું ક્રિયાપદ સમાસમાં जः થઈને વપરાયું છે. આ પ્રકારના સમાસને ઉપપદ તત્પુરુષ સમાસ કહે છે.

**(III) નઞ્ તત્પુરુષ સમાસ :** નીચેના પ્રયોગોને ધ્યાનથી વાંચો :

(1) अधर्मः ।  (2) असत्यम् ।

આ પ્રયોગો પણ તત્પુરુષ સમાસના છે. अधर्मः એ સમાસપદનો વિગ્રહ न धर्मः = अधर्मः એમ અને असत्यम् પદનો વિગ્રહ न सत्यम् = असत्यम् એમ થાય છે. અહીં સમાસ થયા પછી પૂર્વપદ તરીકે વપરાયેલા न પદ (न् = अ)માંથી न्નો લોપ થતાં अ બાકી રહે છે. પરંતુ જો ઉત્તરપદ કોઈ સ્વરથી શરૂ થતું હોય, તો ત્યાં न પદમાંથી न्નો લોપ થતાં જે अ બાકી રહે છે, તેની પાછળ न् ઉમેરાય છે. અનુકૂળતા ખાતર એમ પણ કહી શકાય કે સ્વરથી શરૂ થતા પદની પૂર્વે अन् ઉમેરાય છે. આથી न उचितम् = अनुचितम् તથા न आगतम् = अनागतम् એવો સમાસ થાય છે. આવા સમાસને નઞ્ તત્પુરુષ સમાસ કહે છે.

## (2) દ્વન્દ્વ સમાસ

નીચેનાં વાક્યો વાંચો :

(1) वरुणेन्द्र-रुद्र-मरुतः स्तुन्वन्ति ।

(2) रामलक्ष्मणौ वनं गच्छतः ।

ઉપરનાં વાક્યોમાં વપરાયેલાં वरुणेन्द्र-रुद्र-मरुतः અને रामलक्ष्मणौ એ બંને પદોમાં પણ સમાસ છે. આ બંને પદોનું વિગ્રહવાક્ય ક્રમશઃ वरुणः च इन्द्रः च रुद्रः च मरुतः च (= वरुणेन्द्र-रुद्र-मरुतः) અને रामः च लक्ष्मणः च (= रामलक्ष्मणौ) । એમ થાય છે. આ રીતે જે સમાસના વિગ્રહવાક્યમાં બે પદોની વચ્ચે च એવું પદ વપરાયેલું હોય છે, તે સમાસ દ્વન્દ્વ સમાસ હોય છે.

આવી જ રીતે નીચેનાં વાક્યો વાંચો :

(1) विवेकः पाणिपादम् प्रक्षालयति ।

(2) समीरः वीणामृदङ्गम् वादयति ।

આ વાક્યોમાં વપરાયેલાં पाणिपादम् અને वीणामृदङ्गम् એ બે પ્રયોગો પણ દ્વન્દ્વ સમાસના છે. તેમનો વિગ્રહ ક્રમશઃ આ પ્રમાણે છે. पाणी च पादौ च (= पाणिपादम्) । वीणा च मृदङ्गः च (= वीणामृदङ्गम्) । તમે જોઈ શકો છો કે અહીં પણ સમાસનો વિગ્રહ તો ઉપર પ્રમાણે જ છે. પરંતુ સમાસ થયા પછી બંને પ્રયોગોમાં એકવચન વાપરવામાં આવ્યું છે. (જ્યારે ઉપરનાં વાક્યોમાં ક્રમશઃ દ્વિવચન અને બહુવચન વપરાયાં છે.)

સમાસ થયા પછીની વચનની આ ભિન્નતાને કારણે દ્વન્દ્વ સમાસ બે પ્રકારનો છે. (1) इतरेतर द्वन्द्व । અને (2) समाहार द्वन्द्व । જે પ્રયોગોમાં દ્વિવચન કે બહુવચન વપરાયું હોય છે, તે પ્રયોગોમાં ઇતરેતર દ્વન્દ્વ સમાસ હોય છે, જ્યારે જે પ્રયોગોમાં એકવચન વપરાયું હોય છે, તે પ્રયોગોમાં સમાહાર દ્વન્દ્વ સમાસ હોય છે.

ઉપરના वरुणेन्द्र-रुद्र-मरुतः અને रामलक्ष्मणौ એ બે પ્રયોગોમાં ક્રમશઃ બહુવચન અને દ્વિવચન વપરાયેલું છે. તેથી આ બન્ને પ્રયોગો ઇતરેતર દ્વન્દ્વના છે, જ્યારે पाणिपादम् અને वीणामृदङ्गम् એ બે પ્રયોગોમાં એકવચન વપરાયેલું છે, તેથી આ પ્રયોગો સમાહાર દ્વન્દ્વના છે. (વળી, સમાહાર દ્વન્દ્વ સમાસ હંમેશાં નપુંસકલિંગમાં હોય છે, તે પણ ધ્યાનમાં રાખવું.)

### સ્વાધ્યાય

**1. अधोलिखितानां पदानां समासनाम लिखत ।**

(1) कुलाचारः (2) तातपुत्रौ (3) मरणासन्नः (4) भोजयुवकौ

(5) धाराधिपतिः (6) शाल्मलीतरुः (7) विपत्कालः (8) वापीजलानि

**2. निम्नलिखितानि पदानि संयोज्य योग्यं समासं विरचयत ।**

(1) सूर्य + अस्तकालम् (2) सर्व + अङ्गः (3) पृष्ठ + भागः (4) कार्य + साधिका

(5) विचार + मुद्रा (6) जन + समूहः (7) दुर्ग + अध्यक्षः

**3. क-विभागं ख-विभागेन सह संयोजयत ।**

| क | ख |
|---|---|
| (1) विचारमुद्रा | (1) इतरेतरद्वन्द्वसमासः |
| (2) वरुणेन्द्र-रुद्र-मरुतः | (2) समाहारद्वन्द्वः |
| (3) चलाचलम् | (3) षष्ठीतत्पुरुषः |
| (4) आपद्गतः | (4) द्वितीयातत्पुरुषः |
| | (5) तृतीयातत्पुरुषः |

•

# अभ्यास 6 : सन्धिः

નીચેનાં વાક્યો વાંચો -

(1) अहं जलं पातुम् इच्छामि ।

(2) तडागं गन्तुं निर्गच्छति ।

ઉપરનાં વાક્યોમાં આવેલાં अहं जलं तडागं અને गन्तुं જેવાં પદોમાં તમે જે-તે અક્ષરના માથા ઉપર મીંડું જોઈ રહ્યા છો, તેને અનુસ્વાર કહે છે. સંસ્કૃતમાં આને એક સ્વતન્ત્ર વર્ણ માનવામાં આવે છે. એનું ઉચ્ચારણ મુખ અને નાકથી મળીને થાય છે. સામાન્ય રીતે કહીએ તો આનું ઉચ્ચારણ म् જેવું થાય છે.

આ અનુસ્વાર વાક્યમાં બે પ્રકારે જોવા મળે છે. (1) વાક્યમાં વપરાયેલાં પદના અન્તમાં. જેમકે, बालकः पुस्तकं पठति । અને (2) પદ (શબ્દ)માં વચ્ચેના ભાગે. જેમ કે, दंडः । આ બન્ને પ્રકારના અનુસ્વારના સંદર્ભે સંધિના મુખ્ય નિયમો આ પ્રમાણે છે.

(1) વાક્યમાં વપરાયેલાં પદના અન્તે જો म् આવેલો હોય, અને તેની તરત પછી કોઈ વ્યંજન વર્ણથી શરૂ થતું પદ આવેલું હોય, તો આવા म्ના સ્થાનમાં અનુસ્વાર ( ं ) કરવાનો રહે છે. જેમ કે, अहं जलं पातुम् इच्छामि । આ વાક્યમાં તમે જોઈ શકો છો કે અહીં अहम् પદના અન્તે म् વર્ણ છે અને તેની પછી આવેલું પદ (जल) વ્યંજન વર્ણથી શરૂ થાય છે. તેથી આ म्ના સ્થાનમાં અનુસ્વાર થઈને अहं એ રીતે લખવામાં આવે છે. એવી જ રીતે जलंમાં પણ અનુસ્વાર થયો છે. પરંતુ पातुम्માં જે म् હતો, તેનો અનુસ્વાર થયો નથી કેમકે તેની પછી જે इच्छामि પદ છે, તેનો પ્રારંભ વ્યંજનથી નહીં, પણ સ્વરથી થાય છે. (જો અહીં પણ કોઈ વ્યંજનથી શરૂ થતું પદ હોત તો અનુસ્વાર થયો હોત. જેમ કે – अहं जलं पातुं गच्छामि ।)

(2) પદ(શબ્દ)માં વચ્ચેના ભાગે આવતા અનુસ્વારની પાછળ જો કોઈ વ્યંજન (श्, ष्, स्, ह् એ ઉષ્માક્ષર અને य्, र्, ल्, व् એ અન્તઃસ્થ વર્ણો સિવાયનો) આવેલો હોય, તો એવા અનુસ્વારને પરસવર્ણ એટલે કે અનુસ્વારની પાછળ જે વર્ગનો વ્યંજન હોય, તે વર્ગનો પાંચમો (અનુનાસિક) વર્ણ (ङ्, ञ्, ण्, न् અને म्) થાય છે. જેમકે, दंडः અહીં द ઉપર જે મીંડું દેખાય છે, તે અનુસ્વાર છે. તેની તરત પછી ड વર્ણ છે, તેથી અહીં આ ड જે વર્ગનો છે, તે વર્ગ (ट् ठ् ड् ढ् ण् – ट वर्ग)નો પાંચમો વર્ણ ण् થઈને दण्डः એમ લખાય છે.

ધ્યાન રાખો क-वर्ग એટલે क् ख् ग् घ् ङ् , च-वर्ग એટલે च् छ् ज् झ् ञ्, ट-वर्ग એટલે ट् ठ् ड् ढ् ण्, त-वर्ग એટલે त् थ् द् ध् न् અને प-वर्ग એટલે प् फ् ब् भ् म् । આ રીતે જોતાં જે અનુસ્વારની પાછળ क् ख् ग् घ् વર્ણ આવે, તો અનુસ્વારના સ્થાનમાં ङ् થાય છે. જેમકે - अंकः > अङ्कः । पंखः > पङ्खः । गंगा > गङ्गा । संघ > सङ्घः । આવી જ રીતે અન્ય વર્ગના વર્ણની સંધિ-પ્રક્રિયા પણ સમજવી.

## સ્વાધ્યાય

**1. उदाहरणानुसारं पदेषु अनुनासिकं लिखत ।**

**उदाहरणम् :** शंभुः (प-वर्ग) शम्भुः ।

(1) पंडितः (2) अहंकारः (3) चंपा (4) भंजयितुम्

**2. निम्नलिखितानि वाक्यानि अनुस्वारप्रयोगपूर्वकं पुनः लिखत ।**

(1) प्रतीक्षाम् कर्तुम् अर्हसि त्वम् ।

(2) पूर्वम् अत्र अष्टादशविद्यायाः पठनम् पाठनम् च भवति स्म ।

(3) अहम् त्वाम् कस्यचित् गुप्तचरम् मन्ये ।

(4) सत्यम् तपो ज्ञानम् अहिंसताम् च विद्वत्प्रणामम् च सुशीलताम् च ।

**3. उदाहरणानुसारं वाक्येषु अनुनासिकं परसवर्णत्वेन परिवर्त्य लिखत ।**

**उदाहरणम् :** फलं खादामि । — फलङ् खादामि ।

(1) भद्रमिदं न पश्यामि ।

(2) अश्रद्धेयं प्रियं प्राप्तं सौभद्रः ग्रहणं गतः ।

(3) स्वकीयं प्रयोजनं च संपादयति ।

(4) अहं द्वितीयं बिलं यास्यामि इति ।

•

# अभ्यास 7 : अव्ययपदानि

નીચેનાં વાક્યો ધ્યાનથી વાંચો :

(1) <u>अतः</u> <u>अत्रैव</u> निगूढो <u>भूत्वा</u> तिष्ठामि ।

(2) <u>परन्तु</u> मद्भयात् <u>न</u> <u>किञ्चित्</u> वदति ।

(3) <u>नूनम्</u> अस्मिन् बिले सिंहः अस्ति <u>इति</u> तर्कयामि ।

ઉપરનાં વાક્યોમાં જે પદો વપરાયાં છે, તે પદોમાં કેટલાંક નામપદો છે, કેટલાંક ક્રિયાપદો (तिङन्त ક્રિયાપદો) છે. આ બન્ને પ્રકારનાં પદોનો તમે આગળ અભ્યાસ કરી ગયા છો, તેથી તેમને અહીં તમે ઓળખી શકો છો. પરંતુ અહીં જે રેખાંકિત પદો છે, તેમને જુઓ. આ બધાં પદો અવ્યયપદો છે.

અવ્યયપદની ઓળખ આપતા જણાવાયું છે કે

सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु ।
वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम् ॥

અર્થાત્ જે પદ ત્રણેય લિંગમાં, બધી વિભક્તિઓમાં અને બધાં વચનોમાં વ્યય એટલે કે પરિવર્તન પામતું નથી (બલ્કે એવું જ રહે છે), તેને અવ્યય કહે છે. તમે જાણો છે કે નામપદનું કોઈ એક લિંગ હોય છે અને એ નામપદનાં સાત વિભક્તિ અને ત્રણ વચનમાં જુદાં જુદાં રૂપો થતાં હોય છે. અભ્યાસ 3માં આ વાત તમે શીખી ગયા છો અને વક્તાની વિવક્ષા પ્રમાણે તે વપરાતા રહે છે. જેમકે,

(1) छात्रः अत्र पठति ।

(2) त्वम् अत्र छात्रान् पश्यसि ।

(3) छात्राय अत्र पुस्तकं ददाति ।

ઉપરનાં વાક્યોમાં छात्र નામપદનો જુદાં જુદાં રૂપમાં પ્રયોગ થયો છે, પરંતુ ત્રણેય વાક્યોમાં વપરાયેલું अत्र પદ એક જ સરખા રૂપમાં વપરાયું છે. આવાં બધે ઠેકાણે એક જ રૂપમાં વપરાતાં શબ્દરૂપ અવ્યય હોય છે.

પ્રત્યેક પાઠના અંતે આપવામાં આવેલી ટિપ્પણીમાં જે-તે પાઠમાં વપરાયેલા અવ્યયો અને તેમનો અર્થ આપવામાં આવ્યો છે.

હવે, નીચેનાં કેટલાંક વાક્યો વાંચો :

(1) <u>नूनम्</u> (निश्चयेन) अस्मिन् बिले सिंहः अस्ति ।

(2) छात्रः <u>अत्र</u> (अस्मिन् स्थाने) पठति ।

(3) वर्षा <u>कदा</u> (कस्मिन् काले) भवति ।

ઉપરનાં વાક્યોમાં જે રેખાંકિત પદો છે, તે અવ્યયપદો છે. આ અવ્યયપદોનો જે અર્થ છે, તેવો જ અર્થ આપવા માટે વિભક્તિ અને વચન ધરાવતાં નામરૂપો કૌંસમાં આપવામાં આવ્યાં છે. આ ઉપરથી તમારે ધ્યાન રાખવાનું છે કે કેટલાક અવ્યયો એવા પણ છે કે જેમના સ્થાને વિભક્તિ-વચન ધરાવતાં નામરૂપો પણ વાપરી શકાય છે. આવાં કેટલાક અવ્યયો નીચે પ્રમાણે છે.

**अद्य** (अस्मिन् दिने), **श्वः** (आगामी दिवसः), **ह्यः** (गतः दिवसः), **इदानीम्** (अस्मिन् काले), **अधुना** (अस्मिन् काले), **सम्प्रति** (अस्मिन् काले), **यदा** (यस्मिन् काले), **तदा** (तस्मिन् काले), **कदा** (कस्मिन् काले), **सर्वदा** (सर्वस्मिन् काले), **यत्र** (यस्मिन् स्थाने), **तत्र** (तस्मिन् स्थाने), **कुत्र** (कस्मिन् स्थाने), **सर्वत्र** (सर्वस्मिन् स्थाने), **यतः** (यस्मात् कारणात्), **ततः** (तस्मात् कारणात्), **अतः** (अस्मात् कारणात्), **कुतः** (कस्मात् कारणात्), **यथा** (येन प्रकारेण), **तथा** (तेन प्रकारेण)

(**विशेष :** આગળ અભ્યાસ 5માં તમે જે સંબંધક ભૂતકૃદન્ત અને હેત્વર્થ કૃદન્ત પદોનો અભ્યાસ કરી ગયા છો, તે પણ અવ્યય જ છે.)

## સ્વાધ્યાય

**1. अधोलिखितानाम् अव्ययानाम् अर्थं लिखत ।**

(1) कुत्र (2) तदा (3) प्रातः

(4) श्वः (5) न (6) वा

**2. रिक्तस्थानानि पूरयत ।**

(1) .............. राजा तथा प्रजा । (यथा, तदा, कदा)

(2) सूर्यप्रकाशः .............. अस्ति । (सर्वत्र, कस्य, यतः)

(3) पिता .............. प्रवासं गमिष्यति । (यतः, कदा, यत्र)

(4) मम समीपम् .............. आगच्छ । (तत्र, यत्र, अत्र)

(5) .............. नर्मदा वहति ततः गङ्गा न वहति । (यत्र, कुत्र, यतः)

**3. अधोलिखितानाम् अव्ययानाम् उपयोगेन वाक्यानि रचयत ।**

**उदाहरणम् :** अत्र-तत्र । अत्र पुस्तकम् अस्ति तत्र आसन्दः अस्ति ।

(1) यदा-तदा ..................................................................

(2) यतः-ततः ..................................................................

(3) सर्वत्र ..................................................................

(4) कदा ..................................................................

• • •